સરળ ભૂગોળ.

સિંધ પ્રાંત.

મુંબઈ ઈલાકો અને હિંદુસ્તાન.

(સામાન્ય.)

કર્તા

વાસુદેવ શંકરલાલ શુકલ,

હેડ માસ્તર મ્યુનિસિપલ સ્કૂલ,

કરાંચી.

કિંમત સાડા છ આના.

EASY GEOGRAPHY OF SIND.

WITH

(Out Lines of Bombay Presidency & India)

COMPILED BY

V. S. SHUKLA.

Head Master

Municipal School, Karachi.

સિંધ પ્રાંતની સરળ ભૂગોળ.

અને

મુંબઇ ઇલાકો તથા હિંદુસ્તાન.

(સામાન્ય)

લેખક અને પ્રકાશક

વાસુદેવ શંકરલાલ શુકલ.

હેડ માસ્તર મ્યુનિસિપલ સ્કૂલ.

કરાંચી.

કિંમત સાડા છ આના.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

PRINTED AT

The Star Printing Press, Bombay Bazar, Karachi,
by Girjashanker Bhagwanji Trivedi.

AND PUBLISHED BY

V. S. Shukla, Ramswami Garikhata, Karachi.

વિક્રમ સં. ૧૯૮૭. ઇ. સ. ૧૯૩૧.

પ્રસ્તાવના.

આપણી શાળાઓમાં અપાતું ભૂગોળ શિક્ષણ કેટલેક અંશે સરળ કરવાના હેતુથી તેમજ તે વિષયને રસપૂર્વક શીખવવામાં કંઈક મદદ રૂપ થવા માટે આ ભૂગોળના પુસ્તકની યોજના કરવામાં આવી છે.

સિંધમાંની પ્રાથમિક શાળાઓમાં શીખવાતાં ઇતિહાસ અને ભૂગોળ માટે સિંધી ભાષામાં વિપુળ સાહિત્ય અને સામગ્રી હશે, પરંતુ સિંધમાં વસતાં ગુજરાતી બાળકો માટે તેવું યોગ્ય સાહિત્ય અસ્તિત્વમાં ન હોવાથી હું આ પુસ્તક લખવા પ્રેરાયો છું. અત્યાર સુધીમાં સિંધના ઇતિહાસ ભૂગોળને માટે થએલા છુટા છવાયા પ્રયત્નોમાં આ પુસ્તક ઉમેરો કરશે.

ભૂગોળના શિક્ષણમાં આજ કાલ ઘણા સુધારા થતા જાય છે. પ્રાચીન ગોખણપટ્ટીને સદંતર તિલાંજલી આપી દરેક સ્થળે બાળકોને પ્રત્યક્ષ અવલોકન કરાવી ભૂગોળના સ્વયં શિક્ષણની હિમાયત કરવામાં આવે છે. પ્રત્યક્ષ અવલોકન, માટીના નમુના, નકશા, ચિત્રો વગેરે સાધનો ઉપયોગમાં લઈ આ વિષયનું શિક્ષણ આપવાથી તે સરળ અને રસિક થવા ઉપરાંત સહેલાઇથી યાદ રહી શકે છે.

દેશ, શહેર કે સ્થળોનાં માત્ર નામ યાદ કરાવવાને બદલે દેશનું પ્રાકૃતિક વર્ણન, ભૂતળ રચના, હવા પાણી, પેદાશ, તેમાં વસતા લોકો અને લોકો પર ત્યાંનાં હવા પાણીની અસર વગેરે બાબતો ઉપરથી નૈસર્ગિક નિયમોનું બાળકોને ભાન કરાવવું એ ભૂગોળ શિક્ષણનો ઉદ્દેશ છે. આ પુસ્તક તેજ ઢબે લખવા પ્રયત્ન કર્યો છે, તે કેટલે અંશે સફળ થયો છે તેનો નિર્ણય શિક્ષણમાં રસ લેતા વાચકોજ કરી લેશે.

પ્રાથમિક શાળાના ચોથા ધોરણના અભ્યાસ ક્રમને અનુસરી આ ભૂગોળ તૈયાર કરવામાં આવી છે. આ ધોરણમાં સિંધના વિશેષ જ્ઞાન સાથે મુંબઇ ઇલાકો અને હિંદુસ્તાનની સામાન્ય ભૂગોળ શીખવવાની છે. સિંધની વિશેષ ભૂગોળના ભાગમાં શહેરો અને ગામોની હકીકત પણ વિસ્તાર પૂર્વક આપી છે. બાળકોની યોગ્યતાના પ્રમાણમાં આ હકીકત કહેવાની છે.

આ પુસ્તક લખવામાં અગાઉ પ્રસિદ્ધ થએલ રા. હેમનદાસની ભૂગોળ, રા. છોટાલાલ વિશ્વનાથ પંડયાના ભૂગોળના પાઠો અને સિંધ ગેઝેટીઅરની મદદ લીધી છે. સિંધી ભાષામાં લખાએલી ભૂગોળોનો પણ કેટલેક ઠેકાણે આધાર લીધો છે.

આ પુસ્તકમાંના નકશા અને ચિત્રોના બ્લોક બનાવવામાં વિદ્યાપ્રેમી ઉદારચિત શ્રી. વલ્લભદાસ રતનશી ગાજરીઆ, શ્રી. નરોત્તમ રતનશી ગાજરીઆ, શ્રી શિવજી વેલજી કોઠારી તથા કેટલાક અન્ય બંધુઓએ અગાઉથી સહાય કરી મારા કામને પ્રોત્સાહન આપ્યું છે. તેઓશ્રીની આવી નિઃસ્વાર્થ સહાય વડેજ આ પુસ્તકની કિંમત સાડા છ આના જેટલી ઓછી રાખવાનું બની શક્યું છે. આ રીતે તેઓએ મારા પર અને સિંધમાં ભણતાં ગુજરાતી બાળકો પર ઉપકાર કર્યો છે.

છેવટે શિક્ષક બંધુઓને વિનંતિ કરવાની કે તેઓ આ પુસ્તક વાપરી મારા આ સાહસને ઉત્તેજન આપશે, અને તેમાં રહેલી ખામીઓ તરફ મારૂં લક્ષ્ય દોરશે તો તે બીજી આવૃત્તિમાં દૂર કરવા પ્રયત્ન કરીશ.

કરાંચી તા૦ ૧૫-૨-૩૧.

કર્તા.

અનુક્રમણિકા.

સિંધ પ્રાંતની સરળ ભૂગોળ.

ભૂગોળ અને તે જાણવાની અગત્ય.

ભૂગોળ: (ભૂ=પૃથ્વી+ગોળ=ગોળો) પૃથ્વીના પૃષ્ટપરની માહીતિ. પૃથ્વીનો આકાર ગોળ (ગોળા જેવો) છે. આપણી નજર પહોંચે ત્યાં સુધી જોવાથી તે સપાટ દેખાય છે પણ તે એવી નથી. પૃથ્વીનો ગોળો એવડો મોટો છે કે તેના બહુજ થોડા ભાગ સુધી આપણી નજર પહોંચી શકે છે, માટે તે સપાટ દેખાય છે. તડબુચ પર ચાલતી માખી અને નારંગી પર ચાલતી કીડી જેમ તડબુચ અને નારંગી ગોળ હોવા છતાં તેનો માત્ર સપાટ ભાગજ જોઇ શકે છે તેમ આપણું પણ સમજવું. પૃથ્વીની પ્રદક્ષિણા કરવી હોય તો ૨૫૦૦૦ માઇલની મુસાફરી કરવી પડે. દરરોજના ૧૦ માઇલ લેખે ચાલતાં ૭ વરસમાં તેના ફરતો આંટો ફરી શકાય.

પૃથ્વીના પૃષ્ટ પર પહાડો, મેદાનો, જંગલો, દરીઆ, નદીઓ, દેશો, શહેરો, ગામડાં વગેરે આવેલાં છે. આ બધાંની માહીતિ ભૂગોળમાંથી મળે છે. વળી ભૂગોળ શીખવાથી—

૧. આપણી આસપાસ વસતા લોકો, તેમના રીત રિવાજો અને ખાસીયતો સમજાય છે.

૨. આપણા મુલકમાં તેમજ આજુબાજુ અને દૂરના મુલકોમાં થતા પાક, વનસ્પતિ અને જાનવરોની માહીતિ મળે છે.

૩. આપણા દેશમાંથી બીજા પડોશના અને દૂરના દેશોમાં કયે કયે રસ્તે મુસાફરી કરી શકાય તેમજ માલ લાવ લઇ જા થઇ શકે તેની માહીતિ મળે છે.

૪. આપણા દેશનો તેમજ આજુબાજુના આપણા સંબંધમાં આવતા દેશોનો રાજકારભાર કેવી રીતે ચાલે છે તે સમજી શકાય છે

૫. દેશની અને આસપાસના મુલકની સંપૂર્ણ માહીતિ મેળવ્યા પછી કયા કયા ધંધા, હુન્નર, ઉદ્યોગો શા કારણથી નાશ પામ્યા તે, તેમજ તેઓને સજીવન કરવાના ઉપાયો શોધી શકાય છે.

૬. અમુક શહેરની ચડતી યા પડતી કયાં ભૌગોલિક કારણોથી થઇ તે સમજી શકાય છે.


કોઇ માણસને ભૂગોળનું શિક્ષણ મળ્યું ન હોય તો ઉપરની કોઇ બાબત સંબંધી તેને કંઇ જ્ઞાન હશે નહિ. દરેક માણસને પોતાના અને આજુબાજુના મુલકોના રહેવાસીઓ જોડે એક યા બીજી રીતે સબંધમાં આવવું પડે છેજ. વળી પોતાના ધંધામાં પ્રવિણતા મેળવવા અને મનુષ્ય જીવનમાં આગળ વધવા તેને ઉપરની બાબતો ખાસ જાણવી પડે છે; માટે ભૂગોળનું શિક્ષણ નાનાં બાળકોથી માંડી મોટા માણસ સુધી આવશ્યક છે.

આપણો દેશ.


તમે બધાં જાણો છો કે આપણા દેશનું નામ **હિંદુસ્તાન** છે. તેમાં વસતા બધા લોકો હિંદી કહેવાય છે. આ હિંદુસ્તાનનું મૂળ નામ આપણી સિંધુ નદી ઉપરથી પડેલું છે. આ વિષે તમે આગળ જતાં વધારે શીખશો. આ પુસ્તકમાંથી પણ તમને આપણા દેશ વિષે સામાન્ય માહીતિ મળશે.

બીજા અને ત્રીજા ધોરણમાં તમે તમારાં શહેર, તપ્પા, તાલુકા અને જીલ્લાની ભૂગોળ શીખ્યાં. આપણો **કરાંચી** જીલ્લો તેમજ તેની આજુબાજુના બીજા જીલ્લાઓ **સિંધ વિભાગમાં** આવેલા છે તે

હિંદુસ્તાનમાં મુંબઈ ઈલાકો.



સિંધ પ્રાંત જીલ્લા અને મુખ્ય શહેરો.




પણ તમે શીખી ગયાં છો. આ વિભાગના સૌથી મોટા અમલદાર કમિશનર સાહેબ છે અને તેઓ કરાંચીમાં રહે છે.

આ સિંધ વિભાગ મુંબઈ ઇલાકાનો એક ભાગ છે. મુંબઇ ઇલાકા જેવા બીજા કેટલાક ઇલાકા તથા પ્રાંતોમાં આપણો દેશ વહેંચાએલો છે. મોટા પ્રાંતોને ઇલાકા કહે છે.

પાછળના નકશામાં જોશો તો તમને જણાશે કે આપણા દેશનો પશ્ચિમ તરફનો લાંબી પટ્ટી જેવો ભાગ તે મુંબઇ ઇલાકો છે. આ મુંબઈ ઇલાકાનો છેક ઉત્તરનો ભાગ તે આપણો સિંધ પ્રાંત છે. વળી એ નકશામાં સિંધના રાજકીય વિભાગો તેનાં મુખ્ય શહેર સાથે આપેલા છે. આ વિભાગોનાં નામ તમે ત્રીજા ધોરણમાં શીખી ગયાં છો.

અગાઉના પ્રકરણમાં આપણે જોયું કે પૃથ્વીના પૃષ્ટ પર જમીન અને પાણી જોવામાં આવે છે. બધી જમીનને એકઠી કરી હોય અને બધું પાણી એકજ જગાએ મૂકયું હોય તો જમીનના કદની સાથે સરખાવતાં દરિયાનું કદ ચિત્રમાં આપેલા કદ જેવું એટલે લગભગ ત્રણ ગણું થાય.



જમીનના મોટા ભાગને ખંડ કહે છે તેમજ દરિયાના–પાણીના મોટા ભાગને મહાસાગર કહે છે. પૃથ્વી પર આવા પાંચ ખંડો અને પાંચ મહાસાગરો છે. એશિયા ખંડ સૌથી મોટો છે. આપણો દેશ એશિયા ખંડનો એક ભાગ છે.

સિંધ પ્રાંત–સામાન્ય હકીકત.

અગાઉના પ્રકરણમાં તમે જોયું કે આપણા દેશનો પશ્ચિમ

તરફનો લાંબી પટ્ટી જેવો ભાગ તે મુંબઇ ઇલ્લાકો છે. તેની છેક ઉત્તર તરફના ભાગમાં આપણો સિંધ **વિભાગ** આવેલો છે.

હિંદુસ્તાનના વાયવ્ય ખુણામાંથી આપણા પૂર્વજો જ્યારે આ દેશમાં પહેલ વહેલા આવ્યા ત્યારે તેઓએ એક મોટી નદી જોઇ. આ નદી એવડી મોટી હતી કે તેઓ તેને સમુદ્ર કહેવા લાગ્યા. સંસ્કૃતમાં સમુદ્રનું બીજું નામ સિંધુ હોવાથી તેઓએ પાછળથી આ નદીનું નામ સિંધુ પાડયું અને તેના બંને કિનારા પરની સપાટ જમીનના ભાગનું નામ સિંધ પાડયું. આ સિંધ દેશની ઉત્તર દક્ષિણ લંબાઇ ૩૪૦ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૨૬૦ માઇલ છે. આ પ્રાંતનું ક્ષેત્રફળ **ખૈરપુર સંસ્થાનનું** ક્ષેત્રફળ બાદ કરતાં ૫૦૯૫૦ ચોરસ માઇલ અને વસ્તી ૩૨૭૮૪૯૩ માણસની છે. આખા સિંધમાં અત્યારે અંગ્રેજ સરકારનું રાજ્ય છે. અંગ્રેજોએ આ પ્રાંત મીરો પાસેથી ઇ. સ. ૧૮૪૩ માં જીતી લીધો. **ખૈરપુરનું દેશી રાજ્ય** હજી પણ મીરના તાબામાં છે.

સીમા.

આઠમા પાના પર આપેલો **સિંધનો** નકશો જોશો તો જણાશે કે સિંધની દક્ષિણે થોડા ભાગમાં દરિયો છે. તે અરબી સમુદ્ર કહેવાય છે. સિંધનો નૈઋત્ય ખુણા તરફનો સાંકડો અણીવાળો ભાગ દરિયામાં ઘુસેલો દેખાય છે તે **માંઝ** ભૂશિર કહેવાય છે. દક્ષિણ તરફના બાકીના ઉગમણા ભાગમાં કચ્છનું રણ આવેલું છે તે કચ્છને સિંધથી છુટો પાડે છે.

પશ્ચિમે **બલુચિસ્તાન** છે, તે પર્વતોની હારથી સિંધથી છુટો પડે છે. **બલુચિસ્તાનનો** થોડો ભાગ અંગ્રેજ સરકારના તાબામાં છે. બાકીના ભાગને કલાત કહે છે તેના પર ખાન રાજ્ય કરે છે. સિધની ઉત્તરે **પંજાબ પ્રાંત** આવેલો છે અને પૂર્વમાં **જેસલમેર**

તથા જોધપુરનાં હિંદુ દેશી રાજ્યો અને ભાવલપુરનું મુસલમાની દેશી રાજ્ય છે.

જમીન, ભૂરચના, કુદરતી ભાગ.

આ પૃથ્વી પર જેમ સઘળી જમીન એક સરખી સપાટ નથી પણ કોઈ જગાએ ઉંચાણ અને ટેકરા, કોઇ જગાએ સપાટ મેદાન અને કોઈ જગાએ નિચાણ હોય છે તેમ સિંધના નકશામાં જોતાં પણ બધી જમીન એક સરખી દેખાશે નહિ. પશ્ચિમ તરફનો ભાગ જુઓ તે પહાડો અને ટેકરીઓથી ભરેલો છે. કોઇ કોઇ પર્વત ઘણા ઉંચા છે. કેટલેક ઠેકાણે નાની ટેકરીઓ અને નીચી જમીન છે. પહાડી મુલક હોવાથી આ ભાગમાં ઝાઝી વસ્તી નથી. નીચી જમીનમાં જંગલો અને વસ્તી છે. આ ભાગને આપણે પહાડી ભાગ કહીશું. સિંધી ભાષામાં પહાડને માટે કોહ શબ્દ હોવાથી તેને **કોહીસ્તાન** તરીકે ઓળખવામાં આવે છે.

વચ્ચેનો ભાગ જોશો તો તે સપાટ મેદાન જેવો દેખાશે. ત્યાં કોઇ ઠેકાણે પહાડો કે ટેકરીઓ જોવામાં આવતાં નથી. પણ તેમાં નદી વહે છે. આ ભાગ સપાટ હોવાથી સિંધુ નદી તેમાં બહુજ ધીમા વેગથી વહે છે આથી આજુબાજુ તેનો કાંપ ઠરે છે અને બહુ સારી જમીન તૈયાર થાય છે. પાણી પુષ્કળ મળી શકે છે. એટલે આ ભાગમાં ખેતીવાડી બહુ સારી થાય છે અને રેલ ન આવે તો પાક કદી નિષ્ફળ થતો નથી. આ વચલા રસાળ ભાગના ઉત્તરના ભાગને **શિરો**–ઉપરનો ભાગ કહેવામાં આવે છે. અને દક્ષિણની નીચી જમીનને **લાડ** કહે છે. આ ભાગમાં જમીન ઘણી નીચી છે એટલે દરિયામાં ભરતી આવે છે ત્યારે ભરતીનું પાણી ઘણે ઠેકાણે ફરી વળે છે. આથી તે જમીન ખારવાળી છે.


સિંધનો બધો ભાગ રેતીના રણથી છવાએલો છે તેને **થરનો** મુલક કહે છે. ઉનાળામાં અહીં રેતી તપે છે અને પવનના સપાટાથી ઉડયા કરે છે. ઠામ ઠામ રેતીના ટેકરા પહાડો જેવા દેખાય છે. નકશામાં તમે આ રેતીના ટેકરા ટપકાંઓથી બતાવેલા જુઓ છો. અહીં કોઇ નદી વહેતી નથી. ઝાડ તો ત્યાં હોયજ કયાંથી? વળી વરસાદ પણ ભાગ્યેજ પડે છે. કુવા પણ ઘણા ઉંડા હોય છે. કોઇ કોઇ ગામના કુવાનાં પાણી તો આપણને ન ભાવે તેવાં ખારાં હોય છે. કોઇ વખત જયારે થોડો ઘણો વરસાદ પડે છે ત્યારે ત્યાં ઘાસ ચારો અને ખેતી થાય છે. વરસાદ નથી પડતો ત્યારે કાંઇ પાક થતો નથી. માણસો અને ઢોરોની બહુ કફોડી હાલત થાય છે. આટલા માટેજ સિંધીમાં કહેવત છે કે "વઠો તો થર ન તો બર" એટલે જો વરસાદ થાય તોજ થરમાં આનંદ અને સુખાકારી છે નહિ તો કેવળ ભૂખમરો અને પાયમાલી છે.

ઉત્તર તરફ આ ટેકરાઓ નાના અને નિચાણમાં છે તેથી તેમાં ઠેર ઠેર પાણીનાં ખાબોચીઆં અને તેને અંગે જંગલો તેમજ ઘાસ જોવામાં આવે છે.

ઉપર પ્રમાણે સિંધના **કોહીસ્તાન, શિરો, વચલો, લાડ** અને **થર** એવા કુદરતી ભાગો પડે છે.

સિંધના નકશામાં હાલ જેવી જમીન આપણને દેખાય છે તેવી અસલ નહોતી. ઘણાં વરસ પહેલાં સિંધ અને સિંધની પૂર્વમાંના મુલકમાં ઘણે દૂર સુધી દરિયો ઘુઘવતો હતો. ત્યાર પછી જ્વાળામુખી અને ધરતીકંપથી દરિયો પાછો હઠયો, હિમાલય પહાડ નીકળી આવ્યો તેમાંથી નદીઓ વહેવા લાગી અને આપણી સિંધુ નદીએ કાંપ લાવી ઠાર્યો એટલે સિંધ પ્રાંત બન્યો.

કચ્છનું રણ તો હમણાં થોડાં વરસો પરજ બનેલું જણાય છે.



કુદરતી ભાગ, પવતે, નદીઓ, સરોવર, ઝરણુ, અને બેટ.

એમ માનવામાં આવે છે કે અગાઉ **સિંધુ** યા તો બીજી કોઈ નદી (ઘણા માણસો તેને હકરા નદી માને છે.) કોરી ખાડી પાસે **કચ્છના અખાતને** મળતી હતી. આ નદીના જળમાર્ગ વાટે **સિંધ** અને કચ્છ બંને દેશો જોડાએલા હતા અને નદીનો પૂર્વ ભાગ ઘણો ફળદ્રુપ હતો તેથી ત્યાં સારાં શહેરો અને બંદરો હતાં.

પાછળથી નદીનું વહન બદલાવાથી અને બીજાં કારણોથી હાલના કચ્છના રણને ઠેકાણે દરિયો ફરી વળ્યો. પછી દરિયો ખસવાથી રણ થયું. આથી અગાઉનું **સિંદરી બંદર** નાશ પામ્યું અને અગાઉના કેટલાંક આબાદ શહેરો પણ પડી ભાગ્યાં.

પર્વતો.

સામેના પૃષ્ટ પરનો નકશો જુઓ. **સિંધની** પશ્ચિમ તરફની સરહદ પર પર્વતની એક લાંબી હાર જણાય છે. આ પર્વતો **ખીરથર** પર્વતની હાર કહેવાય છે. ઉત્તરમાં તે **લાડકાણા અને ઉત્તર સરહદ જીલ્લાની** પશ્ચિમમાંથી શરૂ થઇ દક્ષિણમાં ઠેઠ **કરાંચી** સુધી પહોંચે છે. આ પર્વતની હાર એકજ નથી પણ નાની મોટી ઘણી હારો મળીને **સિંધ** અને **બલુચિસ્તાન** વચ્ચેનો પહાડી પ્રદેશ બનેલો છે, આમાં **પબ, ખીરથર** અને કરૂ એ મુખ્ય પર્વતો છે. આ હારને અંગ્રેજો અગાઉ **હાલા પર્વતની હાર** કહેતા. એની ઉંચાઇ સઘળે સરખી નથી. વધારેમાં વધારે ઉંચાઇવાળો ભાગ લાડકાણા જીલ્લામાં છે. તે સમુદ્રની સપાટીથી આશરે ૬૦૦૦ ફૂટ ઉંચો છે. તે ઉંચો ભાગ દાહ્યારો શિખર કહેવાય છે. આ શિખરનો ઉંચામાં ઉંચો ભાગ ***કુત્તેજી કબર** (કુતરાની ઘોર) ને નામે ઓળખાય

---

*કુત્તેજી કબર બાબત એમ વાત ચાલે છે કે આગળના વખતમાં કોઇ મુસાફર પોતાના કુતરા સાથે આ પર્વત પર થઇ જતો હતો. પણ રસ્તે ભૂલો પડયો અને મરણ પામ્યો. કુતરો આ ખબર તેનાં

છે તે આનાથી પણ ૧૦૦૦ ફૂટ વધારે ઉંચો છે. આ ભાગની હવા બહુ સારી હોવાથી અગાઉ અહીં એક સેનીટોરીયમ બાંધવાની યોજના થએલી પણ પાછળથી પીવાના પાણીની અને મુસાફરીની અડચણે બંધ રાખવી પડી હશે એમ લાગે છે.

ખીરથરની શાખા સેવાણ પાસે છે તે **લક્કી** કહેવાય છે. અગાઉ આ **લક્કી પર્વતની** તળેટીને ધસાઇને સિંધુ નદી વહેતી પણ તે અમુક માઇલ આઘી ખસી ગઇ છે. અત્યારે આ પર્વત અને નદીની વચ્ચે થઇ રેલ્વે માર્ગ જાય છે. આ રેલ્વે માર્ગ એવા સાંકડા ભાગમાં થઇ પસાર થાય છે કે મુસાફરી કરનારને એક બાજુ નદીમાં અને બીજી બાજુ પર્વતની ઉંડી ગુફાઓમાં પડી જવાની ધાસ્તી લાગે. **લક્કી** પાસે ઉના પાણીનાં ×ઝરણ છે. ત્યાંનું પાણી સફેદ છે. કારણ કે તેમાં ચુનો મળેલો છે. અહીં શિવનું મંદિર છે અને દર વરસે મેળો ભરાય છે.

ખીરથરની ત્રીજી શાખા **કરાંચી જીલ્લામાં** છે તે **કોહીસ્તાન** કહેવાય છે. કોહીસ્તાનના પહાડોની શાખાઓ છેક **કરાંચી** શહેર પાસે છે. ત્યાં **મંગોપીર** પાસે ઉના પાણીના કુંડ છે એ તમે અગાઉ શીખી ગયાં છો. જુદી જુદી ટેકરીઓની નીચેની ગરમ

સગાંવહાલાંને જણાવવા ગયો અને બધાંને ધણીના મુડદા પાસે લઇ આવ્યો. આ નિમકહલાલ પ્રાણીએ પછી ત્યાંજ દેહ છોડયો. આ કુતરાની નિમકહલાલી જોઇ તે મુસાફરનાં સગાં વહાલાંએ ત્યાં કબર ચણાવી એ સ્થળને કુતરાની ઘોર એવું નામ આપ્યું. અદ્યાપિ પર્યંત ત્યાં ઘોર જોવામાં આવે છે.

×કેટલીક વખત વરસાદનું પાણી જમીનમાં સમાઇ જાય છે પછી તે પોચી જમીનમાં વહેતું વહેતું કોઇ જગાએ બહાર નીકળે છે તેને ઝરણ કહે છે.



મંગોપીર.

જમીનમાં થઇ આવતાં આ પાણીમાં લોઢું, ગંધક, ચુનો વગેરે પદાર્થો ભળે છે. એટલે પાણી ગરમ અને ફાયદાકારક બને છે. ચામડીના રોગો જેવા કે ખસ, લુખસ, કોઢ, રક્તપિત્ત વગેરે રોગો પર આ પાણી સારી અસર કરે છે. માટે મંગોપીર ઉપર એક કોઢીઆંની હોસ્પીટલ બંધાવવામાં આવી છે.

મંગોપીરને ઘણા લોકો મગરપીર પણ કહે છે કારણ કે તેની પાસે આવેલા કુંડમાં ઘણા મગરો છે.

આવાં ઝરણ કરાંચી જીલ્લામાં જમ્પીર પાસે પણ છે. અહીં પણ શિવનું મંદિર છે અને દર વરસે મેળો ભરાય છે.

કરાંચી જીલ્લામાં બીજો ટેકરાવાળો ભાગ ઠઠ્ઠા પાસે છે તે મકલી ટેકરી કહેવાય છે. મકલી ટેકરી પર ઘણી કબરો છે. તેથી તેને સવા લાખ પીરોની કબરોવાળી મકલી ટેકરી કહે છે.



મકલી ટેકરી-પ્રવેશ દ્વાર.

જે ટેકરી પર હૈદ્રાબાદ શહેર બાંધેલું છે તે પણ **ખીરથર** પર્વતની શાખા હોય તેમ જણાય છે. **હૈદ્રાબાદની** દક્ષિણના ટેકરાને ગાંડો કે **ગાંજો** ટેકરો કહે છે. બોડા માથાને સિંધીમાં ગંજો કહે છે તે પરથી આ ટેકરાનું નામ પડયું હોય તેમ લાગે છે. કારણ કે તે ઝાડપાન વગરનો બોડો છે.


હૈદ્રાબાદ શહેર સિંધુ નદીના ડાબા કાંઠા પર છે. અહીંથી કાંઠે કાંઠે ઉત્તરમાં ચાલ્યા જઇએ તો **રોહરીની ટેકરી** આવે. ટેકરી પર **રોહરી** શહેર બાંધેલું છે. ટેકરીનો થોડો ભાગ નદીની વચ્ચે બેટ જેવો છે. ત્યાં અગાઉ કિલ્લો હતો. હાલમાં તે નાશ પામ્યો છે. **રોહરીને** સામે કાંઠે સખ્ખર પાસે **આદમશાની ટેકરી** છે.

આ સિવાય **થરની** અગ્નિકોણમાં **નગરપારકર** પાસે **કારૂંઝર ટેકરી** છે.


નદીઓ.

સિંધુ નદી:—સિંધમાં મુખ્ય નદી સિંધુ છે. તેનું મૂળ **હિમાલય** પર્વતમાં **કૈલાસ** શિખર પાસે આવેલા **માન સરોવરમાં** છે. **હિમાલય** પર્વતમાંથી નીકળી તે વાયવ્ય ખુણામાં **કાશ્મિરના** પહાડી ભાગમાં થઈ પસાર થાય છે ને **પંજાબ** તથા **સિંધમાં** થઇ છેવટે **શાહુબંદર** તાલુકામાં **અરબી સમુદ્રને** મળે છે. આ નદીનો આશરે ત્રીજો ભાગ **સિંધમાં** વહે છે. **હિંદુસ્તાનની** મોટામાં મોટી નદીઓમાંની તે એક છે. તેની લંબાઈ ૧૮૦૦ માઇલ છે. **કાશ્મિરથી** દક્ષિણમાં આવતાં તેને પૂર્વ પશ્ચિમ બંને તરફથી ઘણી નદીઓ મળે છે તેથી તેમજ **હિમાલય** પર હમેશ બરફ રહે છે તે ઉનાળામાં પીગળે છે ત્યારે **સિંધુમાં** ખૂબ પૂર આવે છે ને આસ-પાસના મુલક પર બધે પાણી ફરી વળે છે. આથી ઘણું નુકસાન થાય છે. આવી છેલ્લી મોટી રેલ સને ૧૯૨૭ માં આવી હતી. તેથી સિંધનાં ઘણાં ગામડાં નાશ પામ્યાં હતાં. આ વરસે (૧૯૩૦) પણ **સિંધુમાં** રેલ આવી હતી. **શિકારપુર** શહેર ડૂબી જવાના ભયમાં હતું તેથી લોકોએ તે આખું શહેર ખાલી કર્યું હતું. જો કે શહેર બચવા પામ્યું છે તો પણ આજુબાજુનાં ઘણાં ગામડાં નાશ પામ્યાં છે.

ઉપર પ્રમાણે રેલથી નુકસાન થવા ઉપરાંત **સિંધમાં** નદીનો કિનારો પોચો હોવાથી તે હમેશાં પોતાનો વહેવાનો માર્ગ બદલ્યા કરે છે. ઘણીવાર તેમાંથી બીજી શાખા નદીઓ વહે છે. નકશામાં તમે **સિંધુની** પૂર્વે અને પશ્ચિમે આવી શાખા નદીઓ જુઓ છો તે અનુક્રમે **પૂર્વનાળો** અને **પશ્ચિમનાળો** કહેવાય છે. આવી રીતે નદીનું પાણી બીજે માર્ગે વહેવા લાગે તેને સિંધીમાં **વાહુ** કહે છે. સિંધુ નદીનું આ રીતે વહન બદલાવાથી અગાઉનાં ઘણાં શહેરો નાશ પામ્યાં છે. પૂરથી થતું નુકસાન અટકાવવાને બંને કાંઠા પર ઘણે ઠેકાણે બંધ બાંધ્યા છે તેમાં **કશ્મોરનો** બંધ મુખ્ય છે.



રોહરી પાસે સિંધુ.




લેન્સડાઉન પૂલ.

સિંધુ નદી સિંધમાં થોડાએક માઇલ વહ્યા પછી સખ્ખર પાસે પહોંચે છે. તેની પહોળાઇ કેટલેક ઠેકાણે લગભગ એક માઇલ જેટલી છે. સખ્ખરને સામે કાંઠે રોહરી છે.

સખ્ખર પાસેની ટેકરીનો અમુક ભાગ આ ઠેકાણે નદીની વચ્ચે છે તે બખ્ખર બેટ તરીકે જાણીતો છે. બેટ કોને કહેવાય તે તમે અગાઉ શીખ્યાં છો. આ બેટ ઉપર સખ્ખર અને રોહરીની વચ્ચે એક પૂલ બાંધ્યો છે તેને લેન્સડાઉન પૂલ કહે છે.

બખ્ખર બેટ પર અગાઉ એક કિલ્લો હતો. તે શાહબેગ અર્ગુને ત્યાં વસતા સૈયદોને હાંકી કાઢી બંધાવ્યો હતો.


બખ્ખર બેટની પાસે ઝીંદાપીર નામે બીજો બેટ છે. ત્યાં ઉદ્દેરોલાલ અથવા ખ્વાજા હુસનની જગા છે. હિંદુ મુસલમાન



સિંધુ નદીના બેટ.

બંને કોમોની આ પવિત્ર જગા મનાય છે. અહીં દર વરસે મેળો ભરાય છે.

વળી બીજા પણ નાના નાના બે બેટો છે. તે પણ નદીની વચ્ચો વચ્ચ આવેલા છે તેને સાધબેલો અને ધીનબેલો કહે છે.



સાધબેલા.

હમણાં તેઓ બંને ભેગા થઇ ગયા છે એટલે બંનેનું ભેગું નામ સાધબેલો કહેવામાં આવે છે. ત્યાં વસતા સાધુઓના રહેઠાણ પરથીજ આ બેટનું નામ સાધબેલો પડ્યું છે.

સિંધુનું પાણી નાશકારક રીતે ફેલાતું અટકાવવાને ઘણે ઠેકાણે નહેરો ખોદી છે. આથી બે રીતે ફાયદો થાય છે. એક તો તેથી નુકસાન થતું અટકે છે અને નહેરોના પાણીથી જમીન રસાળ થાય છે.

આ નદીમાં પાણી હમેશાં ડહોળું હોય છે. કારણ કે તે પોતાના પ્રવાહ સાથે ઘણી માટી ઘસડી લાવે છે ને તે મુખ આગળ ઠાલવે છે તેથી દરિયાને મળતાં તેના ઘણા ફાંટા થઇ જાય છે. આ ફાંટાઓની વચ્ચે ત્રિકોણાકાર પ્રદેશો બને છે તેને **ડેલ્ટા** કહે છે. સિંધુ નદીના **ડેલ્ટા** આ રીતે કાંપ ઠરવાથી બનેલા છે.

સિંધુ નદી સિંધના સપાટ મેદાનમાં વહે છે તેથી તેનો વેગ ઘણો ધીમો છે. આથી તેમાં નાની આગબોટો, વહાણો ને હોડીઓ ચાલી શકે છે. આ રીતે કાંઠા પરનાં શહેરોના **જળમાર્ગ** તરીકે તે ઉપયોગી છે.

હબ નદી:—સિંધની પશ્ચિમની હદ પર બીજી એક નાની નદી છે તે **હબ** નદીને નામે ઓળખાય છે. તે **ખીરથર** પર્વતમાંથી નીકળી **માંઝ** ભૂશિર પાસે **અરબી** સમુદ્રને મળે છે. ચોમાસામાં તે પૂર જોશમાં વહે છે પણ ઉનાળામાં તે ઘણે ખરે ઠેકાણે સુકાઇ જાય છે.

નઇંઓ.

નદી કોને કહે છે, તે કેમ બને છે, અને શા ઉપયોગની છે તે તમે ત્રીજા ધોરણમાં શીખી ગયાં છો. આપણે સિંધ પ્રાંતની નદીઓ જોઇએ. આખા નકશામાં ઉત્તર દક્ષિણ વહેતી સૌથી મોટી નદી સિંધુ વિષે તમે વાંચી ગયાં છે. **સિંધની** ખેતીનો બધો આધાર આ નદી પર છે. કારણ કે આ દેશમાં વરસાદ બહુજ થોડો અથવા ભાગ્યેજ વરસે છે. સિંધુ નદી જો **સિંધમાં** થઇને વહેતી ન હોત તો તે એક ઉજડ મેદાનજ હોત. **સિંધમાં** ઉપર જણાવી તે ઉપરાંત બીજી પણ કેટલીક નદીઓ છે. કેટલીક નદીઓ બારે માસ વહે છે. જયારે કેટલીક માત્ર ચોમાસામાંજ વહે છે. **આવી ચોમાસામાં વહેતી નદીઓને સિંધમાં નઇં કહે** છે.

પશ્ચિમ તરફના **કોહીસ્તાન** ભાગમાંથી આવી ઘણી નદીઓ સિંધુ નદી તરફ વહે છે. **લાડકાણા** જીલ્લાની બધી નદીઓનું પાણી સરોવરમાં જાય છે.

સિંધમાં મોટામાં મોટી ત્રણ નદીઓ છે. ૧ ગાજ. તે **ખીરથર** પર્વતમાંથી નીકળી પશ્ચિમ નાળામાં વહે છે. ૨ **ભારન. કોટ્રી** પાસે છે. તે **સિંધુમાં** વહે છે. ૩ **મલીર.** તે **કરાંચી** પાસે દરિયાને મળે છે. **મલીર** નઈ પર ખેતી ઘણી થાય છે. કારણ કે તેના ×**પાત્રમાં** પાણી ઘણું છે. અહીં ઘણા કુવા ખોદવામાં આવ્યા છે તેમાંથી **કરાંચી** શહેરને પાણી પૂરૂં પાડવામાં આવે છે. આ ઉપરાંત **મોહન** નઇ **રનીકોટમાંથી** નીકળી **સન** ગામની પાસે **સિંધુને** મળે છે. અને **લ્યારી કરાંચી** પાસે છે. તે સિવાય નાની નાની નઇઓ તો અનેક છે.


નઇઓમાં ચોમાસામાં વરસાદ પડવાથી ઓચિંતું પૂર આવે છે તેથી ઘણું નુકસાન થાય છે. આજુબાજુનાં નાનાં ગામડાં તેમાં ડૂબી જાય છે અને કોઈ કોઇ વેળા તો માણસો ને ઢોરો તણાઇ જાય છે.

સરોવર.

કુદરતી રચનાના નકશામાં જોવાથી તમને સરોવરો ક્યાં ક્યાં છે તે જણાશે. નકશામાં તે સ. થી બતાવેલાં છે. જેમકે **મખી સ.=મખીસરોવર. સિંધમાં** સરોવરો ઘણાં છે. તેમાં નીચેનાં મુખ્ય છે.

(૧) **મંછર**:—**લાડકાણા** જીલ્લામાં છે. **સિંધમાં** આ સૌથી મોટું **સરોવર** છે. તેની લંબાઇ ૨૦ માઇલ અને પહોળાઇ ૧૦ માઇલ છે. **સિંધના** મોટા અમલદારો અહીં શિકાર કરવા આવે છે. કારણ કે સરોવરમાં માછલાં

×નદીના બંને કાંઠાની વચ્ચેની જમીન જેમાં થઇને પાણી વહે છે તેને નદીનું **પાત્ર** કહે છે.



મંછર સરોવર.

ઉપરાંત બતક અને બીજાં જાનવરો ઘણાં છે. પઓડા અને બે પણ અહીં બહુ થાય છે. કિનારા પર માટી ચીકણી હોવાને લીધે ખેતી સારી થાય છે. વરસાદ વરસે છે ત્યારે પહાડી ભાગમાંથી તેમાં ઘણું પાણી આવે છે. વળી પશ્ચિમનાળો અને અરલમાંથી પણ તેમાં પાણી આવે છે. જ્યારે સિંધુ નદીમાં પાણી ઉતરી જાય છે ત્યારે આ સરોવરનું કેટલુંક પાણી અરલ નહેર વાટે પાછું સિંધુમાં જાય છે.

(૨) કંજોરી અને સોનેરી સરોવર ઠઠ્ઠા અને ઝરખ વચ્ચે ટેકરીઓની તળેટીમાં છે.


(૩) હાલેજી સરોવર કરાંચી જીલ્લામાં ઠઠ્ઠા પાસે આવેલું છે.

(૪) સુમરી સરોવર થરપારકરમાં છે.

(૫) **મખી** સરોવર. એ **થરપારકરમાં** મોટામાં મોટું સરોવર છે. તેની લંબાઇ ૧૨ માઇલ અને પહોળાઇ ૧૦ માઇલ છે. આમાં પૂર્વનાળો, થર અને બીજી નહેરોનું પાણી આવે છે. આ સરોવર પાસેનાં જંગલોમાં અગાઉ હુર જાતના લુંટારાઓનું રહેઠાણ હતું.

દરિયા કિનારો.


સિંધમાં દરિયા કિનારો ઘણો થોડો છે. નકશામાં જુઓ તે કેવો ખાંચા ખાંચાવાળો છે! પશ્ચિમે **માંઝ** ભૂશિર પાસેનો કિનારો સખત છે. ત્યાર પછી દક્ષિણ તરફ તે પોચો થતો જાય છે. **માંઝ** ભૂશિરથી પૂર્વ તરફ દરિયા કિનારે આગળ ચાલીએ તો **મ્હારીપુરના મીઠાના અગર, લ્યારી નદીનું મુખ, મનોરા બેટ** અને **કેમારી** બંદર આવે છે. **કેમારી** બંદરથી પૂર્વમાં **કરાંચી** શહેરથી લગભગ ૪ માઇલ દૂર **હુવા** બંદર છે. અહીં દરિયો રેતાળ હોવાથી આ ભાગ



હુવા બંદર.


ઘણો રમણીય છે. કિનારાની ઉંચી જમીન પર ઘણા માણસોએ બંગલા બાંધેલા છે. તેમાં તેઓ ઉનાળામાં રહે છે. હવા બંદરથી પૂર્વમાં થોડે છેટે **મલીર** નદીનું મુખ છે. પછી આગળ ચાલતાં પૂર્વ ભાગમાં સિંધુ નદી અનેક શાખાઓ વાટે દરિયાને મળે છે. શાખાઓ વચ્ચે જયાં ત્યાં ડેલ્ટા છે. અહીં જમીન નીચી હોવાથી દરિયાનું પાણી કિનારા પર પાંચ છ માઈલ જેટલે દૂર ફરી વળે છે. સિંધુના મુખ આગળ દરિયાના પાણીમાં વમળ થાય છે. આ ભાગને ઘોડાબારીનો દરિયો કહે છે. ત્યાંથી આગળ જતાં પૂર્વમાં **કોરી** ખાડી આવે છે. ત્યાં સિંધના દરિયાની હદ પૂરી થાય છે.

બેટ.




મનોરાની દીવાદાંડી

સિંધમાં બેટ બે પ્રકારના છે **(૧) નદીના (૨) સમુદ્રના.** નદીના બેટોમાં **બક્ખર, ઝીંદાપીર** અને **સાધબેલો** મુખ્ય છે. તે ઉપરાંત **કરાંચી** પાસે દરિયામાં **મનોરા** બેટ આવેલો છે. ત્યાં ટેકરી પર કિલ્લો છે. તેમાં લશ્કર અને દારૂગોળો રાખવામાં આવે છે. અહીં શિવનું એક મંદિર છે. તેનો દર વરસે ચૈત્ર સુદ બીજે મેળો ભરાય છે. આગબોટો અને વહાણોને બંદરમાં સહી-સલામત લાવવા માટે ત્યાં ખડક પર દરિયામાં એક દીવાદાંડી બાંધેલી છે.


સિંધ પ્રાંત. નહેરો.
પશ્ચિમ નાળો
પૂર્વ નાળો
ફુલેલી
કચ્છ
રણ

સિંધ પ્રાંત: નવી નહેરો.



મનોરાની પાસે ભાલો અને ભીટ નામના ઘણા નાના બેટો છે. તે બહુ અગત્યના નથી.

સિંધ પ્રાંતની નહેરો.

પાછળના પૃષ્ટ પરનો નકશો જુઓ. સિંધુ નદી જેને વિષે આપણે અગાઉ વાંચી ગયાં છીએ તે પણ નકશામાં જુઓ. આ નદીમાંથી કાંઠાને ભેદી બંને બાજુએ નદીની પેઠે વહેતા પૂર્વનાળા અને પશ્ચિમનાળા ઉપરાંત તેમાંથી ઘણા ફાંટા કાઢેલા તમે જોઇ શકો છો. આ ફાંટાઓ તે સિંધની નહેરો બતાવે છે.

કરાંચી જીલ્લાની ભૂગોળ શીખતી વખતે તમે નહેરો કોને કહે છે તે શીખી ગયાં છો. તમે જાણો છો કે સિંધમાં વરસાદ ઘણો થોડો આવે છે અને ખેતીનો બધો આધાર સિંધુ નદી પર છે. સિંધુનું પાણી દૂરના પ્રદેશમાં પહોંચાડવા માટે તેના બંને કાંઠામાંથી ઘણી નહેરો ખોદેલી છે. આવી રીતે નદીથી દૂરના ભાગમાં પાણી પહોંચાડવાને માણસોએ ખોદીને પાણીનો રસ્તો બનાવ્યો હોય તેને નહેર કહે છે. સિંધમાં નહેરને વાહ્ કહે છે. જ્યાં જ્યાં નદીનું પાણી પોતાની મેળેજ બીજે માર્ગે વહે છે તેને (સ્વાભાવિક નહેરોને) સિંધમાં ફાટ કહે છે.

અંગ્રેજી રાજ્ય થયા અગાઉ સિંધમાં નહેરો ઘણી ઓછી હતી અને તે સારી હાલતમાં ન હતી. અંગ્રેજી અમલ દરમ્યાન નહેરોમાં ઘણો સુધારો થયો છે.

સિંધુમાંથી કઇ કઇ નહેરો અને ફાટો નીકળે છે તે તેમજ તે ક્યાં ક્યાં થઇ વહે છે તે તમે નહેરોના નકશા પરથી સમજી શકશો.

જમણા કાંઠાની ફાટો:—ઘાર, પશ્ચિમનાળો, ભગાર, ઓચતો (હુજામરો).

ડાબા કાંઠાની ફાટોઃ—પૂર્વનાળો, ફુલેલી, પીંજારી.

આમાંની ભગાર, ફુલેલી અને પીંજારીને સુધારી નહેરો બનાવવામાં આવી છે.

જમણા કાંઠા પરની નહેરોઃ—શાહી, બેગારી, સિંધ, સખ્ખર, કલરી.

ડાબા કાંઠા પરની નહેરોઃ—નસરત, નવલખી, ધાધ, સરફેરાજ, જમરાઉ અને મીઠરાઉ.

આ સિવાય નાની નાની ઘણી શાખા નહેરો છે. જેમ થડમાંથી ડાળાં ડાળીઓ, શાખાઓ ને કુંપળો ફુટી નીકળે છે તે રીતે આ નહેરોમાંથી નાની નાની નહેરો પણ કાઢેલી છે. નહેરોથી પાણીની સગવડ ઉપરાંત તેઓમાંની ઘણી જળમાર્ગ તરીકે વપરાય છે.

નકશા ઉપરથી તમે એ પણ કહી શકશો કે દરેક જીલ્લામાં કઇ કઇ નહેર અથવા શાખા નહેર આવેલી છે.

દરેક જીલ્લામાં મુખ્ય નહેરો (વાહ) ફાટ નીચે મુજબ છે.

જીલ્લાનું નામ.	વાહ, ફાટ.
ઉત્તર સરહદ. ...	શાહીવાહ, ઉનડવાહ, બેગારી.
સખ્ખર જીલ્લો ...	સખ્ખર, સિંધ, ઘાર
લાડકાણા જીલ્લો ...	પશ્ચિમનાળો, ઘાર, અરલ.
કરાંચી જીલ્લો ...	ભગાર, કલરી, સત્તા, ઓચતો, પીંજારી.
હૈદ્રાબાદ જીલ્લો ...	ફુલેલી, સરફેરાજ.
નવાબશાહ જીલ્લો...	નસરત, નવલખી.
થરપારકર જીલ્લો...	જમરાઉ, મીઠરાઉ.


આટલી નહેરો હોવા છતાં સિંધમાં ઘણી જમીન પાણીના અભાવે પડતર રહે છે. આ ભાગમાં પાણી પહોંચાડવા માટે સિંધુ

નદીનું વધારાનું પાણી ત્યાં નહેરો વાટે પહોંચાડવું જોઇએ. કારણ કે ઉપર જણાવેલી નહેરોમાં પાણી પૂરૂં પાડવા છતાં સિંધુ નદીનું ઘણું પાણી દરિયામાં નકામું વહી જાય છે. આ માટે સરકારે હાલમાં સખ્ખર બેરેજની યોજના હાથ ધરી છે. સખ્ખર પાસે સિંધુ નદી ટેકરીઓમાં થઈ વહે છે. ઘણા વખતથી સખ્ખર અને રોહરી વચ્ચેની નદીએ આ કારણથી પોતાનો મૂળ પ્રવાહ બદલ્યો નથી. માટે સખ્ખર બેરેજ બાંધવા આ જગા પસંદ કરવામાં આવી છે. અહીં એક મોટી ૬૦ દરવાજાવાળી બેરેજ બાંધવામાં આવે છે. બેરેજની બંને બાજુએ એકેક રેગ્યુલેટર બંધાય છે. આ રેગ્યુલેટરો થી પાણીની સપાટી જોઇતી ઉંચાઇએ રાખી શકાશે. એટલે જરૂર પડતાં જોઇતું હશે તેટલું પાણી નહેરોમાં મોકલી શકાશે. લગભગ ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે ઘણાં વરસે આ યોજના પૂરી થશે. અત્યારે હજારો માણસો ત્યાં રાત દિવસ કામ કરે છે. આથી અહીં બે તો શહેરો થઇ ગયાં છે. તેઓને ટાઉન શીપ્સ કહે છે. સામેનો નકશો જુઓ. તેમાં સખ્ખર અને રોહરી વચ્ચેની સિંધુ નદી બતાવી છે. બેરેજ (બંધ) કયાં બંધાય છે તે નદીની વચ્ચે પાતળી લીટીથી બતાવ્યું છે.

અહીંથી ડાબે કાંઠે ચાર અને જમણે કાંઠે ત્રણ નહેરો ખોદાય છે. આ યોજના લગભગ ૫ વરસ પછી પૂરી થશે અને અત્યારના કરતાં લગભગ બમણી જમીન ફળદ્રુપ થશે.

નકશામાં બતાવેલી બંને કાંઠાની નહેરો જુઓ અને તેઓનાં નામ પણ શીખો.

(૧) ડાબા કાંઠા પરની પહેલી નહેર પૂર્વનાળામાં પાણીની ભરતી કરશે. બીજી અને ચોથી ખૈરપુર સ્ટેટને પાણી પુરૂં પાડશે. જ્યારે વચ્ચેની અથવા ત્રીજી રોહરી અને હૈદ્રાબાદ વચ્ચે હંમેશાં વહેશે. આ નહેર "રોહરી



કેનાલ " કહેવાશે તેની લંબાઇ ૧૮૭ માઇલ છે. સિંધમાં અને હિંદુસ્તાનમાં પણ મોટામાં મોટી નહેર આ થશે.

(૨) જમણા કાંઠા પરની **પહેલી નહેર** વાયવ્ય ખુણામાં હંમેશાં વહેશે. **બીજી** નહેર ચોખાનો પાક થતાં સુધી એટલે વરસનો અમુકજ ભાગ જે વખતે ચોખાનું વાવેતર થઇ તે તૈયાર થાય તેટલો વખતજ વહેશે. માટે તેને **રાઈસ કેનાલ** (ચોખાના પાકને પાણી પુરૂં પાડનારી નહેર) કહેવામાં આવશે. **ત્રીજી** નૈઋત્ય ખુણામાં હંમેશ વહેશે.

ઉપર ગણાવી તે મુખ્ય નહેરો ઉપરાંત તેમાંથી બીજી શાખા નહેરો પણ બનશે. સિંધ **પ્રાંતની નવી નહેરોના નકશામાં** મોટી

મોટી શાખા નહેરો બતાવેલી છે. આ શાખા નહેરોનાં નામ ઘણું ખરૂં જે ગામ પાસે થઇને તેઓ વહે છે તે પરથીજ પાડેલાં છે. જેમકે શાહેદાદકોટ શાખા, હૈદ્રાબાદ શાખા વગેરે.

કેટલીક જમીનમાં નહેરનું પાણી ધોરીઆ વાટે સીધી રીતે પહોંચાડી શકાય છે. પણ કેટલીક જમીન ઉંચાણમાં હોવાથી ત્યાં રેંટથી ઉંચે ચડાવી નહેરનું પાણી પહોંચાડે છે. જમીનની આ જાતોને મોખ અને ચરખી કહે છે.

આબોહવા.

કોઇ પણ દેશની આબોહવા પૃથ્વીના મધ્ય ભાગથી અને દરિયા કિનારાથી તેનું અંતર, ત્યાં આવેલી પર્વતોની હારો, જંગલો, જમીનનું ઉંચાણ નિચાણ અને ત્યાં વાતા પવનો પરથી જાણી શકાય છે.

સિંધના કુદરતી ભાગોનો ૮ મે પાને આપેલો નકશો જુઓ. શિરો ભાગ જુઓ તે દરિયાથી ઘણો દૂર છે. વળી તેની બાજુમાં પશ્ચિમે પર્વતો આવેલા છે, તે શિયાળામાં ઠરી જાય છે અને ઉનાળામાં તપે છે તેથી ત્યાં શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામાં ઘણી ગરમી પડે છે. જેકોબાબાદ અને સેવાણમાં આખા સિંધમાં સૌથી વધારે ગરમી પડે છે તેનું કારણ એ છે કે તે દરિયાની સપાટીથી થોડાંજ ઉંચાણમાં છે, દરિયો દૂર છે, આસપાસ મેદાન છે અને ટેકરીઓ પરની ઉની હવા ત્યાં વાય છે.

સિંધમાં શિયાળામાં ઉત્તરથી દક્ષિણ તરફના પવનો વાય છે. ઉત્તરમાં ક્વેટા આવેલું છે. ત્યાં પર્વતો આવેલા છે તે પર બરફ પડે છે એટલે ત્યાંના પવનો ઘણા ઠંડા હોય છે. સિંધ પર તે વાય છે એટલે જે ભાગો દરિયાથી દૂર છે તે ભાગોમાં સામાન્ય રીતે ઠંડી વધારે લાગે છે.

લાડની જમીન નીચી છે. જ્યાં ત્યાં પાણી ભરાઇ રહે છે. ભરતીનું પાણી ઘણે દૂર સુધી જમીનમાં ધસી આવે છે. આથી ડાંસ અને મચ્છર ઘણાં થાય છે. અને હવા **ભેજવાળી** રહે છે. **મચ્છરથી** લોકોમાં તાવ ફેલાય છે. આ રીતે ત્યાંની હવા રોગિષ્ટ છે.


પશ્ચિમના **પહાડી ભાગોની** હવા પણ શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામાં ઘણી ગરમ છે. આ ભાગમાં સિંધના ઉંચા પર્વતો આવેલા છે એટલે ઉંચાં શિખરો પર ત્યાંની ઠંડી હવાને લીધે ઉનાળામાં લોકો ફરવા જાય છે. દરિયા પરના પવનો અહીં પહોંચી શકતા નથી. **પર્વત પર હંમેશાં ઉનાળામાં ઉંચાણને લઈ હવા ઠંડી રહે છે.**

પણ એના દક્ષિણ ભાગની હવા ઉત્તર ભાગ કરતાં જુદી છે. ત્યાં બહુ ગરમી તેમજ બહુ ઠંડી લાગતી નથી. કારણ કે દરિયા પરથી વાતા પવનો આ ભાગમાં પહોંચી શકે છે.

ઉપરની બાબતો પરથી તમે કોઇ પણ બે શહેરોની આબોહવાનો મુકાબલો કરી શકશો. **કરાંચીમાં સખ્ખર** યા **શિકારપુર** કરતાં શા માટે ગરમી યા ઠંડી ઓછી છે તેનું કારણ તમે સમજી શકશો. તેમજ **કરાંચી, હૈદ્રાબાદ** અને **ઉમરકોટની** હવામાં શું તફાવત હોવો જોઇએ તે પણ તમે કહી શકશો.

ઉષ્ણતામાપક યંત્ર (થર્મોમીટર) વડે હવામાં રહેલી ગરમી માપવામાં આવે છે. આ રીતે **સિંધના** દરેક ભાગમાં સામાન્ય રીતે કેટલા અંશ ગરમી રહે છે તે પૃષ્ટ ૩૦ પર આપેલા નકશા પરથી તમે સમજી શકશો. દરિયા કિનારા પરના ભાગોની હવા કરતાં જેમ જેમ દરિયાથી દૂર ઉત્તરમાં જતા જઇએ છીએ તેમ તેમ ઠંડી યા ગરમીનું પ્રમાણ વધતું જાય છે તે પણ તમે નકશામાં જોઇ શકશો.

હવા પાણીની ત્યાં રહેતા લોકો પર ઘણી અસર થાય છે. લાડમાં ભેજવાળી હવાને લીધે લોકો માંદા જેવા રહે છે ને



સુસ્ત થઇ જાય છે. ઢોરમાં પણ રોગચાળો ચાલે છે. થોડી મહેનતથી લોકો લાલ ચોખા પકવે છે.

વચલા ભાગની હવા **સારી** હોવાથી અહીં વસતા લોકોને કામ કરવું ગમે છે. તેથી તેઓ **ખેતી**, **વેપાર**, **હુન્નર** વગેરેમાં આગળ વધેલા છે. આ ભાગ **સિંધમાં** સૌથી સારી રીતે આબાદ થએલો છે.

કોહીસ્તાન (ડુંગરવાળો ભાગ) અને **શિરો** ભાગમાં ખૂબ **ઠંડી** પડે છે એટલે ત્યાંના **લોકોને મહેનત કરવી** ગમે છે. તેઓ ઉનાળામાં પણ કામ કરવાને સશક્ત રહી શકે છે. આટલા માટેજ **કોહીસ્તાનના** લોકોને ઢોર **ચરાવવાનું** પણ ગમે છે.

થરમાં મુલક ઉજડ જેવો છે. રેતીના ટેકરાઓ ઠામ ઠામ ફેલાએલા છે. પાક માત્ર વરસાદ આવે ત્યારેજ થાય છે. ગરમી ઘણી પડે છે એટલે અહીંના લોકો સિંધના બીજા ભાગોના લોકો જેવા ઉદ્યમી અને માતબર નથી.

વરસાદ.

સિંધમાં વરસાદ ઘણો ઓછો પડે છે. તમે જાણો છો કે ઉનાળામાં દરિયા, નદી, સરોવર વગેરેનું પાણી વરાળ રૂપે ઉચું ચડી હવામાં મળે છે. પછી તેનાં વાદળાં બંધાઇ વરસાદ રૂપે પાછું નીચે પડે છે. **હિંદુસ્તાનની** પશ્ચિમ અને દક્ષિણમાં મોટો દરિયો છે. ત્યાંથી ભેજવાળા પવનો ચોમાસામાં આપણા દેશ પર થઇ વાય છે. **મુંબઇ ઇલાકામાં** આવેલો **સહ્યાદ્રિ** નામે ઉંચો પર્વત આ પવનોને ઠંડા પાડી ત્યાં ખૂબ વરસાદ વરસાવે છે. **સિંધમાં** આ પવનોને અટકાવે એવા કોઇ ઉંચા પર્વતો નથી માટે **સિંધમાં** ઝાઝો વરસાદ પડતો નથી. દરિયા કિનારાવાળા દક્ષિણ ભાગમાં કોઇવાર થોડો વરસાદ આવે છે. શિયાળામાં જ્યારે ઉત્તરમાંથી **કવેટા** તરફનો ઠંડો પવન વાવા લાગે છે ત્યારે પણ હવામાંનો

ભેજ વરસાદ રૂપે નીચે પડે છે. આમ ઘણી વાર **સિંધમાં** માવઠાનો વરસાદ થાય છે.

ઉપરનાં કારણોને લઇ **સિંધમાં** વરસાદ બહુ ઓછો પડે છે. સરાસરી ૫ ×ઇંચ કરતાં વધારે વરસાદ ભાગ્યેજ હોય છે. તો પણ તે નિયમિત નથી એટલે તેના પર આધાર રખાય નહિ. કેટલીકવાર ઘણો પડે છે જ્યારે કેટલીકવાર મુદ્દલ આવતોજ નથી. **કોહીસ્તાન** અને **થરની** ખેતીનો આધાર માત્ર વરસાદ પરજ છે.

ખેતીની પેદાશ.

સિંધમાં તડકો પુષ્કળ પડે છે. નદી અને નહેરોને લીધે દરેક ઠેકાણે પાણીની સગવડ છે. તેથી જે ભાગમાં **સિંધુ** નદી વહે છે અને જ્યાં જ્યાં નહેરોનું પાણી પહોંચી શકે છે ત્યાં બધી જાતની ખેતીની પેદાશ જોવામાં આવે છે. જે ભાગમાં જમીનના ઉંચાણને લઇ અથવા રેતીના કારણે નહેરોનું પાણી પહોંચી શકતું નથી ત્યાં ખેતીનો આધાર માત્ર વરસાદ પરજ છે.

સિંધમાં ખેતીની મુખ્ય પેદાશ નીચે મુજબ છે.

જુવાર:—જુવારના પાકને સાધારણ જમીન, મધ્યમસર ગરમ હવા અને થોડું પાણી જોઇએ. **સિંધના** કુદરતી વિભાગનો નકશો જુઓ. ઉપર ગણાવેલી બાબતોને અનુકુળ **શરો** ભાગ અને **કોહીસ્તાન** છે તેથી ત્યાં **જુવાર** થાય છે.

ચોખા:—ચોખાના પાકને ઘણું પાણી, ગરમ હવા અને સારી જમીન જોઇએ. **લાડકાણા** જીલ્લામાં જમીન સારી છે. પાણી ઘણું છે અને હવા પણ અનુકુળ છે. એટલે આ જીલ્લામાં ઘણી સારી જાતના ચોખા થાય છે. આખા

×અહીં ઇંચ એટલે શું અને વરસાદ કેમ મપાય છે તે શિક્ષકે સમજાવવું.


હિંદુસ્તાનમાં બીજે કોઇ ઠેકાણે આવા ઉત્તમ ચોખા થતા નથી. લાડમાં પાણી ઘણું છે, જમીન સારી છે પણ ત્યાંની હવા ભેજવાળી હોવાથી લાલ ચોખા થાય છે. નારા ડીવીઝનમાં પણ જમીન સારી છે ને પાણીની સગવડ છે પરંતુ ત્યાંની હવા ખાબોચીયાંને લીધે ભેજવાળી છે. આ હવા લાડના જેટલી ભેજવાળી નથી એટલે અહીંના ચોખા સફેદ થાય છે પણ તે લાડ-કાણાના ચોખા જેવા તો નહિજ.

ઘઉં ને ચણા:—ઘઉં ને ચણાના પાક માટે કાળી ચીકણી જમીન, સુકી હવા, તડકો ને યોગ્ય પાણી જોઇએ. આથી ઉંચામાં ઉંચા ઘઉં સિંધુ નદીના બંને કિનારા પર, મંછર સરોવરની આજુબાજુ, કંદકોટ, કશ્મોર અને લબ દરીઆ તાલુકામાં થાય છે વળી નારા ડીવીઝનમાં જમરાઉના કિનારા પર પણ થોડા ઘણા ઘઉં થાય છે.

કપાસ:—કપાસના વાવેતર માટે સારી કાળી જમીન, ગરમ પણ સુકી હવા અને યોગ્ય પાણી જોઇએ. આથી નવાબશાહ, થરપારકર અને હૈદ્રાબાદ જીલ્લાનો જે ભાગ જમરાઉ નહેર પર છે તે ભાગમાં કપાસ થાય છે.

બાજરી:—સાધારણ જમીન અને થોડા પાણીથી થઇ શકે છે. આથી વરસાદ પડે તો થરમાં ઘણી બાજરી થાય છે.

શેરડી:—શેરડીના પાક માટે સારી જમીન, પુષ્કળ પાણી ને સુકી પણ ગરમ હવા જોઇએ. આથી ફુલેલીના બંને કાંઠા પર તેમજ સખ્ખર ને શિકારપુરમાં જ્યાં પુષ્કળ કુવા છે ત્યાં થાય છે. મીરપુર સાકરામાં પણ શેરડી ઘણી થાય છે.



સિંધ પ્રાંત - ખેતીની પેદાશ.
ઘઉં
જુવાર
ઘઉં
જુવાર
સરસવ
શેરડી
સફેદ ચોખા
ઘઉં
ખસખસના
ડોડવા
મટર
કપાસ
ચોખા
જુવાર
બાજરી
શેરડી
બાજરી

તલ:—તલ માટે સાધારણ જમીન, થોડું પાણી ને સુકી હવા જોઇએ. શિરો અને થરમાં તલ થાય છે.

મંછર સરોવર નજીક ચીકણી જમીનમાં તમાકુ અને ભાંગ થાય છે. વળી પાસેના નકશામાં જોશો તો જણાશે કે મટર, સરસવ, જાંભો વગેરે પણ ઘણી જગાએ થાય છે.

સિંધની જીલ્લાવાર મુખ્ય પેદાશ નીચે મુજબ છે.

કરાંચી જીલ્લો ...	જુવાર, ચોખા, શેરડી, ઘાસ.
લાડકાણા જીલ્લો ...	ઘઉં, ચોખા.
ઉત્તર સરહદ ,, ...	ઘઉં, તેલી બીઆં, ચણા.
સખ્ખર જીલ્લો ...	,, ,, ,,
નવાબશાહ જીલ્લો..	કઠોળ, બાજરી, ઘઉં, કપાસ.
હૈદ્રાબાદ જીલ્લો ...	કઠોળ, બાજરી, ઘઉં.
થરપારકર જીલ્લો...	બાજરી. મગ, ઘાસ.

ફળ, ફૂલ, મેવો વગેરે.

મોટાં શહેરો નજીકના બગીચાઓમાં અને જયાં જયાં નદી, નહેરો કે કુવાના પાણીની સગવડ છે ત્યાં બધે શાકભાજી ઉગાડવામાં આવે છે. મેવામાં મુખ્ય કેરી છે. તે નદી, નહેરો ને તળાવોના કિનારા પર થાય છે. જેકબાબાદ, ઠઠ્ઠા, અને ગારીયાસીનમાં રેતીવાળી જમીન હોવાથી તડબુચ અને ચીભડાં થાય છે. દરિયાની હવાથી થતી નાળીએરીઓ કરાંચીમાં થાય છે. વળી દ્રાક્ષ પણ કરાંચીમાં પુષ્કળ થાય છે. અંજીર, જામ, નાનાં સુપ, દાડમ વગેરે મેવો હૈદ્રાબાદમાં પુષ્કળ થાય છે. થારૂશાહમાં જમીન સારી છે. ને કુવાનું પાણી સહેલાઇથી મળી શકે છે તેથી ત્યાં સંતરાં થાય છે. રોહરી ને કોટ્રીમાં પુષ્કળ ખજુર થાય છે કારણ કે ત્યાં પુષ્કળ પાણી, ગરમ હવા ને જમીન ખારવાળી છે.


ખનિજ.

જમીનમાંથી મળતી ચીજોને ખનિજ કહે છે. સિંધમાં ખનિજની પેદાશ બીજા દેશોને મુકાબલે કાંઈજ નથી એમ કહીએ તો ચાલે.

ખીરથર પર્વતમાંથી ફટકડી નીકળે છે. કોટ્રી તાલુકો અને ઝરખના આજુબાજુની ટેકરીઓમાંથી કોયલા ને લોઢું જડે છે પણ લોઢું મોંઘું પડે છે એટલે ખોદાતું નથી.

રેતાળ મુલકમાં રેતીના પત્થર જોવામાં આવે છે. થરમાં અને કરાંચીમાં રેતીના પત્થર મળે છે. કરાંચી સિવાય લગભગ બધી જગાએ ચુનાના પત્થરો મળી આવે છે.

કરાંચી પાસે મ્હારીપુરમાં દરિયાના પાણીમાંથી મીઠું બનાવે છે. મીઠું બનાવવા માટે દર વરસે ઇજારા અપાય છે.



મીઠાના અગર મ્હારીપુર

થરમાં કેટલાંક તળાવોમાં પાણી સુકાઇ જાય છે અને કુદરતી રીતે મીઠું તૈયાર થાય છે. આ તળાવો જેવાં કે સારન (ડીપલાની પાસે) અને દિલયાર (ખિપરા) પાસે આવેલાં છે.

દરિયા કિનારા પરનાં ગામોમાં પણ કુદરતી મીઠું જામી જાય છે. શિરગંઢામાં આવું ઘણું મીઠું બને છે.

ગાંજો ટેકરો, રોહરીની દક્ષિણની ટેકરી અને **ઝરખ** પાસેથી મેટ મળે છે. ગાંજા ટેકરા પાસેથી મળતી મેટ સૌથી ઉત્તમ ગણાય છે.

વનસ્પતિ.

માણસના જીવન માટે જેમ હવા પાણી ને ખોરાકની જરૂર છે તેમ વનસ્પતિને પણ ખોરાક, હવા અને પાણી જોઇએ છે. દરેક જાતની વનસ્પતિનો ખોરાક જુદો હોવાથી કોઇ પણ જાતની જમીનમાં ગમે તે જાતની વનસ્પતિ ઉગી શકતી નથી.

થર જેવા **રણના પ્રદેશમાં** જ્યાં સમૂળગું પાણી હોતું નથી અને રેતીજ હોય છે ત્યાં કોઇ જાતની વનસ્પતિ ઉગતી નથી. પણ ઘણા ભાગમાં પાન ન દેખાતાં હોય તેવી કાંટાવાળી ઝાંખરાં જેવી વનસ્પતિ થાય છે એટલે આ ભાગમાં **થોર, ખરસાણી, કેરડા, બાવળ** અને **હલકી જાતના જાડા ઘાસ** સિવાય બીજું ભાગ્યેજ થાય છે.

સિંધ પ્રાંતમાં જ્યાં નદીની રેલનું પાણી ફરી વળે છે ત્યાં અને ઘણુંખરું નદીના બંને કાંઠા પર **જંગલો** જોવામાં આવે છે. આ રીતે **સિંધમાં** ઘણાંખરાં જંગલો **'નદીનાં જંગલો'** છે. કેટલેક ઠેકાણે નદીનું વહન બદલાવાથી અને નહેરો ખોદાવાથી જમીનનાં જંગલો બનેલાં છે. આ ઉપરાંત **સખ્ખર** જીલ્લાની ઉત્તરમાં અને **વાયવ્ય સરહદના પ્રાંતમાં** પણ થોડાં જંગલો છે. **હૈદ્રાબાદની** દક્ષિણે અને પૂર્વનાળા પરના ઘણા ભાગમાં છુટાં છવાયાં જંગલો છે.

આ બધાં જંગલોને વ્યવસ્થા ખાતર ચાર ભાગમાં વહેંચવામાં

આવ્યાં છે. તે **સખ્ખર, નૌશેરો, હૈદ્રાબાદ** અને **ઝરખ** વિભાગ છે. **જેકોબાબાદનો** જુદો વિભાગ પાડવામાં આવેલો પણ પાછળથી રદ કરવામાં આવ્યો છે.

સિંધમાં અંગ્રેજી અમલ અગાઉ કેટલાંક જંગલોને ફરતી માટીની દિવાલ કરી **મીરો શિકારગૃહ** તરીકે ઉપયોગ કરતા પણ તેને સંભાળવા કે વધારવા ખાસ કાળજી રાખવામાં આવતી નહિ.

આ જંગલોમાં **બાવળ, કંડી, બહાન, લહી** અને **ઝાઉ** એ મુખ્ય ઝાડો છે. **બાવળ હૈદ્રાબાદ** અને **ઝરખ** વિભાગમાં પુષ્કળ ઉગે છે. **નૌશેરો** તેમજ **સખ્ખરમાં** પણ તે ઠીક પ્રમાણમાં મળી આવે છે. બાવળનું લાકડું ઇમારતી લાકડા તરીકે, પૈડાં ને ખેતીનાં ઓજારો બનાવવામાં અને બળતણ તરીકે વપરાય છે.

કંડી અને **બહાન સખ્ખર** વિભાગનાં મુખ્ય ઝાડો છે. બળતણ માટે આ લાકડું સારૂં છે પણ ઇમારતી લાકડા તરીકે ઉપયોગી નથી.

જ્યાં રેલનું પાણી ફરી વળે છે ત્યાં અને **ડેલ્ટામાં લહી** અને **બહાન** પોતાની મેળે ઉગી નીકળે છે. **સખ્ખર** વિભાગનાં ગામડાંમાં કુવા પાસે ઇમારતી લાકડા માટે **"તાલી"** વૃક્ષ ઉગાડવામાં આવે છે. **ખૈરપુર** સ્ટેટમાં આવાં વૃક્ષો ઘણાં છે. આ લાકડું **"રોઝવુડ"** ના નામથી બજારમાં વેચાય છે.

ટેકરીઓના ઢોળાવ પર અને **થરના** પાણીવાળા ભાગોમાં **ઘાસ** ઉગે છે. જંગલની મુખ્ય પેદાશ ગુંદર, **લાખ** અને **ઇમારતી લાકડું** છે. ઘાસનાં બીડોમાં ઢોર ચરાવવા દેવા બદલ પણ જંગલ ખાતાને ઉપજ મળે છે.

ઝરખની આજુબાજુનાં જંગલોનાં લાકડાં બાળી **કોટ્રી** પાસે તેના કોલસા પાડવામાં આવે છે. **થરપારકરમાં** રેતીના ટેકરાઓ ઉપર ઉગતાં ઝાડોમાંથી ગુંદર અને **ગુગળ** મળી આવે છે.

સિંધનાં જંગલોના પૃષ્ટ ૩૦ પર આપેલા નકશા પરથી **સિંધમાં** કયાં કયાં જંગલો છે તે તમે કહી શકશો. તેમાં ઘાસનાં બીડો કયાં છે તે પણ બતાવેલાં છે.

પ્રાણીઓ.

સિંધના કયા ભાગમાં જંગલો છે તેમજ ઘાસ ચારો વિશેષ છે તે આપણે અગાઉ જોઇ ગયા. હવે **સિંધમાં** મુખ્ય કયાં પ્રાણીઓ જોવામાં આવે છે તે તપાસીએ.

ગાય, **ભેંસ**, **બકરાં** એ દૂધ દેનારાં મુખ્ય પ્રાણી છે. **હૈદ્રાબાદ** જીલ્લામાં દૂધાળાં ઢોર ઘણાં છે કારણ કે ત્યાં ખેતી, પાણી અને ઘાસ ચારો પુષ્કળ છે. દક્ષિણના **ડેલ્ટામાં** લોકો **ભેંસો** પાળે છે કારણ કે ત્યાં **ભેંસોને** પડી રહેવા જેવાં પાણીવાળાં સ્થળો ઘણાં છે. **સિંધની** ગાયો પ્રમાણમાં ઘણું દૂધ આપે છે.

મુખ્યત્વે કરીને **થરમાં** અને **પશ્ચિમના પહાડી ભાગોમાં** લોકો ગાયો, **બકરાં** ને **ઘેટાં** પાળે છે. ઊંટ, **ઘોડાં**, **ગધેડાં** અને **બળદ** **સિંધમાં** સામાન્ય રીતે બધે જોવામાં આવે છે. **થરપારકરમાં** ઊંટ અને **ઉત્તર સરહદમાં** ખચ્ચર વિશેષ છે.

ઘોડાના સારા ઉછેર માટે **સિંધમાં** કેટલેક ઠેકાણે દર વરસે પ્રદર્શન ભરવામાં આવે છે. તેમાં **જેકોબાબાદ** મુખ્ય છે.

ચિત્તા, **નોળીઆ**, **હીના**, **હરણ**, **ડુક્કર** વગેરે જંગલી પ્રાણીઓ લગભગ બધાં જંગલોમાં જોવામાં આવે છે **વરૂ** અને **ઘોરખોદાં** કેટલીકવાર માણસો અને બાળકો પર હુમલો કરે છે.

દરિયા ને નદીના કિનારા પર કેટલેક ઠેકાણે તેમજ પૂર્વનાળા પર **જંગલી બિલાડીઓ** પુષ્કળ જોવામાં આવે છે.

દરિયાઇ માછલાં અને નાના મોટા **મગરો** દરિયા કિનારે અને નદીમાં ઘણે ઠેકાણે જોવામાં આવે છે. મોટા મોટા મગરો ને

માછલીઓ ઘણીવાર વહાણો અને આગબોટોને અડચણ કરે છે. આવી એક જબરી માછલીનું હાડપીંજર કરાંચીમાં ભૂતખાનામાં છે તેની લંબાઇ ૧૭ા ફૂટ કરતાં વધારે છે.

મોર, પોપટ, ચકલી, કાગડા, હોલા, સમળી, કબુતર, વગેરે પંખીઓ સામાન્ય છે. જંગલોમાં તેમજ દરિયા કિનારે સાપ નજરે પડે છે. થરનાં જંગલોમાં અને ઉત્તર સરહદ જીલ્લામાં ઉનાળામાં ઘણા સાપ નીકળે છે.

વસ્તી.

સિંધનો ૮ મા પાના પરનો કુદરતી વિભાગનો નકશો જુઓ. જે ભાગમાં કમાણીનાં સાધનો વિશેષ હોય અને હવા પાણી સારાં હોય ત્યાં લોકો ઘણું ખરૂં રહેવાનું વધારે પસંદ કરે છે. જ્યાં ડુંગરવાળો કે રેતાળ ભાગ હોય, પાક સારો ન હોય, પાણીની અછત હોય, અને હવા માફકસર ન હોય ત્યાં વસ્તીનું પ્રમાણ સ્વાભાવિક રીતે ઓછું હોય છે.

હવે પૃષ્ટ ૩૦ પર આપેલો વસ્તીનો નકશો જુઓ. વચલા ભાગમાં જમીન રસાળ છે, નદી નહેરો પુષ્કળ છે અને હવા પાણી મધ્યમસર છે એટલે લાડકાણા, હૈદ્રાબાદ અને નવાબશાહ જીલ્લામાં વસ્તી ઘાડી છે.

શિરો ભાગ મધ્ય ભાગ જેવો રસાળ નથી તેમજ ત્યાંનાં હવા પાણી મધ્ય ભાગ જેટલાં અનુકુળ નથી એટલે ત્યાં વસ્તી આછી છે.

થરપારકર અને કોહીસ્તાન એટલા રસાળ નથી એટલે ત્યાં પણ વસ્તી ઓછી છે.

લાડમાં હવા રોગીષ્ટ છે એટલે લોકો બહુ ભાગે ત્યાં રહે-વાનું પસંદ કરતા નથી માટે ત્યાં પણ આછી વસ્તી છે.

સિંધમાં કુલ વસ્તી ૩૨૭૮૪૯૩ **માણુસની છે.** એમાંના લગભગ પોણા ભાગના **મુસલમાન** અને બાકીના **હિંદુ** તેમજ બીજા **છે. સિંધના** મૂળ વતની **સિંધીઓ** છે. જુના કાળમાં તેઓ **પંજાબમાંથી** અહીં આવેલા છે. સિંધીઓ ઉપરાંત **બલુચિસ્તાનથી બલોચ, અફગાનિસ્તાનમાંથી પઠાણ, મકરાણથી મકરાણી** અને **મારવાડથી મારી** લોકો પણ અહીં આવી વસેલા છે. આ સિવાય **આરબ, તુર્ક, ઈરાની, પારસી, ગુજરાતી, કચ્છી, અંગ્રેજો** અને **ખ્રિસ્તિઓની** પણ થોડી વસ્તી છે.

અગાઉનાં હિંદુ રાજ્યોના વખતમાં પૂર્વમાંથી **રજપુતો** આવી અહીં વસેલા પણ પાછળથી મુસલમાની રાજ્યમાં તેમાંના ઘણા મુસલમાન થઇ ગએલા છે. **સુમરા** અને **સમા** અસલ હિંદુઓ હોવાનું કહેવાય છે.

ધર્મો.

પ્રત્યેક જાત ઘણું કરીને પોતાનો જુદો ધર્મ પાળે છે. **સિંધમાં** મુખ્ય ધર્મો નીચે મુજબ છે.

ઈસ્લામ:—બધા મુસલમાનો આ ધર્મ પાળે છે. તેઓ **મહુમદ પેગંબરને** માને છે. તેમનું પવિત્ર પુસ્તક કુરાન છે. **શીઆ** અને **સુન્ની** એવા તેમના બે ભાગ છે. તેઓ મૂર્તિને પૂજતા નથી. બધા ખોજાઓ શીઆ પંથના છે.

હિંદુ ધર્મ:—હિંદુઓ વેદમાં જણાવેલો ધર્મ પાળે છે અને પુરાણમાંનાં દેવ દેવીઓને માને છે. આમાં **વૈષ્ણવ** અને **શૈવ** એ બે મુખ્ય પંથો છે. કેટલાક હિંદુઓ નાનકપંથી કે કબીરપંથી છે. આ સિવાય **જૈન, સ્વામીનારાયણ** વગેરે ધર્મના પણ થોડા હિંદુઓ છે. **દરિયાલાલને** કેટલાક હિંદુઓ તેમજ મુસલમાનો પણ માને છે.

વળી શીખ, પારસી અંગ્રેજો, યાહુદીઓ વગેરે નાની કોમો પોત પોતાના ધર્મો પાળે છે.


ભાષા.

સિંધમાં વસતા તમામ લોકો ઘણુંખરૂં સિંધી ભાષા બોલે છે. સિંધી ભાષા મૂળ સંસ્કૃતમાંથી ઉતરી આવેલી છે. પરંતુ તેમાં ફારસીની છાયા પણ ઓછી નથી. આરબો અને બલુચીઓના સિંધમાં આવ્યા પછી અરબી તેમજ ફારસી ભાષાના ઘણા શબ્દો એમાં ભળી ગયા છે. આ સિવાય સિંધમાં વસતી તમામ જાતો પોતપોતાની ભાષા બોલે છે તેથી મકરાણી, પંજાબી, મારવાડી, કચ્છી ને હિંદી ભાષાઓ પણ અહીં બોલાય છે. અંગ્રેજી અમલ પછી ઘણા માણસો અંગ્રેજી ભાષા બોલવા લાગ્યા છે.

હુન્નર ઉદ્યોગ.

દરેક પ્રાંતમાં લોકોના હુન્નર ઉદ્યોગનો મુખ્ય આધાર ત્યાં થતા પાક પર હોય છે. સિંધની ખેતીની પેદાશનો નકશો જુઓ. જ્યાં જમીન સારી છે અને પાણીની સગવડ છે ત્યાં એટલે નદી, નહેરો અને સરોવરના કાંઠા પર રહેનારા લગભગ બધા માણસો ખેતી કરે છે. નદી, દરિયા ને તળાવને કિનારે રહેનારા કેટલાક લોકો માછલાં પકડે છે. ઘાસવાળી ટેકરીઓ અને બીડોમાં લોકો ચારાની સગવડ હોવાથી ઢોર પાળે છે. આ ઢોરોના વાળમાંથી કામળા, ધુંસા, શેતરંજી વગેરે બને છે.

વચલા ભાગના લોકો વેપારમાં આગળ વધેલા છે. અગાઉ આ ભાગમાં ઘણા ઉદ્યોગો ચાલતા. અંગ્રેજી રાજ્ય થયા પછી સાંચા કામનો પ્રચાર થવાથી અગાઉના ઘણા ખરા ઉદ્યોગો ઘટી ગયા છે. આ ભાગના લોકો સાહસિક છે. ખેતી કરતાં નોકરી અને વેપાર તેમને વધારે ગમે છે.


સિંધ પ્રાંત. કારીગીરી.
કશ્મોર
રંગ
સખ્ખર
વહાણ
રોહરી
ટસર (કપડું)
ગંબટ
ચોફાળ, ખેસ
લાડકાણા
પિત્તળનાં વાસણ
ફુરાસી
ચટાઈ, ફુલ
ગાલીચા
હાલા
માટીનાં વાસણપર રંગ કરવો
ટંડો આદમ
કપાસનાં જીન
ઉમરકોટ
ઝંડી, ફુરાસી ચુડા
નસરપુર
હૈદરાબાદ
રંગનું કામ
લુંગી, ગરબી
મીરપુર
રંગનું કામ
કુંડલાં
છાછરો
હુક્કા પાખડા
મીઠી
હુક્કા, પાખડા, પિત્તળ
નો સામાન
નગરપાર
ક
રણ
ક

થરમાં ચામડાનો સામાન, શેતરંજી કામળા વગેરે થાય છે. કારણ કે અહીં ઊંટ, ઘેટાં બકરાં વગેરે જાનવરો ઘણાં છે. તેમાંથી તેમને ચામડું ને વાળ મળે છે. સાદીપલી સ્ટેશનથી તેઓ વધારાનાં ચામડાં બહારગામ ચડાવે છે.

પાછળ આપેલો નકશો જુઓ. તે ઉપરથી કયા કયા ગામોમાં મુખ્યત્વે કયા હુન્નરો થાય છે તે જણાશે.

સિંધમાં ચોખા અને કપાસની નિપજ થાય છે. ચોખાને ખાંડીને સાફ કરવા માટે તેમજ કપાસમાંથી રૂ કાઢી તેની ગાંસડીઓ બનાવવા માટે સિંધમાં ઘણે ઠેકાણે ચોખાની મીલો અને કપાસ લોઢવાનાં કારખાનાં થયાં છે. આ કારણથી લાડકાણા ને સખ્ખરમાં ચોખાની મીલો છે. જેકોબાબાદ, શહદાદકોટ અને કરાંચીમાં પણ આવી મીલો છે. આ ઉપરાંત આટાની અને તેલની મીલો પણ છે.

મુખ્ય ઉદ્યોગો નીચે મુજબ છે.

કપાસ લોઢવાનાં જીન...શહદાદપુર, ટંડા આદમ, શાદીપલી, મીરપુર ખાસ.

ચોખાની મીલો. ...લાડકાણા, સખ્ખર, કરાંચી.

આટાની ,, ...કરાંચી હૈદ્રાબાદ, શિકારપુર, લાડકાણા.

રંગનું કામ. ...કશ્મોર, હાલા, હૈદ્રાબાદ.

ફરાસી. ...શિરો, થર, કોહીસ્તાન.

લુંગી, ગરબી ને નાડાં...ઠઠ્ઠા, નસરપુર.

ચામડાનો સામાન. ...શિરો, થર.

ઉન, ધાબળા, જીન. ...થરપારકર.

ભુભકઃ—ડુંગર પાસે છે. લોકો ઘેટાં પાળે છે માટે અહીં ઊનના ગાલીચા થાય છે.

હાલા:—હાલાની પાસે આવેલું ખુદાબાદ જુઓ. ખુદાબાદ જુના વખતમાં રાજધાની હતી. ઉંચા વર્ગના માણસો અહીં રહેતા. તેથી રંગવાની અનેક ચીજો બનતી હતી. હજી પણ અહીંના લોકો લાકડા ને ઠીંકરાની ચીજો પર રંગ સારો ચડાવે છે.


મીરપુર બઠોરા:—ત્યાં બાવળ ઘણા છે. તેમાંથી લાખ મળે છે. આ લાખમાંથી રંગ થાય છે. માટે અહીં પણ રંગનું કામ થાય છે.

ઠઠ્ઠા:—અગાઉ સિંધની રાજધાની હતી, તેથી દિલ્હી સાથે તેનો વ્યવહાર હતો. તે વખતે આ પ્રખ્યાત શહેરમાં મોગલ બાદશાહો માટે લુંગીઓ બનાવી દિલ્હી મોકલાતી. હજી પણ અહીં લુંગી ને સુસીઓ બને છે. વળી બગીચાઓમાં પુષ્કળ ફૂલો થતાં હોવાથી તેમાંથી અર્ક ખેંચી સરસ શરબત પણ બનાવાય છે.

નસરપુર:—અહીંના લોકો ઠઠ્ઠાના લોકો સાથે વિશેષ પરિચયમાં હતા તેથી ત્યાં પણ ઠઠ્ઠાની જેમ અજરક (મુસલમાની ચાદર) અને સુસીઓ થાય છે.

લાડકાણા, ઘોટકી:—પિત્તળ, કાંસા ને જસતનો સામાન થાય છે. કારણ કે અહીં કંસારાની વસ્તી વધારે છે.

હૈદ્રાબાદ:—કલ્હોરા અને મીરોના વખતમાં જરી કામની માગ વધારે હતી. હૈદ્રાબાદ રાજધાની હોવાથી ત્યાં તે કામ થવા લાગ્યું. હજી પણ અહીં જરીકામ અને ચામડાની જણસો બને છે.



સિંધ પ્રાંત વહેવારના માર્ગો.

વ્યવહારના માર્ગો.

સિંધમાં આવવા જવાના તેમજ માલ લાવવા લઇ જવા માટે મુખ્ય ત્રણ જાતના રસ્તા છે. (૧) પગ રસ્તો. આ રસ્તે ગાડાં યા ઊંટ મારફત માલની આવક જાવક થાય છે. (૨) રેલ્વે રસ્તો. (૩) જળ માર્ગ એટલે વહાણ કે આગબોટનો રસ્તો.

અગાઉ સિંધમાં રસ્તા સડકોવાળા ન હતા. અંગ્રેજી રાજ્ય થયા પછી સડકો બંધાઇ છે, રેલ્વે થઇ છે અને આગબોટ મારફતે પણ વહેવાર થવા લાગ્યો છે. રેલ્વે અને આગબોટ થવાથી વિના હરકતે અને થોડા ખર્ચે લાંબી મુસાફરીઓ થઇ શકે છે. વેપારને પણ તેથી ઘણો ફાયદો થયો છે.

જમીન માર્ગ (પગ રસ્તા).

મુખ્ય પગ રસ્તા ત્રણ છે. (૧) કશ્મોરથી કરાંચી સુધી. આ રસ્તો સિંધુ નદીના જમણા કાંઠા પરનો છે. તે કંદકોટ, શિકારપુર, ગારીયાસીન, લાડકાણા સેવાણ ને કોટ્રી થઈ કરાંચી આવે છે. (૨) બીજો રસ્તો કશ્મોરથી નીકળી જેકોબાબાદ ને કુંબર થઇ પહેલા રસ્તાને દાદુ પાસે મળે છે. ત્યાંથી થાણોબુલાખાન થઇ તે પણ કરાંચી જાય છે.

ત્રીજો મોટો રસ્તો સિંધુના ડાબા કાંઠા પરનો છે. આ રસ્તો પંજાબના મુલ્તાન શહેરથી દક્ષિણમાં ઠેઠ કચ્છના રણ સુધી જાય છે. આ રસ્તો ઉબાવરો, ઘોટકી, રોહરી, ખૈરપુર, નોશેરો, હાલા, હૈદ્રાબાદ, બદીન વગેરે મોટાં ગામોમાં થઇ પસાર થાય છે.

રેલ્વે માર્ગ.


મોટાં શહેરોને એક બીજા સાથે જોડવા માટે રેલ્વે રસ્તા કર્યા છે. સિંધમાં પહેલ વહેલી રેલ્વે ઇ. સ. ૧૮૬૧ માં શરૂ થઇ. મુખ્ય રેલ્વે રસ્તા નીચે મુજબ છે.

(૧) એક લાઇન કરાંચીથી કોટ્રી જાય છે ત્યાંથી તે સિંધુના ડાબા કાંઠાને રસ્તે રોહરી થઇને લાહોર સુધી જાય છે. આ લાઇનનો જે ભાગ કોટ્રી અને રોહરી વચ્ચે છે તે કોટ્રી રોહરી રેલ્વે કહેવાય છે.

(૨) બીજી લાઇન કોટ્રીથી નીકળી સિંધુના જમણા કાંઠાને રસ્તે સખ્ખર જાય છે. રસ્તામાં રૂક જંકશનથી આ લાઇનનો એક ફાંટો કવેટા તરફ જાય છે. વળી તેમાંથી પણ એક નાની લાઇન જેકબાબાદથી કશ્મોર સુધી જાય છે.

(૩) એક રેલ્વે માર્ગ હૈદ્રાબાદથી મુંબઇ જાય છે. આ રેલ્વે થરપારકરમાં થઇ પસાર થાય છે. આ રેલ્વેનું નામ જોધપુર રેલ્વે છે. કારણકે તે જોધપુરના રાજાએ બાંધેલી છે. આ લાઇન નાના માપની છે. આની એક શાખા દક્ષિણમાં જમરાઉ નહેરના કિનારા પર ઝુડ્ડો સુધી અને બીજી ઉત્તરમાં ખદ્રો સુધી જાય છે. આ બંને રસ્તા મુંબઇના માર્ગથી જમરાઉ અને મીરપુરખાસ જુદા પડે છે.

(૪) હૈદ્રાબાદ બદીન રેલ્વે. આ લાઇન હૈદ્રબાદથી દક્ષિણમાં બદીન સુધી જાય છે. છેલ્લી લડાઇમાં એટલે ઇ. સ. ૧૯૧૪ માં આ રેલ્વે કાઢી નાખી હતી પણ હવે પાછી તે શરૂ થઇ છે. બદીનથી મુંબઇ સુધી સીધી રેલ્વે લાઇન કરવાની પણ હાલમાં ગોઠવણ થાય છે. આ સીધી રેલ્વે થવાથી મુંબઇ જતા ઉતારૂઓને મારવાડમાં થઈ લાંબે રસ્તે જવું અટકશે.



સિંધ પ્રાંત રેલ્વે.

(૫) લાડકાણાથી એક નાના માપની રેલ્વે કંબાર થઇ શહેદાદકોટ સુધી જાય છે. વળી અહીંથી એક નાની લાઇન દોદાપુર થઇ જેકબાબાદ સુધી જાય છે. આ લાઇનો 'લાડકાણા શહેદાદકોટ' અને 'લાડકાણા દોદાપુર રેલ્વેને નામે ઓળખાય છે. ત્રીજી સિવાયની બધી રેલ્વે લાઇનો **નોર્થ વેસ્ટર્ન** રેલ્વે કહેવાય છે. **નોર્થવેસ્ટર્ન** એટલે **"વાયવ્ય ખુણામાં જનારી"**. **સિંધ** અને **પંજાબ હિંદુસ્તાન**ના વાયવ્ય ખુણામાં આવેલા છે. તેથી અહીં ચાલતી રેલ્વેનું નામ **નોર્થ વેસ્ટર્ન** પાડયું છે. છતાં નાની લાઇનોને ઉપર જણાવ્યા મુજબ જુદાં જુદાં નામો પણ આપેલાં છે.


પૃષ્ટ ૪૬, ૪૯, ૫૨ આપેલા પગ રસ્તા અને રેલ્વે રસ્તાના નકશા જુઓ. આ રસ્તાઓ પર આવેલાં મોટાં ગામો તેમજ સ્ટેશનો પણ જુઓ. આ નકશાઓ પરથી એક ગામથી બીજે ગામ સહેલાઇથી શી રીતે જઇ શકાય તે તમે કહી શકશો.

જળ માર્ગ.

સિંધમાં જળ માર્ગો બે જાતના છે. **નદીના** અને **સમુદ્રના.** સિંધુ નદી અને મોટી નહેરો **જળમાર્ગ** તરીકે વપરાય છે. વહાણો ને નાની આગબોટો આ રસ્તે આવ જા કરે છે. રેલ્વે થયા અગાઉ મુસાફરી માટે આ **જળમાર્ગ** ખાસ વપરાતો. રેલ્વે થતાં મુસાફરીની સગવડ વધવાથી આ રસ્તે આવ જા ઓછી થઇ ગઇ છે. છતાં માલ લાવવા લઇ જવા માટે તે ઉપયોગી છે. **કોટ્રી** ને **સખ્ખર સિંધુના જળમાર્ગનાં** મુખ્ય સ્થળો છે. **બેરેજ** થવાથી **સખ્ખરની** બંદર તરીકેની ઉપયોગિતા વધતી જાય છે. **કોટ્રી** અને **સખ્ખર** બંને નદીનાં બંદરો છે. **પૂર્વનાળા** અને **પશ્ચિમનાળાના** કેટલાક ભાગનો વેપાર પણ સિંધુના જળમાર્ગ વાટે ચાલે છે.

બંદરો.

સિંધમાં મુખ્ય બંદર કરાંચી છે. હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનું આ ઘણું અગત્યનું બંદર છે એનું બારૂં ઘણું સારૂં છે. તેથી દરેક કદની આગબોટો અહીં આવી શકે છે. અંગ્રેજી અમલ અગાઉ કરાંચી એક નાનું ગામડું હતું ને બંદર પણ સારૂં ન હતું. પાછળથી તેને રાજધાની બનાવવાથી તેમજ બંદરને સુધારવાથી તેનો વેપાર ઘણો વધ્યો છે. દરિયાનાં મોજાંનો જુસ્સો નરમ પાડવા મનોરા પાસે બ્રેક-વોટર બાંધ્યું છે. અને ઠેકાણે ઠેકાણે ગોદીઓ બનાવી ઉતારૂઓને તથા માલને ચડાવવા ઉતારવાની સગવડ કરી છે. આ બ્રેકવોટરથી કરાંચીનું બારૂં ઘણું સહીસલામત બન્યું છે.



કરાંચી બંદર.

હિંદુસ્તાનનું દરિય પારના પશ્ચિમના દેશોનું સૌથી નજીકનું બંદર આ છે. તેથી તેનો વેપાર દુનિયાના મુલકોનાં બધાં મોટાં શહેરો

સાથે ચાલે છે. અહીંથી પશ્ચિમમાં મકરાણ કિનારો, ઈરાની-અખાત અને અરબસ્તાન માટે આગબોટોની નિયમિત આવ જા થાય છે. વળી પૂર્વના દેશોના વેપાર માટે પણ તેવીજ સગવડ થઇ છે. એટલે આગબોટો મારફત કચ્છ, કાઠિયાવાડ અને હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનાં બંદરો કરાંચી સાથે જોડાઈ ગયાં છે.

આ રીતે કરાંચી જળમાર્ગ વડે આજુબાજુનાં પૂર્વ પશ્ચિમનાં બંદરો સાથે જોડાએલું હોવા ઉપરાંત રેલ્વે લાઇનથી તે પંજાબ અને રજપુતાના સાથે જોડાએલું છે તેથી ત્યાંનો ઘણો માલ કરાંચી આવી પરદેશ જાય છે.

આયાત નિકાસ.

નિકાસ:—આ બંદરેથી કપાસ, અનાજ, ઘઉં, ચામડાં, તેલી બીઆં, ઊન વગેરે કાચો માલ વિલાયત જાય છે.


આયાતઃ—કાપડ, ખાંડ, લોઢા ને ચામડાનો સામાન, દારૂ, હુન્નરની અનેક ચીજો, સાંચા કામ, ઘડિયાળો, રમકડાં, કેરોસીન વગેરે અનેક ચીજો પરદેશથી અહીં આવે છે.

કરાંચીમાં આવતો વિલાયતી માલ રેલ્વે રસ્તે બલુચિસ્તાન અને પંજાબ તરફ મોકલાય છે.

કેટીબંદરઃ—સિંધુ નદીના ડેલ્ટામાં આ બંદર આવેલું છે તેથી તેને કેટી (ડેલ્ટા) બંદર નામ આપેલું છે આ ઘણું નાનું બંદર છે તેથી વહાણો મારફત કેટલોક વેપાર ચાલે છે.

હવાઇ વિમાન માર્ગ.

સામે આપેલો નકશો જુઓ. વિલાયતથી હવાઇ વિમાન કયે રસ્તે અહીં આવે છે તે તેમાં બતાવેલું છે. હાલમાં કરાંચીથી



વિમાન માર્ગે **વિલાયત** જવા આવવાની અને ટપાલ લાવવા લઇ જવાની ગોઠવણ થઇ છે. **વિલાયતથી** આવતાં વિમાનો અહીં ઉતરે છે. પછી હૈદ્રાબાદ થઇ **દિલ્હી** જાય છે. વિમાન માર્ગે આગબોટ કરતાં અર્ધા વખતમાં **વિલાયત** પહોંચી શકાય છે. ટપાલની આવી

ઝડપી ગોઠવણ થવાથી વેપારની વૃદ્ધિ થઇ છે. અને કરાંચી શહેરની અગત્ય હિંદુસ્તાનનાં કોઇ પણ શહેરો કરતાં વધી છે. આથીજ કરાંચીને પશ્ચિમ હિંદનો સિતારો કહે છે.

વેપાર.

અંગ્રેજી રાજ્ય થયા અગાઉ સિંધનો વેપાર સિંધનાં શહેરો વચ્ચેજ ચાલતો. કાફલા અને વણજારો વાટે દૂરના મુલકો જોડે ઘણો થોડો વેપાર થતો. હાલમાં રેલ્વે રસ્તાના બહોળા વિસ્તારથી અને જળમાર્ગથી સિંધનો અંદરનો તેમજ બહારનો વેપાર ઘણો વધ્યો છે. મોટા રસ્તા પર પોલીસનો ઠામ ઠામ બંદોબસ્ત હોવાથી જમીન માર્ગે પણ માલની સહીસલામતી જળવાય છે. તાર ને ટપાલની સગવડથી વેપારને ઘણો ફાયદો થાય છે.


આ ઉપરાંત સિંધમાં ઘણે ઠેકાણે મોટા મેળા ભરાય છે. આ મેળામાં ઘણાં માણસો એકઠાં થાય છે. આસપાસના પ્રદેશમાં થતી ચીજો વેપારીઓ આ મેળામાં લાવે છે અને આ રીતે અહીં વેપાર ચાલે છે. સિંધના ઘણાખરા મેળા ધાર્મિક સ્થાનો કે તીર્થ સ્થાનોમાંજ ભરાય છે. કેટલાક મેળાઓ અઠવાડીઆ સુધી ચાલે છે જ્યારે કેટલાક માત્ર એક દિવસમાંજ પુરા થાય છે.

૫૬ મા પૃષ્ટ પર જણાવેલા મુખ્ય મેળાઓ ઉપરાંત નીચેની જગાઓએ પણ મેળા ભરાય છે તેમાં વેપાર ભાગ્યેજ થાય છે.

(૧) ઝોક:—કરાંચી જીલ્લામાં છે. અહીં શાહ અનાયતુલ્લા સુફીનો મેળો ભરાય છે.

(૨) શાહભીટ:—હાલાની નજીક છે. શાહ અબ્દુલ લતીફનો અહીં મેળો ભરાય છે.

(૩) સખ્ખર, રોહરી, મનોરા ને ગીઘુબંદરમાં ચૈત્ર સુદ બીજે મેળા ભરાય છે. રાણીપુરમાં દર વરસે મોટો મેળો ભરાય છે.



સિંધ ઐતિહાસિક અને યાત્રાનાં સ્થળો
ઈમામગઢ

મેળાનું નામ.	મેળો ભરાવાનું સ્થળ.	મેળો ભરાવાની તારીખ	મેળામાં થતો વેપાર.
શાહ યકીક. ...	શાહબંદર તાલુકો કરાંચી જીલ્લો.	ચૈત્ર મહીનાનો પહેલો રવિવાર.	સોનું રૂપું, કપડાં, ઝવેરાત, મિઠાઇ.
મુગલ ભીમ. ...	જાતિ તાલુકો જી. કરાંચી	ફાગણ વદ ૮.	દરેક જાતનો સામાન.
ઉદેરોલાલ અને નસરપુર.	હૈદ્રાબાદ જીલ્લો. ...	ચૈત્ર સુદ ૨.	અનાજ, સુસી, લાકડાંની ચીજો, રકમડાં, ઊંટ.
બદીન ...	ટંડો સ. ડી. હૈદ્રાબાદ જી.	રબીઉલની તા. ૧૧ મી	રેશમી સામાન, ચાંદીનાં વાસણ, ઊંટ.
ખુલરી. ...	હૈદ્રાબાદ જીલ્લો. ...	જીલ્હજ તા. ૯મી.	પિત્તળનાં વાસણો, રેશમ, ઊંટ, કચ્છી ચાંદી કામ.
લાલ શાહબાજ...	સેવાણ લાડકાણા જીલ્લો.	સાબાન તા. ૧૭ મી.	ગાલીચા, વાસણ, કપડાં, રમકડાં, જાનવરો.
પીર પઠોરો. ...	પિથોરો નારો સ. ડી. થરપારકર.	ભાદરવો મહીનો.	ભરતકામ, ચાંદીનો સામાન, નત (ઊંટ પર રાખવાની ગાદી) રમકડાં, અનાજ, કપડાં, ઊન.

રાજ્ય વહીવટ.

આપણે અગાઉ વાંચી ગયા કે આપણા દેશમાં હાલ **અંગ્રેજ** સરકારનું રાજ્ય છે. આપણા **શહેનશાહ પાંચમા જ્યોર્જ ઈંગ્લાંડમાં લંડન** શહેરમાં રહે છે. તેમના તરફથી નીમાયેલા અમલદારો અહીં આખી કારભાર કરે છે. **હિંદુસ્તાનના સૌથી** વડા અધિકારી **વાઈસરોય** છે તે **દિલ્હીમાં** રહે છે. **મુંબઈ ઈલાકાના** વડા અમલદાર **મુંબઈના ગવર્નર** છે તે **મુંબઈમાં** રહે છે. અને **સિંધ પ્રાંતના** વડા અમલદાર **કમિશનર** સાહેબ છે તે **કરાંચીમાં** રહે છે.

રાજકીય વિભાગ:—રાજકારભારની સગવડ માટે જે ભાગ કરવામાં આવ્યા હોય તે રાજકીય વિભાગ કહેવાય છે. આપણો **સિંધ પ્રાંત ૭ જીલ્લામાં** વહેંચાએલો છે. પૃષ્ટ ૩જા પરનો નકશો સિંધના જીલ્લા અને મુખ્ય શહેરો બતાવે છે તે જુઓ. આ દરેક જીલ્લાનો વડો અમલદાર **કલેકટર** કહેવાય છે તે **કમિશનર** સાહેબની દેખરેખ તળે જીલ્લાનો કારભાર કરે છે. **કરાંચી** જીલ્લાની જેમ **સિંધના** બધા જીલ્લાઓ **સબ ડીવીઝનમાં** વહેંચાએલા છે. **કલેકટરોના** હાથ નીચે દરેક સબડીવીઝન વાર **આસિસ્ટન્ટ કલેકટરો** યા **ડેપ્યુટી કલેકટરો** છે. તેમના હાથ નીચે તાલુકા વાર **મુખત્યારકારો** છે. **મુખત્યારકારોના** હાથ નીચે **તપ્પાવાર તપેદારો** હોય છે. **તપેદાર** પોતાના તપ્પામાં આવેલાં ગામોનું કામકાજ દરેક ગામમાં રહેતા **પટેલોની** મદદથી કરે છે.

ઉપરના તમામ અમલદારો જમીન મહેસુલ ઉઘરાવે છે. લોકોમાં સલાહશાંતિ, સુખાકારી અને આબાદી ફેલાય તેવા પ્રયત્નો કરે છે. મહેસુલ લેનાર અને જમીનનું વેચાણ કરનાર ખાતું તે **રેવન્યુ ખાતું** કહેવાય છે.

સિંધ પ્રાંતમાં એક **દેશી રાજ્ય** છે તે **ખૈરપુર** સંસ્થાન છે. જે મુલક પર દેશી રાજાઓ રાજ્ય કરે છે તેને દેશી રાજ્ય કહે છે. દેશી રાજાઓ સરકારની દેખરેખ તળે પોતાના રાજ્યમાં કારભાર ચલાવે છે. સરકાર તરફથી આ દેશી રાજ્ય પર સખ્ખર જીલ્લાના કલેકટર સાહેબ દેખરેખ રાખે છે. દેશી રાજય પર દેખરેખ રાખનાર અમલદાર **પોલીટીકલ એજન્ટ** કહેવાય છે.


ઘરની વ્યવસ્થા માટે જેમ કુટુંબનાં માણસોને જુદાં જુદાં કામ કરવાં પડે છે તેમ **ગામ, તપ્પા, તાલુકા, સબ ડીવીઝન, જીલ્લા** અને **પ્રાંતનો** કારભાર ચલાવવાને સરકારે જુદાં જુદાં ખાતાં રાખેલાં છે.

લશ્કરઃ—જ્યારે કોઇ દુશ્મન દેશ પર ચડી આવે અને લોકોને હેરાન કરે ત્યારે આપણે દુશ્મનને પહોંચી શકીએ નહિ માટે સરકાર લશ્કર રાખે છે. મુલકમાં સુલેહ શાંતિ રાખવા અને દુશ્મનોથી બચાવવા આ લશ્કર ખપ લાગે છે.

પોલીસઃ—આપણને ચોર, લુંટારા અને ઠગ લોકોથી બચાવવા તેમજ દોષિતને પકડી કોર્ટમાં રજુ કરવા આ ખાતું છે. જીલ્લા દીઠ એક **પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ** હોય છે. તેમના હાથ નીચે **પોલીસ ઇન્સ્પેકટર, સબ ઇન્સ્પેકટર, જમાદાર, નાયક** વગેરે અમલદારો છે. નાનાં ગામડાંમાં આ કામ **પોલીસ પટેલ** કરે છે.

દિવાની ખાતું:—કોઇ કોઇનું ખુન કરે, પૈસા યા જમીન ખાઇ જાય અથવા ઠગાઇ કરે તેનો નિકાલ કરવાનું તેમજ લોકોના લેણદેણને લગતા કજીઆ પતાવવાનું કામ આ ખાતાનું છે. સિંધમાં સૌથી વડી અદાલત કરાંચીમાં છે તે **જ્યુડિશિયલ કમિશ્નરની** કોર્ટ કહેવાય છે. આ ખાતાના સૌથી વડા અમલદાર સિંધ પ્રાંતના જ્યુડિશિયલ

કમિશ્નર છે. તેમના હાથ નીચે ઘણા જજો છે તે જુદા જુદા શહેરોમાં ન્યાય આપવાનું કામ કરે છે.



Copyright J. A. Jagtiani, Karachi. જ્યુડિશિયલ કમિશ્નરની કોર્ટ

જેલ ખાતું:—કેદીના બંદોબસ્ત માટે જેલ ખાતું રાખ્યું છે. આથી કેદીઓ અંકુશમાં રહે છે.

કેળવણી ખાતું:—આપણી બધી દેશી ભાષાની અને અંગ્રેજી ભાષાની શાળાઓ આ ખાતાની દેખરેખ નીચે છે. વિભાગના ઉપરી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ છે. તેમના હાથ નીચે જીલ્લાવાર ડેપ્યુટીઓ અને આસિસ્ટન્ટ ડેપ્યુટીઓ હોય છે. તેઓ શાળાની પરીક્ષાઓ લે છે અને દરેક ઠેકાણે ફરી દેખરેખ રાખે છે. ઉંચી કેળવણી માટે કરાંચી અને હૈદ્રાબાદમાં આર્ટસ કોલેજો છે. હાઇસ્કુલની કેળવણી પૂરી કર્યા પછી આગળ અભ્યાસ તે કોલેજોમાં



Copyright J. A. Jagtiani Karachi. ડી. જે. સિંધ કોલેજ કરાંચી.

થાય છે. આ ઉપરાંત કરાંચીમાં એન્જીનીયરીંગ કોલેજ છે અને હૈદ્રાબાદમાં પ્રાથમિક શાળાના શિક્ષકો તૈયાર કરવા માટેની ટ્રેનિંગ કોલેજો છે. હુન્નર ઉદ્યોગની કેળવણી માટે ખૈરપુર, સખ્ખર ને જેકબાબાદમાં હુન્નરશાળાઓ છે.

બાંધકામ ખાતું:—સરકારી મકાનો, જાહેર રસ્તાઓ, તળાવો વગેરે બંધાવવા ને સમરાવવા સરકાર આ ખાતું ચલાવે છે. આ ખાતાના વડા અમલદાર પ્રાંતના ઇજનેર સાહેબ છે. તેમના હાથ નીચે જીલ્લા વાર ઇજનેરો અને ઓવરસીઅરો હોય છે.

ઇરીગેશન ખાતું:—નહેરો અને બંધોના નિયમિતપણા માટે અને નહેરો વાટે જમીનદારોને પાણી પુરૂં પાડવા માટે આ ખાતું છે. તેમનું કામ નવી નહેરો બાંધવાનું, ચાલુ નહેરોને

તથા બંધોને મરામત કરાવવાનું, અને જમીનદારોને ખપ મુજબ પાણી આપવાનું છે. આ ખાતાના સૌથી વડા અમલદાર **એકઝીક્યુટીવ એન્જીનીયર** છે. તેમના હાથ તળે બીજા **એન્જીનીઅરો** ને **ઓવરસીયરો** છે. સિંધુમાં પૂર આવે છે ત્યારે અગાઉથી સાવચેતીના ઉપાયો લઇ આ ખાતું લોકોને ઘણી મદદ કરે છે.

સુખાકારી ખાતું:—માંદાંની માવજત માટે અને ગરીબોને મફત દવા આપવા માટે આ ખાતું છે. દરેક જીલ્લાના મુખ્ય ગામમાં એક **હોસ્પીટલ** હોય છે તે **સિવિલ હોસ્પીટલ** કહેવાય છે. તેના વડા **સિવિલ સરજન** છે. તેમના હાથ નીચે તાલુકા વાર દવાખાનાં હોય છે.

સેનેટરી ખાતું:—જન્મ મરણની નોંધ રાખવા, રૈયતને શીળી અને માતા વગેરેથી બચાવવા અને જાહેર તંદુરસ્તીની સંભાળ માટે **સેનેટરી ખાતું** છે. તે **આસિસ્ટન્ટ ડીરેકટર ઓફ પબ્લીક હેલ્થ ઈન સિંધના** હાથમાં છે. પ્લેગ, કોલેરા, ઈન્ફલ્યુએન્ઝા વગેરે રોગો અટકાવવા આ ખાતું કાળજી રાખે છે.

દુકાળ:—ઉપર જણાવેલા રોગોથી પણ મોટો દુશ્મન દુકાળ છે. ઘણું ખરું **થરમાં** દુકાળ પડે છે. આ દુકાળના ત્રાસમાંથી લોકોને બચાવવા સરકાર, બાળકોને જેમ માબાપ ખોરાક આપે તે રીતે ખોરાક પૂરો પાડે છે. આવે વખતે સરકાર બચાવનાં કામો ખોલે છે. જેવાં કે નહેરો ખોદાવવી, રસ્તા બનાવવા, તળાવો ખોદાવવાં, ઝાડો રોપાવવાં વગેરે. આથી કેટલાંય માણસોને રોજી મળે છે. જે જે ભાગમાં આવાં કામો ખોલી શકાતાં નથી ત્યાં સરકાર સસ્તે ભાવે અનાજ વેચવાની વ્યવસ્થા કરે છે.

મેનેજરી ખાતું:—જમીનદારો પર થઇ ગયેલા કરજને ફેડવા આ ખાતું છે. તે દેવાદાર જમીનદારોની જમીન અમુક વખત પોતાના હાથમાં લઇ તેઓને કરજમાંથી મુકત કરે છે.

સેટલમેન્ટ ખાતું:—જમીનનું માપ કરવું, ગામ, તપ્પા, કે તાલુકાના નકશા બનાવવા વગેરે કામ કરનાર ખાતાને **સેટલમેન્ટ ખાતું** કહે છે.

જંગલ ખાતું:—જંગલોની સંભાળ રાખવા આ ખાતું છે. તે કોન્ઝરવેટરના હાથ નીચે છે.

પોસ્ટ અને તાર ખાતું:—શહેરો અને મોટાં ગામડામાં ચાલતી ટપાલ ઓફીસો ને તાર ઓફીસોનો આ ખાતામાં સમાવેશ થાય છે. તેમનું કામ કાગળો અને તારો એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવાનું છે. આ ખાતાના વડા **પોસ્ટ માસ્તર જનરલ** છે તે કલકત્તામાં રહે છે.

લોકલ ફંડ ખાતું:—સરકાર જમીન મહેસુલ લે છે તે ઉપરાંત રૂપિયે એક આના પ્રમાણે ખેડુતો પાસેથી વસુલ કરી તેનું એક ફંડ સ્થાપ્યું છે. તે લોકલ ફંડ કહેવાય છે. આ ફંડનો ઉપયોગ જાહેર રસ્તાઓ, કુવા, વાવ, તળાવો વગેરે બંધાવવામાં અને નિશાળો તેમજ દવાખાનાં ચલાવવામાં થાય છે. આ ફંડનો કારભાર પ્રજા અને સરકારના માણસો ભેગા મળી કરે છે. દરેક તાલુકા અને જીલ્લા વાર આવાં મંડળો છે. તે **તાલુકા લોકલ બોર્ડ** અને **જીલ્લા લોકલ બોર્ડ** કહેવાય છે.


મ્યુનીસીપાલીટી:—મોટાં શહેરનો વહીવટ કરવા માટે શહેરમાંથી લાયક માણસોને ચૂંટી કાઢવામાં આવે છે. તેમાંથી તેઓ પ્રમુખ, ઉપ પ્રમુખ અને કાર્યવાહક મંડળ ચૂંટી કાઢી વહીવટ કરે છે. મ્યુનીસીપાલીટીનું મુખ્ય કામ પ્રાથમિક શાળાઓ ચલાવવી, શહેરની સુખાકારી જાળવવી, રસ્તા અને સડકો બંધાવી સાફ રખાવવાં દીવાબત્તી કરવી, શહેરને સ્વચ્છ પાણી પૂરૂં પાડવું વગેરે હોય છે. ઉપરનાં કામો કરવા માટે તે જમીનદારો અને મકાન માલેકો

પાસેથી કર લઇ અને આવતા જતા માલ પર જકાત લઇ પૈસા ભેગા કરે છે.

આ સિવાય **આબકારી** ખાતું, કસ્ટમ ખાતું, ગુન્હા શોધક ખાતું વગેરે ઘણાં ખાતાં છે. આ જુદાં જુદાં ખાતાં માટે જુદા અમલદારો હોય છે તેમના કામ પર કમિશ્નર સાહેબ દેખરેખ રાખે છે.

લશ્કર આપણને દુશ્મનોથી બચાવે છે, **પોલીસ** આપણું ચોર અને લુંટારાથી રક્ષણ કરે છે, **રેલ્વેથી** આપણે સસ્તી અને સગવડ ભરી લાંબી મુસાફરી કરી શકીએ છીએ. **ટપાલ** આપણા કાગળો અર્ધા આના જેટલી નજીવી રીથી હજારો માઇલ લઈ જાય છે. **રસ્તા, શાળાઓ, હોસ્પીટલો** વગેરે પણ આપણા સુખ માટેજ છે. આ બધાં લોકહિતનાં ખાતાં ચલાવવા માટે સરકારને ઘણો ખર્ચ થાય છે. રૈયતના ફાયદા માટે રૈયતેજ કર આપવો જોઇએ. એટલે સરકાર આ ખર્ચ પૂરો કરવાને જમીન મહેસુલ લે છે. જે માણસોની કમાણી દર વરસે બે હજારથી વધારે હોય તેઓ પાસેથી ઇન્કમ-ટેકસ લે છે અને દેશમાં જતા આવતા માલ પર જકાત લે છે. આ વિાય રેલ્વે, ટપાલ, તાર અને **બીજાં ખાતાંમાંથી** પણ બચાવ થાય છે.

સરકારને જે ઉપજ મળે છે તે તે ખજાનામાં રાખી મૂકતી નથી. પણ તે ઉપજ લોકોને સુખ, સલાહશાંત અને સગવડનાં સાધનો મારફત પાછી મળે છે. આથી આપણે જાણવું જોઇએ કે રૈયતે પોતાનાં સુખ તથા સગવડો માટે સરકારને કર આપવો જોઇએ.


સિંધ. રાજકીય ભાગો.
જીલ્લા.
સ. ડી.
તાલુકા
ખીપરો
ઉમરકોટ
છાછરો
માઠી
ડીપલો
જીલ્લા, સબડીવીઝન, તાલુકા.

ભાગ ૨ જો.—વિશેષ ભૂગોળ.

સિંધ પ્રાંતનું જીલ્લાવાર વર્ણન.

(ઐતિહાસિક અને યાત્રાનાં સ્થળોના વર્ણન સાથે.)

કરાંચી જીલ્લો.

સિંધુ નદીના મુખવાળો સિંધના નૈઋત્ય ખુણાનો તમામ ભાગ આ જીલ્લામાં છે. તેની ઉત્તરે લાડકાણા જીલ્લો, પૂર્વે સિંધુ નદી, દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે બલુચિસ્તાન અને લસબેલાનો મુલક છે. તેનો વિસ્તાર ૧૧૦૦૦ ચોરસ માઇલ અને વસ્તી ૫૪૦૪૭૮ માણસની છે.

જમીનઃ—પશ્ચિમ અને ઉત્તર તરફનો ભાગ ટેકરાવાળો છે તે કોહીસ્તાન કહેવાય છે. દક્ષિણમાં જમીન નીચી છે તે લાડ કહેવાય છે. આ ભાગમાં દરિયાનું પાણી ફરી વળે છે. તેથી જમીન ખારી છે. સિંધુના કાંઠા પરનો ભાગ રસાળ છે.

આબોહવા:—કોહીસ્તાનમાં વરસાદ થોડો આવે છે. ત્યાંની હવા મધ્યમસર છે. લાડની હવા રોગિષ્ટ છે. દરિયા કિનારા પરની હવા ખુશકારક છે.

ખેતીની પેદાશઃ—જુવાર, લાલ ચોખા, શેરડી, ઘાસ.

ઉદ્યોગઃ—કોહીસ્તાનમાં ઘાસ થાય છે એટલે લોકો ઢોર પાળે છે. નદી અને દરિયા કિનારા પરના લોકો ઘણે ભાગે માછલાં પકડે છે. બાકીના ભાગના લોકો મુખ્યત્વે ખેતી કરે છે.

એ જીલ્લામાં નીચે મુજબ સબ ડીવીઝન અને તાલુકા છે.

સબ ડીવીઝન	તાલુકા અને મહાલ.
ઠઠ્ઠા. ...	કરાંચી, ઠઠ્ઠા, મીરપુર સાકરા, ઘોડાબારી અને કેટી બંદર મહાલ.

સબ ડીવીઝન. તાલુકા અને મહાલ.


કોટ્રી. ... કોટ્રી, માઝાંદ મહાલ, કોહીસ્તાન મહાલ.


શાહબંદર... મીરપુર ભઠોરા, સુજાવલ, જાતિ, શાહબંદર.

મુખ્ય શહેરો.

કરાંચીઃ—સિંધનું મુખ્ય શહેર કરાંચી છે. તેથી કમિસ્નર સાહેબ અહીં રહે છે. પશ્ચિમ હિંદુસ્તાનનું આ મુખ્ય બંદર છે. તેથી દુનિયાના તમામ દેશો સાથે તેનો વેપાર ચાલે છે. ઘઉં, રૂ, ઊન, ચામડાં, હાડકાં તેલીબીયાં વગેરે કાચો માલ અહીંથી પરદેશ ચડે છે. અને વિલાયતી કાપડ, સાંચા કામ, ખાંડ, રમકડાં, દારૂ, ચામડાનો સામાન વગેરે અહીં ઉતરે છે. અંગ્રેજ સરકારના તાબામાં આવ્યા પહેલાં આ ગામ બહુ નાનું હતું અને સારૂં બંદર પણ ન હતું. પાછળથી બંદરને ઘણું સુધાર્યું છે. બંદરના ભાગને કેમારી કહે છે. બંદર પાસે દરિયામાં આવેલા મનોરા બેટ પર કિલ્લો છે. ત્યાં લશ્કર ને દારૂગોળો રહે છે. વળી ત્યાં એક ખડક પર વહાણો તથા આગબોટોને સહીસલામત પસાર થવા માટે દીવાદાંડી બાંધવામાં આવી છે. અહીં ઇ. સ. ૧૮૩૮ માં મીરોના બલોચ લશ્કરને અંગ્રેજી લશ્કરે હરાવ્યું હતું. વળી કરાંચી પાસે ઇ. સ. ૧૭૮૨ માં મિત્ર ચોકડીએ કલાતના હાકેમ તરફથી રહેતા નવાબને હરાવ્યો હતો. શહેરમાં ગવર્નમેન્ટ હાઉસ, સિંધ કોલેજ, દિવાની ને ફોજદારી કોર્ટો, જાહેર મકાનો લાઇબ્રેરીઓ અને ખાનગી શેઠીઆઓનાં મકાનો જોવા લાયક છે. ઘણી યુરોપીઅન પેઢીઓ પરદેશથી અહીં વેપાર કરવા આવેલી છે. શહેરમાં ટ્રામ ચાલે છે ને રાત્રે વિજળીની રોશની થાય છે. મુસાફરો અને માણસોની આવજા માટે કેમારી સુધી રેલ્વે લંબાવી છે. સીટી સ્ટેશન અને કેન્ટોન્મેન્ટ સ્ટેશન પણ જોવા લાયક છે. ફ્રિઅર હોલ પાસે

કરાંચી શાહેરનાં જાણવાલાયક સ્થળો.





મહારાણી વિકટોરીઆનું અને શહેનશાહ એડવર્ડનું બાવલું છે. મહારાણીનુ બાવલું આપણા હાલના શહેનશાહ જ્યોર્જ પાંચમાએ તા. ૧૭ મી માર્ચ ૧૯૦૬ ના રોજ ખુલ્લું મૂક્યું હતું.

ડ્રીગ રોડઃ—કરાંચીથી પૂર્વે ૯ માઇલ પર નાનું સ્ટેશન છે. કરાંચી વિમાની સ્ટેશન થવાથી અહીં વિમાનોને રાખવાની અને ઉતરવાની સગવડ કરેલી છે. વિમાનોને ચડવા ઉતરવા માટે એક મોટો લાદાનો એરોડ્રોમ બાંધેલો છે. દુનિયાનાં સારામાં સારાં વિમાની સ્ટેશનોમાંનું એક તે છે. ધીમે ધીમે લોકોની પણ અહીં વસ્તી વધતી જાય છે.

ઝરખ—ઠઠ્ઠા તાલુકામાં સિંધુ નદી પર નાનું શહેર છે. અગાઉના યુદ્ધના વખતનાં અહીં ખંડેરો છે.

ઝમ્પીર—ઠઠ્ઠા તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. અહીં શિવનું મંદિર છે. તેનો દરવરસે ફેબ્રુઆરીમાં મેળો ભરાય છે. અહીંથી ૨॥ માઇલ દૂર સોનેરી ઢંઢ પર રમણિય સ્થાનમાં અમીરપીરની કબર છે. ત્યાં પણ મેળો ભરાય છે. અગાઉ અહીં ખોજા લોકોનું સંસ્થાન હતું.

ઝોકઃ—મૂળચંદ નહેર પર મીરપુર ભઠોરો તાલુકામાં નાનું ગામ છે. ઇનાયતુલ્લા સુફીની અહીં કબર છે. તેનો સફર મહીનાની ૧૭ મી તારીખે દર વરસે મેળો ભરાય છે તે ત્રણ દિવસ ચાલે છે.

કેટીબંદર—હજામરો નહેર પર આવેલું આ નાનું બંદર કેટીબંદર મહાલનું મુખ્ય શહેર છે. ત્યાં મહાલકારી રહે છે. વહાણો ને નાની આગબોટો મારફત થોડો વેપાર ચાલે છે.

કોટ્રી—કોટ્રી તાલુકાનું મુખ્ય શહેર સિંધુના જમણા કાંઠા પર રેલ્વેનું મોટું જંકશન છે. ત્યાંથી હૈદ્રાબાદ જતાં રસ્તામાં

નદી પર રેલ્વેનો પૂલ છે તે કર્ઝન પૂલ કહેવાય છે. ત્યાં દારૂ ગાળવાની ભઠ્ઠી છે.

કોટ્રી અલ્લારખ્યો શાહ:—ઘોડાબારી તાલુકાનું મુખ્ય ગામ છે. આ ગામથી ૪ માઈલ છેટે ઉદેરોલાલ છે તેના મેળાની હકીકત આપણે અગાઉ વાંચી ગયા છીએ.

લાંડીઉ:—**શાહ બંદર** તાલુકામાં આવેલા આ ગામ પાસે **શાહ યકીકનો** મેળો ભરાય છે.

લક્કી:—**માઝાંદ** મહાલમાં સિંધુના કિનારા પર નાનું ગામ છે. ત્યાંથી બે માઇલ દૂર પહાડમાં ગરમ પાણીનાં ઝરણુ છે તે ધારા-તીર્થ કહેવાય છે. ત્યાં શિવરાત્રી ઉપર મેળો ભરાય છે.

મીરપુર ભઠોરા:—તાલુકાનું મુખ્ય ગામ છે. ત્યાં લાખનું કામ સારૂં થાય છે.

મગરપીર:—**કરાંચીથી** ૧૦ માઇલ પર તેજ તાલુકામાં પીરની જગા છે. ત્યાં ઉના પાણીના કુંડ છે. ત્યાંના એક કુંડમાં ઘણા મગર છે.

મીરપુર સાકરો:—તેજ તાલુકાનું મુખ્ય ગામ છે. ત્યાંથી ૧૦ માઇલ દૂર શેખ હાજી તુરાબીની કબર છે.

મુગલભીમ:—જાતિ તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં મુગલ અને ભીમની કબરો છે. ત્યાં દર વરસે મેળો ભરાય છે.

પીરપઠો:—ઘોડાબારી તાલુકામાં છે. અહીં પીરની કબર છે. તેને હિંદુઓ ગોપીચંદની સમાધિ ગણે છે. તેમાં દર વરસે પીર-પઠાનો મેળો ભરાય છે.

સન:—**માઝાંદ** મહાલમાં છે. અહીંથી થોડે દૂર રાણીકા કોટ છે. તે મીર કરમઅલ્લી ટાલપુરે બંધાવ્યો હતો.

શાહબંદર:—**શાહબંદર** તાલુકાનું મુખ્ય ગામ અગાઉ સારૂં બંદર હતું. ત્યાં મીરોનાં ૧૫ વહાણો રહેતાં તેથી ગામનું નામ શાહ-

બંદર પડયું છે. કલરી નહેર થયા અગાઉ લારીબંદર અને ધરાજા લાડનાં મુખ્ય બંદરો હતાં.

શિરગંઢા અથવા સન્ડો બંદર;—જાતિ તાલુકામાં મુગલભીમથી થોડે છેટે શીર ખાડી પર બંદર છે. અહીં કુદરતી રીતે પુષ્કળ મીઠું બને છે.

ઠઠ્ઠાઃ—ઠઠ્ઠા તાલુકાનું મુખ્ય શહેર જુના વખતમાં સિંધની રાજધાની હતું. આ જુનું શહેર હાલમાં પડી ભાગ્યું છે. તો પણ અગાઉના વખતનાં ઘણાં મકાનો જોવા લાયક છે. તેમાં શાહજહાં બાદશાહે બંધાવેલી જુમા મસીદ મુખ્ય છે. આ શહેરને સિંધુના પાણીથી ઘણીવાર નુકશાન થાય છે. લુંગીઓ વણવાનું કામ અહીં સારૂં થાય છે. એની પાસે મકલી ટેકરી પર ઘણી કબરો છે. મકલી પાસે અગાઉ કલાકોટ નામે કિલ્લો હતો. ઠઠ્ઠા પાસે ઈ. સ. ૧૦૨૪ માં મહમદ ગીઝનીના સરદાર અબ્દુલ રઝાકે કાદર ભાલા અબ્બાસને હરાવ્યો હતો અને ઇ. સ. ૧૫૨૦ માં શાહબેગ અર્ગુને જામ ફૈરોઝને હરાવ્યો હતો.

સમઇનગરઃ—ઠઠ્ઠાની ઉત્તરે શહેર હતું. તે સમા લોકોની રાજધાની હોવાથી સમઈનગર કહેવાતું.

મ્હારીપુર—કરાંચી તાલુકામાં કરાંચી શહેરથી ૬ માઇલ દૂર દરિયા કિનારે છે ત્યાં મીઠાના અગર છે.

થાણો બુલાખાનઃ—કોહીસ્તાન મહાલનું મુખ્ય શહેર છે. અહીં ભરતનું કામ તથા ઊંટ પર નાખવાની ઊનની ગાદીઓ સારી થાય છે. નુરમામદ કલહોરાના વખતમાં અહીં બુલાખાનનું લશ્કરી થાણું હતું માટે ગામનું નામ થાણો બુલાખાન પડયું છે.

જુંગશાહીઃ—ઠઠ્ઠા તાલુકામાં મોટું રેલ્વે સ્ટેશન છે. ત્યાંથી ઠઠ્ઠા જવાની સડક છે.

ભંભોર:—મીરપુર સાકરા તાલુકામાં ધારે ખાડી પર ઘણું જુનું ગામ છે. તેને અગાઉ **દેવળ બંદર** કહેતા. ત્યાં **મહમદ કાસમે** ઇ. સ. ૭૧૨ માં ઘેરો ઘાલ્યો હતો. સિંધી કવિઓએ ગાએલી **સંસુઇ** (શશી પુન્હુ) અહીં ઉછરી હતી.

ઉનડપુર:—કોટ્રી તાલુકામાં આવેલું ઐતિહાસિક ગામ રેલ્વેનું સ્ટેશન છે. ત્યાં ઇ. સ. ૧૫૯૦ માં **ખાનખાનાને જાનીબેગને** હરાવ્યો હતો.

આ સિવાય **સુજાવલ** ને **માઝાન્દ** તેજ નામના તાલુકા અને મહાલનાં મુખ્ય શહેરો છે.

હૈદ્રાબાદ જીલ્લો.

આ જીલ્લો **કરાંચી** જીલ્લાની પૂર્વમાં સિંધુના પૂર્વ કિનારા પર આવેલો છે. એની જમીન લગભગ સપાટ છે. એમાં ઘણી નહેરો હોવાથી પાક સારો થાય છે. તેમાં કેટલીક જમીન ખારી છે તે ઉજડ છે. દક્ષિણ ભાગની જમીન લાડ કહેવાય છે. તેમાં પર્વતો નથી માત્ર હૈદ્રાબાદ પાસે નાની ટેકરી છે. તેને ગાંજો ટેકરો કહે છે. આ જીલ્લાના થોડા ભાગમાં જંગલ છે.

સીમા:—ઉત્તરે **નવાબશા** જીલ્લો, પૂર્વે **નવાબશા** અને **થરપારકર** જીલ્લો દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે **સિંધુ** નદી છે.

વિસ્તાર:—આ જીલ્લાનો વિસ્તાર ૪૪૦૦ ચોરસ માઇલ એટલે **કરાંચી** જીલ્લાના બે પંચમાશ ભાગ જેટલો છે, પણ વસ્તીમાં તેનાથી મોટો છે. તેની વસ્તી ૬૧૨૦૦૦ માણસની છે.

આબોહવા:—દક્ષિણમાં **લાડની** હવા રોગિષ્ટ છે. બાકીના ભાગમાં હવા મધ્યમસર છે.

ખેતીની પેદાશઃ—આ જીલ્લાની જમીન સારી છે અને નહેરા પુષ્કળ છે એટલે પેદાશ સારી થાય છે. મુખ્ય પેદાશ ચોખા, બાજરી ને કપાસ છે.

ઉદ્યોગઃ—જંગલ પાસેના લોકો લાકડાં તથા કોયલા બહારગામ મોકલે છે. વળી કારીગીરી માટે આ જીલ્લો આખા સિંધમાં વખણાય છે. કારીગીરીમાં શેતરંજીઓ, રેશમી ને સુતરાઉ કાપડ, મીનાકારીનાં માટીનાં વાસણ, સંઘાડે ઉતારેલી લાકડાની ડાબલીઓ, હીર અને કસબનું ભરતકામ તથા ચામડાની વસ્તુઓ ખાસ વખણાય છે.

એ જીલ્લામાં નીચે મુજબ સબ ડીવીઝન અને તાલુકા છે.


સબ ડીવીઝન.	તાલુકા.
હાલા.	... હૈદ્રાબાદ, ટન્ડા અલાયાર, હાલા.
ટન્ડા.	... ગુની, બદીના, ટન્ડા બાગા, દેરા મોહબ્મદ.

મુખ્ય શહેરો.

હૈદ્રાબાદઃ—જીલ્લાનું મુખ્ય શહેર રેલ્વેનું જંકશન છે. તે ગાંજા ટેકરા પર બાંધેલું છે. આ જગાએ જુના વખતમાં નૈરૂન-કોટ નામે શહેર હતું. ત્યાં મહમદ બીન કાસીમે ઇ. સ. ૭૧૨ માં દાહર રાજાને હરાવ્યો હતો. અહીં ગુલામશાહ કલ્હોરાએ ઇ. સ. ૧૭૬૮ માં ફરતો કિલ્લો કરી રાજધાની કરી તેને હૈદ્રાબાદ નામ આપ્યું. આ કિલ્લો હજુ પણ છે. કલ્હોરા અને મીરોની તે ઘણો વખત રાજધાની રહી તેથી અહીં ઘણા મીરોની કબરો છે. તેમાં સેશન કોર્ટ, નવલરાય મારકીટ, સીવીલ હોસ્પીટલ, જેલ, હાઇ સ્કૂલો, પુરૂષો અને સ્ત્રીઓ માટેની ટ્રેનિંગ કોલેજો વગેરે ઘણી ઇમારતો જોવા લાયક છે. ટેકરી પર આવેલું



હૈદ્રાબાદનો કિલ્લો.



હોવાથી ત્યાંનાં હવા પાણી સારાં છે. તેમાં **લશ્કરી છાવણી** છે. જરીનું, સોના ચાંદીનું, રંગનું ને ભરતનું કામ અહીં સારૂં થાય છે. હેદ્રાબાદ પાસે **મીઆણી** અને દબા આવેલાં છે ત્યાં ઇ. સ. ૧૮૪૩ માં અંગ્રેજો ને **મીરો** વચ્ચે લડાઇ થઇ હતી.

ગીદુબંદરઃ—હેદ્રાબાદની પાસે સિંધુના કાંઠા પર આવેલું છે. દિવાન ગીદુમલે તે વસાવેલું હોવાથી તેનું નામ ગીદુબંદર પડયું છે. અહીં ગાંડાંની હોસ્પીટલ છે. ચૈત્ર સુદ બીજે અહીં મેળો ભરાય છે.

ટંડો જામઃ—હેદ્રાબાદ તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. એ ગામ જામખાન ટાલપુરે વસાવેલું છે તેથી તેને ટંડો જામ કહે છે. અહીં કપાસ લોઢવાનાં જીન છે. વેપાર સારો ચાલે છે.

હાલા. (નવા)—હાલા તાલુકાનું મુખ્ય શહેર મખદુમ મીર મહુમદે વસાવેલું કહેવાય છે. ત્યાં તેની પોતાની અને મીર મખ-દુમ નુહની કબરો છે. માટીનાં વાસણો પર રંગ ચડાવવાનું અને સુસીના વણાટનું કામ અહીં સારૂં થાય છે. આ શહેરની પશ્ચિમે થોડે છેટે જુનું હાલા છે. સિંધુનું પાણી ત્યાં ફરી વળતું તેથી લોકોએ નવું હાલા વસાવ્યું છે.

શાહજીભીટઃ—હાલા તાલુકામાં છે. તેમાં શાહ અબ્દુલ લતીફ ભીટાઇની કબર છે. ત્યાં સફર મહીનાની ૧૪ મી તારીખે મેળો ભરાય છે.

મતીઆરીઃ—હાલા તાલુકામાં છે. તેમાં ઘણી મસીદો અને કબરો છે. પીર હાશમશા અને રૂખનશાના અહીં મેળા ભરાય છે.

બદીનઃ—બદીન તાલુકાનું મુખ્ય ગામ હેદ્રાબાદ બદીન રેલ્વેનું છેલ્લું સ્ટેશન છે. અહીં જોડા ને ખેતીનાં ઓજાર સારાં

થાય છે. શાહ કાદરીનો અહીં મેળો ભરાય છે. તેમાં વેપાર સારો ચાલે છે.

બુલરી:—ગુની તાલુકામાં આવેલું છે. મતીઆરીના સૈયદ શાહ કરીમનાં અહીં કબર છે. ત્યાં દર વરસે મેળો ભરાય છે.

ખોરવા:—ગુની તાલુકામાં છે અહીં ચોખાનો પાક ઘણો સારો થાય છે. ગામના નામ પરથી ત્યાં થતા ચોખા ખોડવાઇ ચોખા કહેવાય છે.

માતલી:—હેરો મોહબત તાલુકાનું મુખ્ય ગામ કુલેલીના કાંઠા પર રેલ્વે સ્ટેશન છે. અહીં અગાઉ મતેલા કોમના લોકો રહેતા હતા તેથી ગામનું નામ માતલી પડયું છે. લોઢાની છરીઓ, દાતરડાં, કેરી ને શેરડી અહીં પુષ્કળ થાય છે.

નસરપુર:—ટંડો અલાયાર તાલુકામાં જુનું શહેર છે. ત્યાંનાં સુસી, ખેસ, નાડાં ને પેંડા વખણાય છે. મીનાકારીનું કામ પણ અહીં સારૂં થાય છે. ઉદેરાલાલનો જન્મ અહીં થયો હતો.

ઉદેરાલાલ:—હાલા તાલુકામાં નાનું ગામ છે. ઉદેરાલાલનું પ્રખ્યાત મંદિર તેમાં આવેલું છે. દરેક મહીનાની સુદ બીજે અહીં મેળો ભરાય છે ને સારો વેપાર થાય છે.

ટંડો અલાયાર:—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ રેલ્વેનું સ્ટેશન છે. તે મીર અલ્લાયારખાને વસાવેલું છે તેમાં મ્યુનીસી-પાલીટી છે. હાથી દાંત, રેશમ અને રંગના કામનો વેપાર અહીં સારો ચાલે છે. અહીં રામદેવનો મેળો ભરાય છે.

ટંડો મહમદખાન:—ગુની તાલુકામાં ગુની નહેરના કાંઠા પર આવેલું છે. તે મીર મહમદ ટાલપુરે વસાવ્યું હતું. આ ગામ રેલ્વે સ્ટેશન છે અને બગીચાઓ માટે ખાસ જાણીતું છે. અહીંના મુરબ્બા અને પેંઆ વખણાય છે. નજર મહમદશાનો અહીં મેળો ભરાય છે.

તલહાર:—બદીન તાલુકામાં ફુલેલીના કાંઠા પર રેલ્વે સ્ટેશન છે. તલહાર નામના એક માછીમારના નામ પરથી ગામનું નામ પડેલું કહેવાય છે. અગાઉ અહીં પ્રદર્શન ભરાતું.

ટંડો બાગો:—આ ગામ બાગાખાન ટાલપુરે વસાવ્યું હતું. અહીં કપડાં રંગવાનું કામ સારૂં થાય છે. સિંધના આગળના કમિશ્નર લોરેન્સ સાહેબની યાદગીરીમાં અહીં ગુલમહુમદ-ખાન ટાલપુરે "લોરેન્સ મદ્રેસા" નામની અંગ્રેજી સ્કુલ બંધાવી છે.

સૈયદપુર:—ગુની તાલુકામાં છે. આ ગામથી બે માઇલ દૂર સદરન જો થુલ (સદરનનો માટીનો સ્તંભ) છે. કહેવાય છે કે રાજારામનો દીકરો સદરન નાસતો નાસતો અહીં મરણ પામ્યો, ને તે જગાએ આપો આપ માટીનો સ્તંભ બન્યો. ઘણા માણસો ત્યાં જાત્રાએ જાય છે.

નવાબશાહ જીલ્લો.

આ જીલ્લો સિંધુના ડાબા કિનારા પર હૈદ્રાબાદ જીલ્લાની ઉત્તરે આવેલો છે. તેની ઉત્તર દક્ષિણ લંબાઇ ૧૦૪ માઇલ અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૬૪ માઇલ છે. તેનો વિસ્તાર ૩૮૬૬ ચોરસ માઇલ અને વસ્તી ૪૪૮૦૦૦ માણસની છે. આ મુલક અગાઉ હૈદ્રાબાદ જીલ્લામાં આવેલો હતો. ઇ. સ. ૧૯૧૨ થી આ જીલ્લાને જુદો પાડવામાં આવ્યો છે.

સીમા:—ઉત્તરે લાડકાણા જીલ્લો અને ખૈરપુર સંસ્થાન, પૂર્વે ખૈરપુર સંસ્થાન અને થરપારકર જીલ્લો, દક્ષિણે થરપાર-કર અને હૈદ્રાબાદ જીલ્લો અને પશ્ચિમે સિંધુ નદી છે. સિંધુ નદીનો પ્રવાહ વારંવાર બદલાતો હોવાથી તે પશ્ચિમ તરફની ચોકસ સીમા બતાવતી નથી.

જમીન:—લગભગ સપાટ અને રસાળ છે. ઇશાન ખુણામ **ખૈરપુર સંસ્થાન** આગળ રેતીના ટેકરા નજરે પડે છે તેને **ગાંજો** થર કહે છે. એમાં ઘણી નહેરો આવેલી છે.

ખેતીની પેદાશ:--ઘઉં, જુવાર, બાજરી અને કપાસ મુખ્ય છે.

આબોહવા:—આ જીલ્લાના ઉત્તર ભાગની હવા **સખ્ખર જીલ્લાને** મળતી છે. અને દક્ષિણ ભાગની હવા **હૈદ્રાબાદ જીલ્લાને** મળતી. છે.

હુન્નર ઉદ્યોગ:—લોકોનો મોટો ભાગ **ખેતી** કરે છે. **હૈદ્રાબાદ** જીલ્લાની જેમ આ જીલ્લો પણ **કારીગીરી** માટે પ્રખ્યાત છે.

તેમાં નીચેનાં **સબ ડીવીઝન** અને તાલુકા છે.

સબ ડીવીઝન.		તાલુકા.
નૌશેરા.	...	કંડિઆરો, નૌશેરો ફેરોઝ, મોરો, સકરંદ.
નસરત.	...	નસરત, શહદાદપુર, સંજોરો.

મુખ્ય શહેરો.

નવાબશાહ:—જીલ્લાનું મુખ્ય શહેર રેલ્વેનું સ્ટેશન છે. અહીં કપાસ લોઢવાનાં જીન છે. **નસરત** નહેરને આગળ લંબાવતી વખતે અને **જમરાઉ** નહેર ઉઘાડતાં આ તાલુકાના મુખ્ય ગામ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. જીલ્લાનું મુખ્ય શહેર થયા પછી તેનું નામ નસરત બદલી **નવાબશા** પાડયું છે. સીવીલ સ્ટેશનમાં સરકારી મકાનો ધ્યાન ખેંચે તેવાં છે.

શહેદાદપુર:—શહેદાદપુર તાલુકાનું મુખ્ય શહેર છે. તે **મીર શહેદાદખાન** ટાલપુરે વસાવેલું છે. અહીં કપાસ લોઢવાનાં જીન અને **મ્યુનીસીપાલીટી** છે. અગાઉ અહીં તેલની ઘાણીઓ ઘણી હતી. કપાસ, અનાજ અને તેલનો વેપાર ચાલે છે.

ટંડો આદમઃ—શહેદાદપુર તાલુકામાં મોટું ગામ છે. તે **આદમખાન મરીએ** વસાવેલું છે. આખા જીલ્લામાં સૌથી પ્રખ્યાત શહેર છે. કપાસ લોઢવાનાં અને ચોખા છડવાનાં અહીં કારખાનાં છે. રેલ્વે સ્ટેશન હોવાથી વેપાર દિન પર દિન વધતો જાય છે.

સકરંદઃ—એજ નામના તાલુકાનું મુખ્ય ગામ છે. અહીંથી મોરો જવાની સડક છે. શહેર પાસે એક સરકારી ખેતર છે. તેમાં ખેતીના સુધારા માટે અજમાયશો થાય છે.

મોરોઃ—મોરો તાલુકાનું મુખ્ય શહેર મોરો જાતના લોકોએ વસાવેલું છે. અગાઉ તેમાં સાબુ બનતો. અહીં ચીભડાં સારાં થાય છે.

દોલતપુરઃ—મોરોથી દક્ષિણે ૧૨ માઈલ પર નાનું ગામ છે. ત્યાં **નુરમહુમદ કલ્હોરાની** કબર છે.

ખદ્રોઃ—સંજોરો તાલુકામાં જમરાઉ નહેર પર રેલ્વે સ્ટેશન છે. એની પાસે મોટી ખાડ હોવાથી ગામનું નામ ખદ્રો પડયું છે. તેમાં ઘોડા પર રાખવાનાં પલાણ બને છે.

સંજોરોઃ—સંજોરો તાલુકાનું મુખ્ય શહેર છે. આ તાલુકામાં **શહેદાદપુરથી** ૮ માઇલ પૂર્વે **બ્રાહ્મણાબાદ** નામે જુના વખતમાં મોટું શહેર હતું. તેનાં ખંડેરો છે. **સિંધના** હિંદુ રાજાઓના વખતમાં આ બહુ આબાદ શહેર હતું. તે આઠમા સૈકામાં ધરતીકંપથી નાશ પામ્યું હોય તેમ જણાય છે. કહેવાય છે કે આ શહેરના નાશ વખતે જે માણસો બચ્યા તે **નસરપુરમાં** જઇ વસ્યા.

પડીદનઃ—નૌશેરો તાલુકામાં મોટું રેલ્વે સ્ટેશન છે. **પંજાબથી** આવી સિંધમાં વસવાટ કરવા ઇચ્છતા **દિવાન ઇડનમલે** તે વસાવેલું છે. તેમાં શેતરંજીઓ સારી થાય છે.

નોશેરો ફીરોઝઃ—તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર છે. નોશેરો ફીરોઝનો અર્થ ફિરોઝખાનનાં નવ ગામ એવો થાય છે. મીયાં યાર મહમદ કલ્હોરાના એક સરદાર ફિરોઝખાને આ ગામ વસાવી તેના નવ ભાગ પાડી દરેક ભાગમાં જુદી જુદી જાતો વસાવી હતી. ટાલપુરોનાં રાજ્યમાં અહીં મીરોનાં લશ્કરોનો દારૂગોળો રહેતો. આ શહેર હવે રેલ્વેનું સ્ટેશન થયું છે. તેમાં ગવર્મેન્ટ હાઇ સ્કૂલ ને મદ્રેસો છે. તેમાં ચાંદનીઓ વણવાનું અને ગરમ શેતરંજીઓ બનાવવાનું કામ સારૂં થાય છે.

થારૂશાઃ—નોશેરો તાલુકામાં છે. તે થારૂશા સૈયદે વસાવ્યું હતું. તેમાં નવલખી નહેર પર ઘણા બગીચા છે. અહીંનાં સંતરાં વખણાય છે. વણાટકામમાં નહાવાનાં ફાળીઆં બને છે. તેમાં એક અંગ્રેજી સ્કૂલ છે. તે રેલ્વે સ્ટેશન છે.

ભીરીયાઃ—નોશેરો તાલુકામાં ભીરીયા રોડ સ્ટેશન પાસે આવેલું મોટું ગામ છે. ભીરીયા નામના મુસલમાને તે વસાવેલું છે. સારી ઇમારતો અને પેંડા માટે તે જાણીતું છે. તેમાં એક અંગ્રેજી હાઇ સ્કૂલ છે તે કોરોનલ એકેડેમી કહેવાય છે.

કંડિયારોઃ—કંડિયારો તાલુકાનુ મુખ્ય ગામ છે. અગાઉ તેમાં મ્યુનીસીપાલીટી હતી. પ્રથમ આ જગાએ ફતેહપુર નામે શહેર હતું. નદીના પૂરને લીધે લોકોએ એક ઉંચી જગા પસંદ કરી ત્યાં નવું શહેર બાંધવાનું ઠરાવ્યું. આ ઉંચી જગા પર કંડીનાં જંગલ હોવાથી આ નવા શહેરનું નામ કંડિયારો પડયું હોય તેમ લાગે છે. તે રેલ્વેનું સ્ટેશન છે.

હાલાણી ને બેલાણીઃ—કંડિયારો તાલુકામાં નાનાં ગામો છે. તેમાં સાધુઓ રહે છે અને દર વરસે વૈશાખ સુદ બીજે મેળો

ભરાય છે. આ મેળામાં ફળ, શાકભાજી કાપડ, ઊંટના કાઠા વગેરેનો વેપાર થાય છે. હાલાણીરેલ્વે સ્ટેશન છે.

થરપારકર જીલ્લો.

આ જીલ્લો હૈદ્રાબાદ જીલ્લાની પૂર્વે આવેલો છે. વિસ્તારમાં તે સિંધમાં સૌથી મોટો છે પણ વસ્તી ઘણી ઓછી છે. તેનો વિસ્તાર ૧૩૬૩૮ ચોરસ માઇલ અને વસ્તી ૪૩૩૦૦૦ માણસની છે.

સીમા:—પશ્ચિમે હૈદ્રાબાદ અને નવાબશા જીલ્લો, દક્ષિણે કચ્છનું રણ, પૂર્વે રજપુસ્તાન અને ઉત્તરે ખૈરપુર સંસ્થાન છે.

કુદરતી દેખાવ:—આ જીલ્લાનો ઘણો ભાગ રેતાળ છે. પશ્ચિમનો ભાગ સપાટ અને ફળદ્રુપ છે. કારણ કે તેમાં પૂર્વનાળો, જમરાઉ. મીઠરાઉ વગેરે નહેરો આવેલી છે. રેતાળ ભાગમાં જ્યાં ત્યાં રેતીના મોટા ટેકરા નજરે પડે છે. કુવા ઘણા ઉંડા છે. રણમાં ઘણી જગાએ પાણી મળતું નથી. મુસાફરી માત્ર ઊંટ ઉપરજ થઇ શકે છે. દક્ષિણમાં નગરપારકર પાસે ડુંગરાવાળી જમીન છે. પૂર્વ ભાગમાં દૂર નજર પહોંચે ત્યાં સુધી રેતીના ટેકરા છે. પણ પશ્ચિમમાં ધાન્યથી લચી પડતાં ખેતરો, ઝાડોની હારો અને લીલું ઘાસ આંખને ઠારે છે. આ ભાગ નારા ડીવીઝન કહેવાય છે. તેમાં સિંધની સારામાં સારી લીલોતરીવાળી રમણિય જગાઓ આવલી છે.

આબોહવા:—હવા શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામા ઘણી ગરમ છે. રેતાળ ભાગમાં ઉનાળામાં જ્યાં ત્યાં ઝાંઝવાનાં પાણી જોવામાં આવે છે.

પેદાશ:—આ જીલ્લાના નારા ડીવીઝનની મુખ્ય પેદાશ ચોખા, ઘઉં અને કપાસ છે. પૂર્વ ભાગમાં ખેતીનો આધાર વરસાદ પર છે અને ઘણે ભાગે બાજરી ને મગનો પાક થાય છે. પૂર્વના કેટલાક ઉજડ ભાગમાં મુદ્દલ ખેતી થતી નથી. વરસાદ થાય છે ત્યારે

ટેકરાઓ પર અને ખીણોમાં ઘાસ ઉગે છે તેથી લોકો ઢોર પાળે છે.

સરોવરઃ—મખી સરોવર સાંઘડ પાસે આવેલું છે. તેમાં **પૂર્વનાળામાંથી** પાણી આવે છે. જ્યારે પૂર આવે છે, ત્યારે સરોવરની આજુબાજુ અને પૂર્વનાળાના કાંઠા પર ઘણે દૂર સુધી પાણી ફરી વળે છે. પૂર ઉતર્યા બાદ ભીની જમીનમાં **બાવળ, લહી, બરૂ** અને **જાડું ઘાસ** ઉગી ઘીચ જંગલો બની જાય છે. તેમાં ઢોરને પુષ્કળ ચારો મળે છે. આ જંગલોમાં અગાઉ હુર જાતના બહારવટીઆ રહેતા. બહારવટીઆના સરદાર **બચુને** સરકારે ઇ. સ. ૧૮૮૬ માં સાંઘડ પાસે ફાંસી આપી હતી.

એ જીલ્લામાં નીચે મુજબ **સબ ડીવીઝન** અને **તાલુકા છે.**

સબ ડીવીઝન.		તાલુકા.
નારો.	...	ઉમરકોટ, ખીપરા, સાંઘડ, પિથોરો.
થર.	...	મીઠી, દીપલા, છાછરા, નગરપારકર.
મીરપુર ખાસ...		મીરપુર ખાસ, જેમ્સાબાદ, ડીગ્રી.

મુખ્ય શહેરો.

મીરપુર ખાસઃ—જીલ્લાનું મુખ્ય શહેર છે. તે **મીર અલી-મુરાદે** વસાવ્યું હતું. અગાઉ તે લાડવાળા **મીરની** રાજધાની હતું. તેથી કેટલાક મીરો હજી પણ ત્યાં રહે છે. રેલ્વેનું જંકશન થવાથી અને જમરાઉ નહેર થવાથી આ શહેર વધારે આબાદ થયું છે. આ શહેરની પાસે **બુદ્ધના સ્તુપનાં** ખંડેરો છે. ખંડેરોવાળી જગાને "કાઉજો દરો" કહે છે. શહેર ફરતા ઘણા બગીચા છે તેમાં દરાખ, પીચીઝ વગેરે ફળ થાય છે. તેમાં **મ્યુનીસીપાલીટી,** કપાસ લોઢવાનાં જીન અને યુરોપી વેપારીઓની પેઢીઓ છે. વેપાર દિન પર દિન વધતો જાય છે. અહીં **સરકારી મદ્રેસો** ને **હાઇ**

સ્કૂલ છે. અહીંના સરકારી ખેતરમાં પાક વધારે પ્રમાણમાં ઉપજાવવાની અજમાયશ થાય છે.

જેમ્સાબાદઃ—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ સિંધના અગાઉના કમિશ્નર જેમ્સ સાહેબની યાદગીરીમાં વસાવેલું છે. તે રેલ્વે સ્ટેશન છે.

ઉમરકોટઃ—ઉમરકોટ તાલુકાનું મુખ્ય શહેર છે. ઇ. સ. ૧૯૦૬ સુધી તે થરપારકર જીલ્લાનું મુખ્ય શહેર હતું. તે હૈદ્રાબાદથી જોધપુર જવાના રસ્તા પર રણને કિનારે આવેલું છે. અકબર બાદશાહનો જન્મ અહીં થયો હતો. આ શહેરમાં જૈનનું એક જુનું મંદિર છે. આ શહેર ઉમર સુમરાએ વસાવ્યું હતું. ટાલપુરોએ તે જોધપુરના રાજા પાસેથી ઈ. સ. ૧૮૧૩ માં જીતી લીધા પછી ઇ. સ. ૧૮૪૩ માં તે અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું. અહીં ઢોર અને ઘીની ઘણી છત છે. તેમાં મ્યુનીસીપાલીટી છે. શહેરની પશ્ચિમ અને દક્ષિણ દિશાએ ઘણા બગીચા છે. તેમાં પુષ્કળ મોર જોવામાં આવે છે. તેમાં માટીનો એક જુનો કિલ્લો છે. રેલ્વેના છોર સ્ટેશનથી તે ૧૪ માઇલ પર આવેલું છે.

ખીપરોઃ—ખીપરો તાલુકાનું મુખ્ય શહેર પૂર્વનાળા પર આવેલું છે. તેમાં ઉનના ગાલીચા, ધાબળા અને જાડું સુતરાઉ કાપડ બને છે.

ટંડો જાનમહુમદઃ—જેમ્સાબાદ તાલુકામાં છે. તે મીર જાનમહુમદે વસાવ્યું હતું તેમાં મંદિરો ઘણાં છે. ઘી અને રંગાટકામનો વેપાર અહીં સારો ચાલે છે.

ડીગ્રીઃ—ડીગ્રો તાલુકાનું મુખ્ય ગામ છે. તેમાં જમરાઉ નહેરના કાંઠાના તાલુકાઓનાં ગામડાંની પેદાશનો વેપાર ચાલે છે. શેરડી પણ ઘણી થાય છે.

નબીસર:—ઉમરકોટ તલુકામાં નાનું ગામ છે. ત્યાં ઘી ભરવાનાં કુંડલાં, જોડા અને કાંસાનાં વાસણ બને છે.

મીઠી:—**મીઠી** તાલુકાનું મુખ્ય ગામ **થરમાં** મોટામાં મોટું શહેર છે. અગાઉ ત્યાં **મીઠી** નામે કુંભારણ રહેતી. તેણે ખોદાવેલા કુવાનું પાણી મીઠું નીકળવાથી લોકો ત્યાં રહેવા લાગ્યા માટે ગામનું નામ **મીઠી** પડયું. હુક્કા, ઊંટના કાઠા, ઘોડાનાં જીન, પિત્તળનો સામાન અને ભરતનું કામ અહીં સારૂં થાય છે. શહેરની દક્ષિણે અને પશ્ચિમે અગાઉના કિલ્લાનાં ખંડેરો છે. ઝુડા સ્ટેશનથી તે ૪૨ માઇલ દૂર છે.

ઈસ્લામ કોટ:—**મીઠી** તાલુકામાં આવેલું છે. મુસલમાનોના વખતમાં અહીં કોટ બાંધી ગામ વસાવી તેને ઇસ્લામ કોટ નામ આપ્યું. આ ગામ **નગરપારકરથી** ઝુડો સ્ટેશને જવાના ધોરી માર્ગ પર આવેલું છે. તેમાં ઘીનો વેપાર સારો ચાલે છે.

દીપલો:—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ છે. તેનું ઘી વખણાય છે.

નગરપારકર:—તાલુકાનું મુખ્ય ગામ છે. તેમાં કપડાં વણવાનું ને રંગવાનું કામ થાય છે અને ઊન, અનાજ વગેરેનો વેપાર ચાલે છે. આ ગામની પાસે કારૂંજાર ટેકરી પર સરવાર અને અંચલેશ્વર મહાદેવનાં દેહરાં છે ત્યાં દર વરસે મેળો ભરાય છે.

છાછરો:—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ છે. ત્યાંથી ઉમરકોટ અને રણમાં બીજે જવાના રસ્તા છે. રણમાં થતું ભરતકામ તેમાં થાય છે અને ચાંદની, હુક્કા, ઊંટના કાઠા વગેરેનો વેપાર ચાલે છે. **છાછરાથી** નજીકનું રેલ્વે સ્ટેશન ગદ્રો રોડ ૫૩ માઇલ દૂર છે.

પિથોરો:—પિથોરો તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. તેમાં **પીર પથોરોની** કબર છે. ત્યાં દર વરસે મેળો ભરાય છે. તેમાં પિત્તળનો સામાન, રેશમ, ભરત કામ, જીન વગેરેનો વેપાર થાય છે. આ તાલુકાનું મુખ્ય ગામ **સામારો** પિથોરો સ્ટેશનથી ૧૯ માઇલ પર આવેલું છે.

સાદીપલી:—પિથોરો તાલુકામાં બીજું રેલ્વે સ્ટેશન છે. તેમાં નારાના ચોખાનો ઘણો વેપાર ચાલે છે. તેમાં કપાસના લોઢવાનાં કારખાનાં છે.

સાંઘડ:—એ તાલુકાનું મુખ્ય ગામ **મખી સરોવર** પાસે છોર સ્ટેશનથી ૭ માઇલ પર આવેલું છે. તેમાં કપાસ ને ઘીનો વેપાર થાય છે.

ભોડેસર:—**નગરપારકરથી** ૪ માઇલ પર વાયવ્ય ખુણામાં આવેલું છે તે ઘણું જુનું છે. અહીં ચૌદમા સૈકામાં બાંધેલાં ૩ જૈન મંદિરોનાં ખંડેરો છે. ખંડેર પાસે આવેલા તળાવમાં પાણી રહેતું નહિ એટલે આ ગામ વસાવનાર **ભોદા પરમારે** પોતાના દીકરાનું વરૂણદેવને બળીદાન આપ્યાનું કહેવાય છે. અહીં એક આરસની કબર પણ છે.

વીરાવાહ:—એ નાનું ગામ **નગરપારકરથી** ૧૫ માઇલ પર આવેલું છે. તેની પાસે અગાઉના **પારી** નગરનાં અને તેમાંનાં જૈન મંદિરોનાં ખંડેરો છે. આ ગામથી લગભગ પંદરેક માઇલ દૂર ગોરીનાં જૈનોનાં દહેરાં જોવા લાયક છે.

આ જીલ્લાની દક્ષિણની હદ પર રણને કિનારે જ્યાં ત્યાં ઘણાં ખંડેરો જોવામાં આવે છે. તેથી ત્યાં અગાઉ મોટાં શહેરો હોવાનું અનુમાન થાય છે. આમાંનું એક **રહીમકી બજાર** હજી પણ જીર્ણ હાલતમાં નજરે પડે છે.

લાડકાણા જીલ્લો.

આ જીલ્લો **કરાંચી** જીલ્લાની ઉત્તરે સિંધુ નદીના જમણા કાંઠા પર આવેલો છે. તેનો વિસ્તાર ૫૦૫૩ ચોરસ માઇલ એટલે **કરાંચી** જીલ્લાથી લગભગ અર્ધો છે. પણ વસ્તીમાં **કરાંચી** જીલ્લાથી વધારે છે. તેની વસ્તી ૬૬૦૦૦૦ માણસની છે.

સીમાઃ—ઉત્તરે **ઉત્તર સરહદ જીલ્લો** અને **સખ્ખર જીલ્લો** પૂર્વે **સિંધુ નદી.** દક્ષિણે **કરાંચી જીલ્લો** અને પશ્ચિમે **બલુચિસ્તાન** છે.

કુદરતી દેખાવ:—આ જીલ્લાના કુદરતી રીતે બે ભાગ થએલા છે. (૧) પશ્ચિમનો પર્વતવાળો ભાગ એટલે **કોહીસ્તાન.** આ પર્વતોમાં **ખીરથર** પર્વતના દાહ્યારો શિખરનો એક ભાગ "કુત્તેજી કબર" સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફૂટ ઉંચો છે. (૨) **કોહીસ્તાન** અને સિંધુ નદી વચ્ચેનો નિચાણવાળો ભાગ. આ ભાગમાં પર્વતમાંથી વરસાદ પછી ઘણી નદીઓ વહે છે અને પાણીની પુષ્કળ આવકને લીધે જ્યાં ત્યાં સરોવરો થઇ જાય છે. **મંછર** સરોવર આ રીતેજ બનેલું છે.

ખેતીની પેદાશઃ—**પશ્ચિમનાળા** ઉપરાંત આ જીલ્લામાં બીજી ઘણી નહેરો છે. વળી જમીન બહુ સારી છે એટલે પાક બહુ સારો થાય છે. **સિંધમાં** થતા ઉંચામાં ઉંચી જાતના **સુગદાસી ચોખા, તલ, જુવાર, બાજરી** વગેરે ખેતીની મુખ્ય પેદાશ છે. **ભુભક** પાસે **ભાંગનું** વાવેતર કરવાની સરકારે પરવાનગી આપેલી છે.

આબોહવાઃ—પશ્ચિમના પહાડી ભાગમાં ઉનાળામાં હવા **સમશીતોષ્ણ** રહે છે. બાકીના બધા ભાગમાં શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામાં ઘણી **ગરમી** પડે છે. **સેવાણમાં** ફરતી ટેકરીઓ પરના ઉના પવનથી ઉનાળામાં **અતિશય ગરમી** પડે છે.

હુન્નર ઉદ્યોગઃ—લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. આ જીલ્લામાં ચોખાનો પાક પુષ્કળ થાય છે. તેથી જીલ્લામાં જુદે જુદે ઠેકાણે ચોખા છડવાનાં કારખાનાં છે. આવાં કારખાનાંની સંખ્યા આશરે ૪૫ છે. લાડકાણામાં એક આટાની મીલ પણ છે.

એ જીલ્લામાં નીચે મુજબ સબડીવીઝન અને તાલુકા છે.

સબ ડીવીઝન.		તાલુકા.
લાડકાણા.	...	લાડકાણા, લબદરીઆ, કંબર.
રતોદેરો.	...	રતોદેરો, મીરોખાન.
મેહર.	...	મેહર, કકર, નસીરાબાદ.
સેવાણ.	...	સેવાણ, દાદુ, જોહી.

મુખ્ય શહેરો.

લાડકાણાઃ—જીલ્લાનું મુખ્ય શહેર ઘાર નહેર પર રેલ્વે સ્ટેશન છે. અગાઉ અહીં લાડક જાતના લોકો રહેતા તેથી તેનું નામ લાડ-



જ્ઞાન બાગ લાડકાણા.

કાણા પડયું છે. તેમાં કલેકટરી, મ્યુનીસીપાલીટી, સરકારી હાઇ સ્કૂલ ને મદ્રેસા છે. પિત્તળ અને કાંસાનાં વાસણો અહીં સારાં થાય છે. રેશમી અને સુતરાઉ વણાટનું કામ પણ અગાઉ સારૂં થતું. ત્યાં અનાજનો પુષ્કળ વેપાર ચાલે છે. બગીચા માટે તે ઘણું શોભીતું ગણાતું. હજી પણ તેમાં ઘણા બગીચા છે. તેઓમાં જ્ઞાનબાગ મુખ્ય છે. અહીંના જુના કિલ્લામાં ઘણા વખત સુધી ગાંડાંની હોસ્પીટલ હતી. સિંધી કહેવત છે કે "હુજે નાણો ત ઘુમે લાડકાણો" (પૈસા હોય તો લાડકાણાની સહેલ કરો) શહેરના ખેંચાણકારક દેખાવની યાદ આપે છે.

ઘોઘારો:—કુંબર તાલુકામાં આવેલા આ ગામના સુગદાસી ચોખા આખા સિંધમાં પ્રખ્યાત છે.

કુંબર:—કુંબર તાલુકાનું મુખ્ય શહેર રેલ્વે સ્ટેશન છે. તેમાં ખજુરનો વેપાર ઠીક ચાલે છે. ઈ. સ. ૧૮૪૪ માં બલુચ લોકોની લુંટ પછી બીજે વરસે આ શહેરમાં મોટી આગ થઇ હતી. અહીંથી ૭ માઇલ દૂર ફતેહપુર પાસે શાહાલ મહમદ કલહોરાની કબર છે.

રતોદેરો:—તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર રતોખાન જરબાનીએ વસાવેલું કહેવાય છે. તેમાં મ્યુનીસીપાલીટી અને અંગ્રેજી સ્કૂલ છે.

મીરોખાન:—મીરોખાન તાલુકાના મુખ્ય ગામમાં હામદ હજુરીનો મકબરો છે.

ગેરલો:—લબદરીઆ તાલુકામાં આવેલા આ મોટા ગામમાં પીર અજમદશાહનો મેળો ભરાય છે. તેમાં ઘી ને ચોખાનો વેપાર થાય છે.

ડોકરી:—લબદરીઆ તાલુકાનું મુખ્ય શહેર પશ્ચિમનાળા

પર રેલ્વે સ્ટેશન છે. આ સ્ટેશનેથી ચોખાની ઘણી નિકાસ થાય છે. શહેરને લગતા બધા રસ્તા ઘટાવાળાં સુંદર ઝાડોથી છવાએલા છે. અહીંથી મોહન જો દરો જવાય છે.

મોહન જો દરો:—ડોકરી સ્ટેશનથી ૫ માઇલ દૂર એક ટીંબો છે. આ અને એવા બીજા ઘણા ટીંબા સિંધુ નદીના વહેણ બદલાવાને લીધે અગાઉનાં શહેરો નાશ પામ્યાથી બન્યા હોય તેની મોહન જો દરો સાક્ષી આપે છે. આ ટેકરામાં ખોદાણ કરતાં તેમાં સુંદર હવાવાળાં ઘરો જોવામાં આવ્યાં. દરેક ઘરમાં ફરસબંધી અને કુવા હતા. તેમાંના કેટલાક કુવામાં હજી પણ પાણી છે. પાણીના નિકાસ માટે જમીન પર એવી સુંદર રીતે ગટરો બાંધેલી છે કે તેમાં કોઇ જગાએ પાણી ભેગું ન થતાં સીધું વહી જાય. ઘરો બે કે ત્રણ માળનાં ઘણી ઉંચી જાતની ઇંટોનાં બાંધેલાં છે. અને રસ્તા પણ પાકા છે. આ ઉપરથી સિંધની અગાઉની સંસ્કૃતિ, જાહોજલાલી અને આબાદીનો સહજ ખ્યાલ આવી શકે છે. ઘણા માણસો આ પ્રાચીન સ્થાન જોવા આવે છે અને તેમાંથી નીકળેલી ચીજોને ઐતિહાસિક ચીજો તરીકે સાચવી રાખવાની ગોઠવણ થઈ છે. સિંધુ નદીના નજીકમાં આવેલા આવા બીજા ટેકરાઓને ખોદાવવાનો સરકાર વિચાર કરે છે.

ખુદાબાદ:—દાદુ તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. તે યાર મહમદ કલ્હોરાએ વસાવેલું છે. સિંધની અગાઉની રાજધાનીનું આ શહેર હૈદ્રાબાદ રાજધાની થયા પછી પડી ભાંગ્યું છે. હૈદ્રાબાદી આમીલો અગાઉ અહીં રહેતા.

સેવાણ:—આ પ્રાચીન શહેર તાલુકાનું મુખ્ય શહેર હોઇ રેલ્વે સ્ટેશન છે. અગાઉ તેને સિલિસ્તાન કહેતા. તેમાં સિકંદરના વખતનો બંધાવેલો જુનો કિલ્લો અને લાલશાહબાજખાંની કબર છે.



સવાણ શહેર અને કિલ્લો.

તેનો દર વર્સે મોટો મેળો ભરાય છે. તેમાં હિંદુ મુસલમાન બંને કોમો ભાગ લે છે.

ભુભક:—સેવાણ તાલુકામાં રેલ્વે સ્ટેશન છે તેની પાસે મંછર સરોવર આવેલું છે. ઊનના ગાલીચા વણવાનું કામ તેમાં સારૂં થાય છે.

મેહર:—તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર લાડકાણાથી બીજે નંબરે ગણાય છે. તે રાંધણ સ્ટેશનથી ૯ માઇલ પર છે. અગાઉ આ ગામમાં મીયાર ઘણા રહેતા હતા. મેહરખાન નામના અહીંના જમીનદાર પરથી આ ગામનું નામ પડયાનું કહેવાય છે.

તેમાં મ્યુનીસીપાલીટી, માજીસ્ટ્રેટ અને સબ જજની કોર્ટો છે.

જોહી:—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ ડુંગર પાસે આવેલું છે. તેના કુંજા વખણાય છે. અહીંના કુંજા અને ચટાઇ દાદુ સ્ટેશનથી બહારગામ જાય છે.

દાદુ:—દાદુ તાલુકાનું મુખ્ય શહેર દાદુશા સૈયદે વસાવેલું છે. તે રેલ્વેનું અગત્યનું સ્ટેશન છે. સખ્ખર બેરેજને અંગે વધતા જતા કામને પહોંચી વળવા દાદુ જીલ્લો બનાવવાનો વિચાર ચાલે છે. તેથી દાદુની જીલ્લાના મુખ્ય શહેર તરીકેની અગત્યતા વધશે.

વારાહ:—તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર છે. અગાઉ તાલુકાનું મુખ્ય ગામ નસીરાબાદ હતું.

બાકરાણી:—લબદરીઆ તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. તેમાં બગીચા ઘણા છે. તમાકુ અને બટેટાંનો પાક અહીં ઘણો થાય છે. અહીંથી ચોખાની પણ નિકાસ થાય છે.

બાડહે:—લબદરીઆ તાલુકાનું આ બીજું રેલ્વે સ્ટેશન ચોખાના વેપાર માટે જાણીતું છે.

નસીરાબાદ:—વારાહ તાલુકાનું અગાઉ મુખ્ય ગામ હતું. તે નસીરખાન ટાલપુરે વસાવેલું છે. તેમાં કિલ્લો અને ચોખા છડવાનાં કારખાનાં છે.

રાધન:—મેહર તાલુકામાં રેલ્વે સ્ટેશન છે. તેમાં રાધન જાતના લોકો રહે છે.

ટલ્ટી:—સેવાણ તાલુકામાં આવેલું છે. અહીં અગાઉ ટહેલ નામના એક હિંદુની દુકાન હતી તે પરથી તેનું નામ ટહેલ્ટી (ટલ્ટી) પડયું કહેવાય છે. અહીં ઇ. સ. ૧૫૨૧ માં શાહબેગ અર્ગુને જામ ફૈરોઝને હરાવ્યો હતો.

ઉત્તર સરહદ જીલ્લો.

આ જીલ્લો સિંધની ઉત્તરની સરહદ પર આવેલો છે માટે તેનું નામ ઉત્તર સરહદ જીલ્લો પડ્યું છે. આ જીલ્લાના વડા અમલદાર ડેપ્યુટી કમિશનર છે. અદાલતના કામ માટે આ જીલ્લો સખ્ખરના જડજ સાહેબના હાથ નીચે છે.

સીમા:—ઉત્તરે કલાતનો મુલક અને પંજાબ છે. પૂર્વે સિંધુ નદી, પશ્ચિમે ખીરથર પર્વત અને દક્ષિણે લાડકાણા ને સખ્ખર જીલ્લા આવેલા છે.

વિસ્તાર:—આ જીલ્લાની પૂર્વ પશ્ચિમ લંબાઈ ૧૧૪ માઇલ અને પહોળાઇ માત્ર ૨૦ માઇલ છે. તેનું ક્ષેત્રફળ ૨૬૮૦ ચોરસ માઇલ એટલે કરાંચી જીલ્લાથી લગભગ પા ભાગનું છે અને વસ્તી ૨૬૩૦૦૦ માણસની છે.

જમીન:—પશ્ચિમમાં પર્વતવાળો ભાગ છે. ઉત્તર તરફનો ભાગ સપાટ અને વેરાન છે. નદીમાં રેલ આવવાથી અગાઉ આ જીલ્લામાં ઘણું નુકસાન થતું તે કશ્મોરનો બંધ થવાથી અટક્યું છે તેથી તે આબાદ થતો જાય છે.

આબોહવા:—ઉનાળામાં ઘણી ગરમી અને શિયાળામાં ઘણી ટાઢ પડે છે. આખા હિંદુસ્તાનમાં જેકબાબાદમાં સૌથી વધારે ગરમી પડે છે.

ખેતીની પેદાશ:—ખેતીનો મુખ્ય આધાર નહેરોના પાણી પર છે. પશ્ચિમમાં કેટલાક ભાગમાં નદીઓનાં પાણી વડે પણ ખેતી થાય છે. મુખ્ય પાક જુવાર, સરસવ, ઘઉં, તલ અને જાંબો છે. સુગદાસી અને સથરીયન જાતના ચોખાનું વાવેતર જેકબાબાદ તાલુકામાં જમીનદારો કરે છે.

આ જીલ્લામાં નીચે મુજબ સબડીવીઝન અને તાલુકા છે.

સબ ડીવીઝન.		તાલુકા.
જેકબાબાદ.	...	જેકબાબાદ, શહેદાદકોટ.
કશ્મોર.	...	ઠુલ, કશ્મોર.

આમાંના જેકબાબાદ સબ ડીવીઝનનો કારભાર ડેપ્યુટી કમિશ્નર પોતે કરે છે. અને કશ્મોર સબ ડીવીઝન માટે એક જુદો ડેપ્યુટી કલેક્ટર છે.

મુખ્ય શહેરો.

જેકબાબાદઃ—જીલ્લાનું મુખ્ય શહેર રેલ્વેનું સ્ટેશન છે. અહીંથી એક લાઇન કવેટા અને બીજી કશ્મોર તરફ જાય છે. આ શહેરનું જુનું નામ ખાનગઢ હતું પણ જેકબ સાહબના નામ પરથી તેનું નામ જેકબાબાદ પડયું છે. તેમાં અગાઉ લશ્કરી થાણું હતું. શહેરમાં ભુસાનાં અને ચોખા છડવાનાં કારખાનાં છે. તેમાં દર વરસ ઘોડાનું પ્રદર્શન ભરાતું. તેમાં વિક્ટોરીઆ ટાવર, જનરલ જેકબવાળી રેસીડેન્સી અને બીજી કેટલીક ઇમારતો જોવા લાયક છે

અબાદઃ—જેકબાબાદ તાલુકામાં નોર્થ વેસ્ટર્ન રેલ્વે પર કવેટા તરફ જતાં સ્ટેશન છે.

કંદકોટઃ—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ રેલ્વેનું સ્ટેશન છે. તેમાં રહેતા બલોચ લોકોએ સિંધુના કાંઠા પર બંધાવેલો કોટ હજી પણ છે. અગાઉ તે સિંધુના કિનારા પર હતું તેથીજ તેને કંદકોટ (કંદ=કિનારો.+કોટ=કિલ્લો.) કિનારા પરનો કિલ્લો કહેતા.

કશ્મોરઃ—કશ્મોર તાલુકાનું મુખ્ય ગામ છે. અગાઉનાં ત્રણ કશ્મોર સિંધુ નદીના પૂરથી નાશ પામ્યા પછીનું અત્યારનું આ

ચોથું કશ્મોર છે તે જેકબાબાદ કશ્મોર રેલ્વેનું છેલ્લું સ્ટેશન છે. કશ્મોર બંધ આ ગામ પાસે થઇ આગળ જાય છે. અહીં લાખનું કામ સારૂં થાય છે. આસપાસનાં ગામડાંમાં બલુચી રંગાટનું કામ પણ થાય છે.

શાહ્દાદકોટ:—મીર શેહદાદખાને વસાવેલું આ ગામ તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ છે તે "દાતેજી કર" નહેરના પશ્ચિમ કિનારા પર આવેલું છે. સગવડ ખાતર તેનું મૂળ નામ **શાહ્દાદપુર** હતું તે બદલી **શાહ્દાદકોટ** રાખ્યું છે. તેમાં એક ચોખા છડવાનું કારખાનું છે. આ ગામનો અનાજનો બેપાર લાડકાણા સાથે વિશેષ છે. તેની દિવાની હકુમત પણ લાડકાણા જીલ્લા નીચે છે. ત્યાંનાં ગરમ પાણીનાં ઝરણને લાખો **પીર** કહે છે.

થુલ:—થુલ તાલુકાનું મુખ્ય ગામ રેલ્વે સ્ટેશન છે. સ્ટેશન પાસે **નવા થુલમાં** સરકારી ઓફીસો હતી. અત્યારે નવા થુલનાં ખંડેરો માત્ર છે. અહીં **મીરોના થુલ** (મિનારા) હોવાથી ગામનું નામ થુલ પડયું હોય તેમ જણાય છે.

મીરપુર:—થુલ તાલુકામાં આવેલું છે. **મીરોએ** પોતાનાં શિકારગૃહો અહીં બંધાવેલાં તેથી તેનું નામ **મીરપુર** પડયું છે.

હોસપુર:—કંદકોટ તાલુકાનું આ ગામ કંદકોટ સ્ટેશનથી ૧૨ માઇલ પર આવેલું છે. અહીં **સૈયદ હુસેન સાહેબ** રહેતા હતા તે હોસ (એક જાતની અટક) કહેવાતા. તેથી ગામનું નામ **હોસપુર** પડયું છે.

સખ્ખર જીલ્લો.

આ જીલ્લો ઉત્તર સરહદ જીલ્લાની દક્ષિણે સિંધુ નદીના બંને કિનારા પર આવલો છે. અસલ આ મુલક શિકારપુર જીલ્લામાં હતો. ઇ. સ. ૧૯૦૧ માં શિકારપુર જીલ્લાના સાત તાલુકા અને

કરાંચી જીલ્લામાંથી ત્રણ તાલુકા લઇ લાડકાણા જીલ્લો નવો બનાવવામાં આવ્યો અને શિકારપુર જીલ્લાના બાકીના ભાગનો સખ્ખર જીલ્લો બન્યો. આ જીલ્લાનો થોડો ભાગ ખૈરપુર સંસ્થાનની હદમાં પણ આવેલો છે.

સીમાઃ—ઉત્તરે ઉત્તર સરહદ જીલ્લો, પૂર્વે ભાવલપુર ને જેસલમીરનાં દેશી રાજ્યો, દક્ષિણે ખૈરપુર સંસ્થાન અને પશ્ચિમે લાડકાણા તથા ઉત્તર સરહદ જીલ્લો આવેલા છે.

વિસ્તારઃ—તેનું ક્ષેત્રફળ ૫૬૦૦ ચોરસ માઇલ એટલે કરાંચી જીલ્લાના અર્ધ ભાગથી સહેજ વધારે પણ વસ્તી લગભગ સરખી છે. તેની વસ્તી ૫૭૩૦૦૦ માણસની છે.

કુદરતી દેખાવઃ—આ જીલ્લાનો પૂર્વ ભાગ રેતાળ છે. તે રેજીસ્તાન કહેવાય છે. તેમાં થોડા વરસાદથી પણ ઘાસ ચારો થાય છે. સખ્ખર અને રોહરીની દક્ષિણનો ટેકરીવાળો ભાગ બાદ કરતાં જમીન લગભગ બધે સપાટ છે. તેની જમીન સિંધુ નદીના કાંપની બનેલી છે. જીલ્લાના કેટલાક ભાગમાં રેલનું પાણી ફરી વળતું તેથી સિંધુના કિનારા પર બંધ બાંધેલા છે.

આબોહવાઃ—આ જીલ્લાનાં હવા પાણી ઉત્તર સરહદ જીલ્લા જેવાંજ છે. જમીનની નીચેનું પડ ખારૂં હોવાથી કેટલેક ઠેકાણે મીઠા પાણીની ઘણી અગવડ છે. આ કારણથી કેટલોક ભાગ વસવાટ માટે નકામો છે. સિંધુ નદીના કાંઠાના પ્રદેશમાં તેથી દૂરના ભાગ કરતાં કાંઇક ઓછી ગરમી લાગે છે એટલે રાત્રે હવા ખુશકારક રહે છે.

ખેતીની પેદાશઃ—પૂર્વ તરફનો ભાગ રેતાળ હોવાથી તેમાં ખેતી થતી નથી. બાકીના ભાગમાં નહેરોનું પાણી મળે છે એટલે પાક સારો થાય છે. મુખ્ય પેદાશ. જુવાર, ઘઉં, ચણા, તલ, સરસવ અને જાંબો છે. ગળી ને તમાકુનું પણ વાવેતર થાય છે.

હુન્નર ઉદ્યોગ:—લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. પૂર્વ તરફના ઘાસ ચારાવાળા ભાગમાં કેટલાક લોકો ઢોર પાળે છે. ઘણે ઠેકાણે ચોખા છડવાનાં કારખાનાં છે. શિકારપુરમાં આવેલી આટાની મીલ અને તેલની ઘાણીઓમાં પણ ઘણા લોકો કામે લાગેલા છે. તેલની ઘાણીઓમાં ગારીયાસીન અને બગરજીની ઘાણીઓ મુખ્ય છે. સખ્ખરનો કેટલોક વેપાર સિંધુ વાટે ચાલતો હોવાથી વહાણો બાંધવાનું કામ પણ સખ્ખરમાં થાય છે.

એ જીલ્લામાં નીચે મુજબ સબડીવીઝન અને તાલુકા છે.

સબ ડીવીઝન.		તાલુકા.
શિકારપુર.	...	શિકારપુર, સખ્ખર, નૌશેરો અબરો.
રોહરી.	...	રોહરી, ઘોટકી, પનો આકીલ.
મીરપુર.	...	મીરપુર માથેલો. ઉબાવરો.

મુખ્ય શહેરો.

સખ્ખર:—જીલ્લાનું મુખ્ય શહેર સિંધુના જમણા કિનારા પર રેલ્વે સ્ટેશન છે. તે આદમશાની ટેકરી પર બાંધેલું છે. શહેરના બે ભાગ છે. જુનું સખ્ખર અને નવું સખ્ખર. બંને વચ્ચે ૧ માઇલનું અંતર છે. અહીં ખાસ કરીને હોડીઓ મારફત ઘણો વેપાર ચાલે છે. શહેરમાં આદમશા કલ્હોરાની કબર, સતીનું મંદિર અને મોસમશાનો મિનારો જોવા લાયક છે. સિંધુને સામે કાંઠે ટેકરી પર રોહરી શહેર આવેલું છે. સખ્ખર પાસે સિંધુમાં બખ્ખર, સાધબેલો ને ઝીંદાપીર નામના બેટા છે. ત્યાં મેળા ભરાય છે. સખ્ખરથી રોહરી સુધી પૂલ બાંધેલો છે. તેને લેન્સડાઉન પૂલ કહે છે. સખ્ખર પાસે બેરેજનુ કામ ચાલતું હોવાથી તે હાલમાં ઘણું આગળ વધતું જાય છે.




Photo by Dwarkadas S. Sukkur. સતીનું મંદિર સખ્ખર.




Photo by Dwarkadas S. Sukkur. ઝીંદાપીર સખ્ખર.




Photo by Dwarkadas S. Sukkur. મોસમશાહનો મિનારો, સખ્ખર.

બખ્ખરઃ—સિંધુ નદીમાં બેટ છે. તેમાં એક જુનો કિલ્લો છે.

રોહરીઃ—રોહરી તાલુકાનું મુખ્ય શહેર સિંધુના કાંઠા પર ટેકરી પર બાંધેલું છે. તેને અગાઉ લોહરી કહેતા. તે રેલ્વે સ્ટેશન છે. સિંધના પ્રખ્યાત ફકીરો જેવા કે પારૂશા, વસનરામ,

બેદલ અને બેકસ વગેરે અહીં થઇ ગયા છે. તેમની કબરો અને જગાઓ છે. ત્યાં મેળા ભરાય છે. શહેરમાં મ્યુનીસીપાલીટી અને અંગ્રેજી સ્કૂલ છે. અહીંની ખજુર અને ટસરનું કપડું વખણાય છે.

ઘોટકી:—**ઘોટકી** તાલુકાનું મુખ્ય શહેર રેલ્વે સ્ટેશન છે. આ ગામ વસાવનાર **પીર મુસનશાની** અહીં એક ૮૪ થાંભલાવાળી મોટી **મસીદ** છે. તેમ **મ્યુનીસીપાલીટી** છે. અહીં **પિત્તળ, જસત ને મીનાકારીનું** કામ સારૂં થાય છે. અહીંથી અગ્નિકોણમાં ૭ માઇલ પર **માથેલો** શહેરનાં ખંડેરો છે. તે શહેર અને તેમાંનો કિલ્લો રજપુત સરદાર **અમરે** બંધાવેલાં હતાં

પનો આકીલ:—તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ **અકલખાન દારીજે** વસાવેલું છે. તે રેલ્વે સ્ટેશન છે.

મીરપુર માથેલો:—**મુસુખાન દાલપુરે** વસાવેલું આ નાનું શહેર તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર રેલ્વેનું સ્ટેશન છે.

ખૈરપુર ડહેરકી:—આ શહેર **રાજા દાહુરના** વંશજ **જામ અબુઅલખેરખાન દાહેરે** વસાવ્યું હતું. તેના વંશજો હજી પણ ત્યાં રહે છે. **અંગ્રેજ સરકાર** તરફથી તેમને ઉબાવરો તાલુકાની આઠમા ભાગની પેદાશ મળે છે. તે અડોગ (આઠમો ભાગ) કહેવાય છે. **જસત** અને **પિત્તળનું** કામ અહીં સારૂં થાય છે. મારવાડ તરફથી અહીં ઘણું ઘી આવે છે.

શિકારપુર:—**દાઉદપોત્રાનું** અહીં શિકારગૃહ હોવાથી તેનું નામ શિકારપુર પડયું છે. અગાઉ તેમાં મોટો કોટ હતો તેને આઠ દરવાજા હતા. તેનાં નામો હજુ સુધી શહેરના જુદા જુદા ભાગોનાં નામોથી જળવાઇ રહ્યાં છે. જેમકે **લખીદર, હજારી** ઘર વગેરે. અગાઉ જ્યારે કાફલાથી વેપાર થતો ત્યારે **અફગાનિસ્તાન, ઇરાન** અને **તુર્કસ્તાન** તરફના વેપારનું આ મધ્ય

સ્થળ હતું. હજી પણ તેનો વેપાર કંદહાર અને ખુરાસાન સાથે ચાલે છે. આ શહેર અગાઉ રેશમના વણાટ અને મોતીના વેપાર માટે ઘણું પ્રખ્યાત હતું. શિકારપુરીઓ હજી પણ હીરા મોતીનો જબરો ધંધો ચલાવે છે. તેમાં સિંધ નહેર પર ઉનાળામાં મેળો ભરાય છે. તે રેલ્વે સ્ટેશન છે. તેમાં મ્યુની-સીપાલીટી, સરકારી ને ખાનગી હાઇ સ્કૂલો તેમજ સીટી મેજી-સ્ટ્રેટ અને સબ જજની કોર્ટો છે. અહીં ગરમી ઘણી પડે છે.

આ સાલ (૧૯૩૦) સિંધમાં રેલ આવ્યાની હકીકત તમે અગાઉ વાંચી ગયા છો. શિકારપુર જીલ્લામાં રેલ ભયંકર હતી. આ રેલ ઉતરી ગયા પછી જમીનમાં થએલા ખોદાણને લીધે શિકારપુર તાલુકામાં જમીનમાંથી એક જુના શહેરનાં ખંડેરો બહાર નીકળી આવ્યાં છે. તેમાંથી ઇંટો, પત્થર, કોતરકામ અને જુના વખતના સિક્કા મળી આવ્યા છે. મોહનના દરાની જેમ આ ખંડેરો અને તેમાંથી નીકળતી પ્રાચીન ચીજો જોવા ઘણા માણસો ત્યાં જાય છે.

કોટ સુલતાનઃ—શિકારપુર તાલુકામાં સુલતાનખાન પઠાણે વસાવેલું આ ગામ રેલ્વેનું સ્ટેશન છે.

ગારીયાસીનઃ—યાસીનખાન પઠાણે વસાવેલું છે. તે તેજ નામના તાલુકાનું મુખ્ય ગામ છે. તેમાં તલ, ઘઉં ને તડબુચ સારાં થાય છે.

[illegible]ખીઃ—શિકારપુર તાલુકામાં કપડાં વણવાની શાળો માટે જાણી[illegible] છે. લોઢાનું કામ પણ તેમાં સારૂં થાય છે.

[illegible]રોઃ—તેજ નામના તાલુકાનું મુખ્ય શહેર છે. તેમાં જામ [illegible]રનો જુનો મહેલ [illegible] તેમાં અંગ્રેજી સ્કૂલ છે. ત્યાંના [illegible] વખણાય છે.

અલોર:—રોહરીથી દક્ષિણે ૬ માઇલ પર હિંદુ રાજાની રાજધાનીનું જુનું શહેર હતું.

હકરા:—રોહરીથી ૨॥ માઇલ છેટે આ શહેરનાં ખંડેરો છે. ત્યાં જુના વખતમાં હકરા નામે નદી વહેતી હતી એમ મનાય છે.

પીરજો ગોઠ:—રોહરી તાલુકાનું નાનું ગામ ખૈરપુર સંસ્થાનની હદમાં આવેલું છે. તેમાં પ્રખ્યાત પીર પગારો રહે છે. પગારોનો અર્થ પાઘડીવાળો થાય છે. નવા થતા પીરોને પાઘડી બંધાવવામાં આવે છે. તેથી તે બધા પીર પગારા કહેવાય છે.

વીજનોટ:—ઉબાવરો તાલુકામાં રેતી સ્ટેશનથી દક્ષિણે ૫ માઇલ પર જુના વખતના આ રજપુત શહેરનાં ખંડેરો છે.

ખૈરપુર સંસ્થાન.

સિંધમાં ખૈરપરનું એક દેશી રાજ્ય છે. તેના રાજકર્તા મીર સાહેબ છે. તે રક્ષિત રાજ્ય છે. અંગ્રેજ સરકાર તરફથી સખ્ખરના કલેકટર સાહેબ આ રાજ્ય પર દેખરેખ રાખે છે. તેથી તે ત્યાંના પોલીટીકલ એજંટ કહેવાય છે.

સીમા:—ઉત્તરે સિંધુ નદી ને સખ્ખર જીલ્લો, પશ્ચિમે સિંધુ નદી ને નવાબશાહ જીલ્લો, દક્ષિણે થરપારકર ને નવાબશાહ જીલ્લો અને પૂર્વે જોધપુર તથા જેસલમેરનાં દેશી રાજ્યો છે.

જમીન:—અગ્નિ ખુણાનો ભાગ રેતાળ છે. તેમાં ઘાસ થાય છે તેથી લોકો ઢોર પાળે છે. વાયવ્ય ખુણામાં નહેરો હોવાથી તે ભાગ આબાદ છે. તેમાંના થોડા ભાગમાં આવેલી ટેકરીઓમાંથી ચોમાસામાં નદીઓ પૂર્વનાળામાં વહે છે.

નહેરો, ફાટ:—મુખ્ય નહેર **મીરવાહ** છે. તે **મીર સોરાબ-ખાને** ખોદાવી હતી. પૂર્વનાળો અસલ ફાટ હતી તેને નહેર કરી છે. બીજી પણ કેટલીક નાની નહેરો છે.

આબોહવા:—ખેરપુર સંસ્થાન શિરો ભાગમાં આવેલું હોવાથી તેમાં શિયાળામાં ઘણી ટાઢ અને ઉનાળામાં ઘણી ગરમી પડે છે. વરસાદ અચોકસ છે.

પેદાશ:—જુવાર, બાજરી, ઘઉં, તમાકુ, કપાસ, ગળી અને ભાંગ એ મુખ્ય પેદાશ છે. ખેરપુર પાસે તાલી વૃક્ષોનું મોટું જંગલ છે. સિંધુના કાંઠા પર બહાનનાં ઝાડો ઘણાં છે. અહીંનાં સરોવરોમાં પાપડીઓ ખારો થાય છે. ટેકરીઓમાંથી મેટ જડે છે. લાણી જાતનાં નાનાં ઝાડોમાંથી ધોવાનો ખારો બનાવે છે. અહીંનાં જંગલોનાં મુખ્ય ઝાડ બાવળ ને કંડી છે. મીર સાહેબ આ જંગલોમાં શિકાર કરવા જાય છે. ખેરપુરથી ગળી અને ખારો મોટા પ્રમાણમાં બહારગામ જાય છે.

ઉદ્યોગ:—વસ્તીનો લગભગ ત્રીજો ભાગ ખેતીમાં રોકાએલો છે. કેટલાક લોકો ઢોર પાળે છે. ગંબટમાં ખેસ અને સુસીઓ બને છે. ખેરપુરમાં ગાલીચા અને રંગનું કામ સારું થાય છે.

વ્યવહારના રસ્તા:—હાલમાં કેટલાક મોટા રસ્તા થયા છે. હૈદ્રાબાદથી રોહરી જતો મોટો રસ્તો ખેરપુર થઇ આગળ જાય છે. આ મુલકના થોડાજ ભાગમાં રેલ્વે છે.

રાજ્યવ્યવસ્થા:—ઈ. સ. ૧૭૯૩ માં પોતાના કાકાથી જુદો પડી મીર સોરાબખાન અહીં રાજ્ય કરવા લાગ્યો. તેનો પ્રખ્યાત હાકેમ મીર અલીમુરાદખાન ટાલપુર હતો. હાલમાં અહીં મીર અલીનવાજખાન રાજ્ય કરે છે. રાજકારભાર ચલાવવા માટે એક કોંસિલ છે તેના પ્રમુખ વજીર સાહેબ છે.

કેળવણીઃ—કેળવણીમાં પછાત ગણાતું આ રાજ્ય છેલ્લાં ૨૦ વરસથી આગળ વધવા ઘણો પ્રયાસ કરે છે. ખૈરપુરમાં એક હુન્નરશાળા ને અંગ્રેજી હાઇ સ્કૂલ છે.

આ રાજ્યમાં નીચે મુજબ સબડીવીઝન અને તાલુકા છે.

સબ ડીવીઝન.	તાલુકા.
ખૈરપુર. ...	ખૈરપુર, ગંબટ.
મીરવાહ. ...	મીરવાહ, ફૈઝગંજ, નારો.

સબ ડીવીઝનના વડા અમલદાર નાયબ વઝીર છે અને તેમના હાથ નીચે દરેક તાલુકામાં મુખત્યારકાર છે.

મુખ્ય શહેરો.

ખૈરપુરઃ—રાજધાનીનું શહેર મીર સોરાબખાન ટાલપુરે વસાવેલું છે. મીર સાહેબ તેમાં રહે છે. અહીં ફૈઝ મહાલ, હાઇ સ્કૂલ, જાઇલ્સ ફેક્ટરી અને સ્ત્રીઓ માટેની હોસ્પીટલ વગેરે મકાનો જોવા લાયક છે. શહેરની હવા બહુ સારી નથી. તેમાં રંગનું કામ સારૂં થાય છે.

કોટ ડીજીઃ—ખૈરપુરથી દક્ષિણે ૧૫ માઇલ પર આવેલું છે. સ્ટેટના ઘણાખરા અમલદારો અહીંજ રહે છે. તેમાં આવેલો જુનો કિલ્લો હાલ જેલ તરીકે વપરાય છે.

હાલાણીઃ—આ ગામ પાસે ટાલપુરોના હાકેમ મીર ફતેહખાને અબ્દુલ લતીફ કલ્હોરાને ઇ. સ. ૧૭૮૧ માં હરાવ્યો હતો.

કોટ ઇમામગઢઃ—તે પણ ઐતિહાસિક અગત્યતાવાળું ગામ છે. ઇ. સ. ૧૮૪૩ માં ત્યાં સર ચાર્લ્સ નેપીઅરે મીર રૂસ્તમખાનને હરાવ્યો હતો. એ સિવાય ટંડો મસ્તીખાન, ગંબટ, રાણીપુર વગેરે મોટાં ગામો છે.

ભાગ ૩ જો.


મુંબઈ ઈલાકો અને હિંદુસ્તાન.

મુંબઇ ઈલાકો:—હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર આવેલો છે. તેની ઉત્તર દક્ષિણ લંબાઇ આશરે ૮૦૦ માઇલ અને પૂર્વે પશ્ચિમ વધારેમાં વધારે પહોળાઇ ૪૦૦ માઇલ છે. તેની પશ્ચિમે ઘણા ભાગમાં દરીઆ છે. પણ થોડા ભાગમાં (સિંધની પશ્ચિમે) હાલા પર્વત ને બલુચિસ્તાન છે. પૂર્વે રજપુતાના, મધ્ય હિંદ એજન્સી, મધ્ય પ્રાંત, નિઝામનું રાજ્ય અને મદ્રાસ ઈલાકો છે. દક્ષિણે મ્હેસુરનું દેશી રાજ્ય છે.

કુદરતી ભાગ:—ભૂતળ રચના, આબોહવા, લોકો, ભાષા, પહેરવેશ, રીત રિવાજ વગેરે લક્ષમાં લેતાં આ ઇલાકાના કેટલાક ભાગ પડી શકે છે. આમાંનો એક ભાગ સિંધ છે. સિંધની દક્ષિણે કચ્છ પ્રાંત આવેલો છે. કચ્છની દક્ષિણે કાઠિયાવાડ દ્વીપકલ્પ અને કાઠિયાવાડની પૂર્વે આવેલો ઉત્તર વિભાગ મળી એક ત્રીજો કુદરતી ભાગ બને છે તેને ગુજરાત કહે છે. એની દક્ષિણે આવેલા પ્રદેશના મહારાષ્ટ્ર અને કોકણ એવા બે ભાગ સહ્યાદ્રિ પર્વતને લીધે થએલા છે. છેક દક્ષિણમાં કાનડી ભાષા બોલનારાઓનો મુલક કર્ણાટક કહેવાય છે.

કિનારો:—ઇલાકાની પશ્ચિમે અરબી સમુદ્ર છે. આ ઇલાકાની કિનારાની લંબાઇ આશરે ૧૨૦૦ માઇલ છે.

અરબી સમુદ્રનો એક ફાંટો કચ્છ અને કાઠિયાવાડની વચ્ચે છે તે કચ્છનો અખાત કહેવાય છે. બીજો ફાંટો કાઠિયાવાડ અને ઉત્તર વિભાગની જમીન વચ્ચે છે તે ખંભાતનો અખાત કહેવાય છે. મુંબઈ ઇલાકાને કિનારે મનોરા બેટ, સાષ્ટિ અને મુંબઇ


મુંબઈ ઈલાકાના પર્વતો, નદીઓ.
પંજાબ
રજપુતાના
આબુ
મહી નદી
તાપી નદી
સુરત
દીવ
મુંબઈ
ગોવા
સમુદ્ર

એ બેટો આવેલા છે. આ ઇલાકાના કિનારામાંથી કરાંચીની પશ્ચિમે રાસલમારી ને માંઝ અને કાઠિયાવાડની પશ્ચિમે જગત એ ભૂશિરો થએલી છે.

પર્વતોઃ—સિંધમાં ખીરથર (કિર્થાર) પર્વત છે. એ સિવાય મુંબઈ ઈલાકામાં બીજા પણ પર્વતો છે. ગિરનાર ને શેત્રુંજો કાઠિયાવાડમાં છે. આબુ ને અરવલ્લી ઉત્તર વિભાગની ઉત્તરે છે. ઉત્તર વિભાગનો પૂર્વ ભાગ પહાડી છે. તેમાં પાવાગઢ પર્વત છે. ઉત્તર વિભાગની દક્ષિણમાં સાતપુડા પર્વત છે તે પૂર્વ પશ્ચિમ લાંબો ચાલ્યો જાય છે. સૌથી વધારે મોટો પહાડ સહ્યાદ્રિ મહારાષ્ટ્રમાં છે. તે કિનારાને સમાંતર ઉત્તર દક્ષિણ લાંબો ચાલ્યો જાય છે.

ખીરથર પર્વત પર ઝાડ પાન નથી. પણ ગિરનાર, આબુ, સાતપુડા, સહ્યાદ્રિ વગેરે પર્વતો પર ઝાડી ને જંગલો છે. તેનાં ઉંચાં શિખરો મહાબળેશ્વર ને માથેરાન હવા ખાવાનાં સ્થળ છે. આબુ પણ હવા ખાવાનું સ્થળ છે. ગિરનાર, આબુ ને પાવાગઢ પર્વતો પર હિંદુઓનાં દેવ દેવીઓનાં સુંદર મંદિરો છે. તેથી તે જાત્રાનાં થળ છે.

મેદાન, ઉંચાણ, નિચાણઃ—ઉપર જણાવેલા પહાડોવાળા ભાગમાં જમીન ઉંચાણવાળી છે. ગુજરાતમાં ઉત્તર અને પૂર્વ ભાગમાં આવેલા પહાડી ભાગ સિવાયની જમીન સપાટ મેદાન જેવી છે. દક્ષિણમાં સહ્યાદ્રિ પર્વતને લીધે સામાન્ય રીતે બધી જમીન ઉંચાણવાળી છે. પૂર્વમાં તેની ઉંચાઇ ઘણી ઓછી છે એટલે થોડો ભાગ મેદાનવાળો છે, પણ પશ્ચિમમાં સમુદ્ર અને પર્વતની વચ્ચે નિચાણવાળી જમીનની લાંબી ચીચરવટી છે.

નદીઓ.

સિંધુ નદીઃ—સિંધમાં આવેલી છે. તે હિમાલય પર્વતમાંથી

નીકળી પંજાબ અને સિંધમાં થઈ અરબી સમુદ્રને મળે છે.

બનાસ ને સરસ્વતી:—ગુજરાતના ઉત્તરના પર્વતો આબુ ને **અરવલ્લીમાંથી** નીકળી પશ્ચિમ તરફ વહી કચ્છના **રણમાં** સમાય છે.

ભાદર ને શેત્રુંજી:—કાઠિયાવાડની મુખ્ય નદીઓ છે. **ભાદર** પશ્ચિમમાં વહી **અરબી સમુદ્રને** મળે છે અને **શેત્રુંજી** અગ્નિ ખુણામાં વહી **ખંભાતના અખાતને** મળે છે.

સાબરમતી, મહી, નર્મદા, તાપી એ ગુજરાતની નદીઓ જુદા જુદા ભાગમાં વહી **ખંભાતના અખાતને** મળે છે.

દક્ષિણની બધી નદીઓ **સહ્યાદ્રિ** પર્વતમાંથી નીકળી પૂર્વ તરફ વહે છે. તેઓમાં ગોદાવરી, **ભીમા** ને કૃષ્ણા મુખ્ય છે. તુંગભદ્રા નદી છેક દક્ષિણે ઇલાકાની સરહદ પાસે વહે છે. **કોંકણની** કેટલીક નાની નદીઓ પશ્ચિમમાં સમુદ્ર તરફ વહે છે.

ધોધ:—નર્મદા નદીમાં **ચાણોદથી** થોડે દૂર **સુરપાણનો** ધોધ છે. કાનડામાં **શીરાવતી** નદીનો ગેરસપ્પા નામનો ધોધ નવસો ફુટની ઉંચાઇએથી એકદમ નીચે પડે છે. આખી દુનિયામાં આ ધોધ સૌથી વધારે ઉંચાઇએથી પડે છે.

આબોહવા:—આપણા સિંધ પ્રાંતમાં ઉનાળામાં ઘણી ગરમી ને શિયાળામાં ઘણી ઠંડી પડે છે. કારણ કે તેની જમીન સપાટ રેતાળ મેદાનવાળી છે. તેમાં વરસાદ પણ ઘણો ઓછો પડે છે. **ગુજરાતમાં** હવા સમશીત છે. કારણ કે તેનો કેટલોક ભાગ પહાડી હોઇ ઉંચાણવાળો છે. તેમાં ૨૦ થી ૩૦ ઇંચ વરસાદ પડે છે. કોંકણની હવા **ભેજવાળી** છે. વળી ત્યાં વરસાદ પણ ૭૫ થી ૧૦૦ ઇંચ જેટલો પડે છે. ચોમાસામાં નૈઋત્યથી ઇશાન તરફ જે પવન વાય છે તે ઘણો ભેજવાળો હોય છે. **સહ્યાદ્રિ** પર્વતને

લીધે તે ઠંડો પડી જાય છે એટલે એની પશ્ચિમ બાજુએ ઘણો વરસાદ પડે છે. મહારાષ્ટ્ર ઉંચાણવાળો ભાગ છે. તેની હવા સુકી ને સમશીતોષ્ણ છે. તેમાં કોકણ જેટલો વરસાદ પડતો નથી. પણ લગભગ ૩૦ ઇંચ જેટલો વરસાદ થાય છે. મહારાષ્ટ્રના જે ભાગોમાં સપાટ મેદાનની જમીન છે તે તેના ઉંચાણવાળા ભાગો કરતાં વધારે ગરમ રહે છે અને તેમાં વરસાદ પણ ઓછો પડે છે.

પેદાશ:--સિંધમાં ખેતીની પેદાશનો આધાર સિંધુ નદી પર છે. સિંધુમાંથી ઘણી નહેરો કાઢેલી છે તેને લીધે ખેતી માટે પાણી મળે છે.

સિંધમાં મુખ્ય પેદાશ બાજરી, ઘઉં, ચોખા અને કપાસ છે. કાઠિયાવાડમાં બાજરી, કપાસ અને કઠોળની મુખ્ય પેદાશ છે. ઉત્તર વિભાગના મેદાનના પ્રદેશમાં ઘઉં, કપાસ, જુવાર, બાજરી અને કઠોળ થાય છે. તેના પહાડી પ્રદેશમાં મકાઇ થાય છે. કોકણમાં ચોખા પાકે છે. અને મહારાષ્ટ્રમાં ઘઉં, જુવાર, કપાસ ને બાજરી એ મુખ્ય પેદાશ છે. ઇલાકામાં સિંધમાં સિંધુના કિનારા પાસે, ઉત્તર વિભાગમાં પૂર્વના પહાડી પ્રદેશમાં અને સહ્યાદ્રિ પર્વત પર જંગલો છે. તેમાં ઇમારતી અને બાળવાનાં લાકડાં થાય છે.

વસ્તી:—ઇલાકાની વસ્તી અઢી કરોડ માણસની છે. તેમાં સિંધમાં ફકત ૩૨ લાખની વસ્તી છે. બાકીની વસ્તી બીજા ભાગોમાં છે. સિંધમાં સર્વ કરતાં ઓછી વસ્તી છે અને ઉત્તર વિભાગના મેદાનના ફળદ્રુપ પ્રદેશમાં આવેલા ખેડા જીલ્લામાં સર્વથી ઘાડી વસ્તી છે. વસ્તીમાં હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તિ વગેરે જાતો છે. સિંધમાં સિંધી, ગુજરાતમાં ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી અને દક્ષિણમાં કાનડી એ ઇલાકાની મુખ્ય ભાષાઓ છે.

હુન્નર ઉદ્યોગ, વેપાર:—આ ઇલાકાના લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. જે ભાગમાં કપાસ થાય છે તે ભાગમાં કપાસ લોઢવાનાં જીન અને કાપડની મીલો છે. વળી ઘણે ઠેકાણે ગામડાંમાં વણકરો હાથ વણાટનું કાપડ બનાવે છે. અમદાવાદ અને મુંબઇમાં કાપડની ઘણી મીલો છે.

ઇલાકામાં મુખ્ય ત્રણ રેલ્વે છે. (૧) બી. બી. એન્ડ સી. આઇ. તે મુંબઇથી સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ ને અમદાવાદ થઇ વીરમગામ સુધી જાય છે. (૨) જી. આઇ. પી. રેલ્વે. મુંબઇથી નાગપુર તરફ જાય છે. (૩) દક્ષિણ મરાઠા રેલ્વે. તે પુનાથી બેળગાંવ અને ધારવાડ થઇ મદ્રાસ તરફ જાય છે. આ રેલ્વેઓ મારફત ઘણો માલ દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં જાય છે. સિંધમાં નોર્થ વેસ્ટર્ન રેલ્વે છે અને સુરતથી ટાપ્ટીવેલી નામની રેલ્વે પૂર્વમાં ખાનદેશ તરફ જાય છે.

અમદાવાદથી બી. બી. એન્ડ સી. આઇ. ની નાના માપની રેલ્વે દિલ્હી જાય છે. આપણે કરાંચીથી મુંબઇ જવું હોય તો આ રેલ્વેમાં મારવાડ જંકશનથી અમદાવાદ સુધી મુસાફરી કરવી પડે. તમે જાણો છો કે હૈદ્રાબાદથી જોધપુર રેલ્વે મારવાડ સુધી જાય છે.

રેલ્વે સિવાય દરિયા રસ્તે પણ વેપાર ચાલે છે. કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, વેરાવળ, ભાવનગર, ભરૂચ, મુંબઇ, જંજીરા, કારવાડ અને હોનાવર એ મુખ્ય બંદરો છે. મુંબઇ તથા કરાંચી બંદરે દેશ પરદેશની મોટી આગબોટો આવે છે. તે વિલાયત તથા બીજા દેશોમાંથી કાચ, કાપડ, લોઢાનો સામાન વગેરે ચીજો લાવે છે અને આ દેશમાંથી રૂ, અનાજ, ચામડાં વગેરે લઇ જાય

છે. એ સિવાય બીજાં બંદરોનો વેપાર દેશની અંદરનાં બંદરો જોડે ચાલે છે અને એક ભાગમાં પેદા થતો માલ બીજા ભાગમાં મોકલાય છે.

રાજકીય ભાગઃ—ઇલાકાના સરકારી ખાલસા મુલકના પાંચ ભાગ કરેલા છે.

(૧) સિંધ વિભાગ. (૨) ઉત્તર વિભાગ. (૩) મુંબઇ પરાં વિભાગ. (૪) મધ્ય વિભાગ અને) દક્ષિણ વિભાગ.


આ ઇલાકાના સર્વથી વડા અધિકારી **મુંબઈના ગવર્નર** છે. દરેક વિભાગનો વડો અમલદાર **કમિશનર** કહેવાય છે. વિભાગમાં જીલ્લા હોય છે. તેના ઉપરી **કલેકટર** કહેવાય છે. જીલ્લામાં તાલુકાવાર **મામલતદારો** હોય છે.

ઇલાકાના રાજવહીવટ માટે કાયદા બાંધનારી **ધારાસભા** છે. તેના ઘણા સભાસદોને લોકો ચૂંટી કાઢે છે. આ ધારાસભાએ બાંધેલા કાયદા મુજબ ઇલાકાનો વહીવટ ચાલે છે.

ધારાસભાના સભાસદો પોતાનામાંથી **પ્રમુખ** ચૂંટી કાઢે છે. લોકોએ મોકલેલા સભાસદોમાંથી ત્રણને **ગર્વનર સાહેબ પ્રધાન** નીમે છે. કેટલાંક ખાતાંનો વહીવટ આ પ્રધાનો કરે છે. બાકીનાં ખાતાંનો વહીવટ **કારોબારી મંડળ** કરે છે. તેના સભાસદોમાંના **અર્ધા હિંદી** અને **અર્ધા યુરોપીઅનો** છે. તેઓને સરકાર નીમે છે. **ગવર્નર સાહેબ** આ મંડળના પ્રમુખ છે.

આ ઇલાકામાં ખાલસા મુલક ઉપરાંત દેશી રાજાનો પણ મુલક છે. તેનું જમીન મહેસુલ દેશી રાજાને મળે છે. તે દેશી રાજ્યો **અંગ્રેજ સરકારને ખંડણી** ભરે છે.

દેશી રાજ્યોમાંનાં **પશ્ચિમ હિંદનાં રાજ્યો** અને વડોદરા રાજ્ય **વાઈસરૉય સાહેબની** દેખરેખ તળે છે એટલે ખરી રીતે


મુંબઈ ઈલાકાના
રાજકીય વિભાગ
સિંધ નદી
સિંધ વિભાગ
રજપુતાના
હિંદના
કાઠિઆવાડ
રાજ્યો
નર્મદા નદી
તાપી નદી
ગોદાવરી
મુંબઈ બેટ
કૃષ્ણા નદી

તે મુંબઈ ઈલાકાના રાજકીય ભાગો ગણાવા ન જોઈએ પરંતુ સગવડ ખાતર આપણે તેઓનો અભ્યાસ મુંબઈ ઇલાકા સાથેજ કરીશું.

અરબસ્તાનમાં આવેલું એડન બંદર પણ મુંબઈ ઈલાકામાં ગણાય છે. તે આપણા મુંબઈના ગવર્નર સાહેબના તાબામાં છે.

એ ઉપરાંત દીવ, દમણ અને ગોવા ફીરંગી લોકોનાં સંસ્થાનો છે.

ઉત્તર વિભાગ.

સિંધની દક્ષિણમાં અને અગ્નિકોણમાં આવેલા પ્રદેશમાંથી પશ્ચિમ હિંદનાં રાજ્યો ને ગાયકવાડી રાજ્ય બાદ કરતાં ગુજરાતના બાકીના ભાગમાં થાણા જીલ્લો ઉમેરી ઉત્તર વિભાગ બનાવવામાં આવ્યો છે. તેનો વિસ્તાર આપણા સિંધ વિભાગના ચોથા ભાગથી સહેજ વધારે છે.

સિંધ સિવાયનો મુંબઈ ઇલાકાનો મુલક અંગ્રેજ સરકારને ઇ. સ. ૧૮૧૮ માં પેશ્વા રાજા પાસેથી મળ્યો. વ્યવસ્થા માટે તેના ત્રણ ભાગ કરવામાં આવ્યા. આ ત્રણમાંનો ઉત્તરનો મુલક તે આપણો ઉત્તર વિભાગ.

ઉત્તર વિભાગમાં પૂર્વ તરફની જમીન ઉંચાણવાળી છે. પશ્ચિમ તરફ આ ઉંચાણવાળી જમીન નીચી થતી જાય છે. પંચમહાલ જીલ્લાનો ઘણોખરો ભાગ અને થાણા જીલ્લાનો પૂર્વ ભાગ પહાડી છે. ખંભાત અને સચીન સિવાયનાં લગભગ બધાં દેશી રાજ્યોની જમીન પણ ડુંગરાળ છે.

આ પહાડી જમીન જોઈશું તો ઉત્તરમાં આરાસુર પર્વત જણાશે. પૂર્વમાં સરહદ પર વિંધ્યાચળની શાખાઓ છે. પંચ-

મહાલ જીલ્લો અને રેવાકાંઠા એજન્સિ ડુંગરોથી ભરપુર છે. તેમાં પાવાગઢ અને રાજપીપળાના ડુંગરો છે. દક્ષિણમાં થાણા જીલ્લામાંથી સહ્યાદ્રિ પર્વત શરૂ થાય છે.

આ પર્વતમાંથી ઘણી નદીઓ નીકળે છે. તેઓમાં સાબરમતી, મહી, ઢાઢર નર્મદા ને કીમ મુખ્ય છે. થાણા જીલ્લામાં પર્વતો અને સમુદ્ર કિનારા વચ્ચેનું અંતર ઘણું થોડું છે. એટલે ત્યાં મોટી નદી એકેય નથી.

અમદાવાદ જીલ્લાના દક્ષિણ ભાગની અને સમુદ્ર કિનારા પર આવેલા મુલકની હવા સમશીત છે. પહાડી અને જંગલોવાળા ભાગમાં ઠંડીનું પ્રમાણ વધારે છે. થાણા જીલ્લામાં અને પૂર્વના પહાડી ભાગોમાં વરસાદ પુષ્કળ થાય છે. થાણા જીલ્લામાં લગભગ ૧૦૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. પછી જેમ જેમ ઉત્તરમાં જઇએ તેમ તેમ તે ઓછો થતો જાય છે. રણની પાસે આવેલા સપાટ અને ઓછાં ઝાડપાનવાળા મુલકમાં એટલે અમદાવાદ જીલ્લામાં સૌથી ઓછો (૨૫ ઇંચ) વરસાદ પડે છે.

પહાડી ભાગોમાં ઠેકાણે ઠેકાણે જંગલી જાનવરોથી ભરપુર જંગલો છે.

પહાડી ભાગ બાદ કરતાં આ વિભાગની જમીન ઘણી રસાળ છે. તેમાં ખેતીની મુખ્ય પેદાશ ઘઉં, કપાસ, ડાંગર, તમાકુ ને મકાઇ છે. અમદાવાદ જીલ્લામાં ભાલમાં ઘઉં અને નળકંઠામાં ડાંગર, ભરૂચ જીલ્લામાં કપાસ, ખેડા જીલ્લામાં તમાકુ અને પંચમહાલ જીલ્લામાં મકાઈની ખૂબ પેદાશ થાય છે. ખેડા જીલ્લાની જમીન ઘણી રસાળ છે તેથી તેમાંથી વરસમાં બે ત્રણ વખત પાક લઇ શકાય છે. એ ભાગ ગુજરાતનો બગીચો કહેવાય છે. તેમાં ફળ ફળાદિ પણ પુષ્કળ થાય છે. આરાસુર અને

રાજપીપળાના ડુંગરોમાંથી પત્થર મળે છે. સીસું, મેંગેનીઝ અને લોઢાની કાચી ધાતુ પણ પંચમહાલના ડુંગરોમાંથી થોડા પ્રમાણમાં મળી આવે છે.

આ વિભાગના લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. કપાસની પેદાશ સારી હોવાથી ઠામ ઠામ કપાસ લોઢવાનાં જીન છે. અમદાવાદ, ભરૂચ, સુરત, વીરમગામ વગેરે ઠેકાણે કાપડની મીલો છે. નાનાં ગામોમાં હાથ વણાટનું કામ પણ ઘણે ઠેકાણે થાય છે.

ઉત્તર વિભાગમાં આપણા સિંધ વિભાગથી વસ્તી સહેજ વધારે છે. લોકોનો મોટો ભાગ: હિંદુ છે. ગુજરાતમાં ગુજરાતી અને થાણા જીલ્લામાં મરાઠી ભાષા બોલાય છે.

રાજકારભાર માટે આ વિભાગમાં આવેલા ખાલસા મુલકના ૬ અને દેશી રાજ્યોના ૫ ભાગ કરવામાં આવ્યા છે. ખાલસા મુલકના ભાગને જીલ્લા અને દેશી રાજ્યોના સમુહને એજન્સિ કહે છે. નાનાં નાનાં દેશી રાજ્યોના સમુહ પાડી તે પર દેખરેખ રાખવા સરકારી અમલદાર હોય છે. તે દેખરેખ રાખનાર અમલદારને પોલીટીકલ એજંટ કહે છે.

આ વિભાગના જીલ્લા, દેશી રાજ્યો ને અગત્યનાં સ્થળો નીચે મુજબ છે.

જીલ્લા.

(૧) અમદાવાદ જીલ્લો:—આ જીલ્લો ઉત્તર વિભાગમાં સૌથી ઉત્તરે છે. તે એક જથે નહોતાં દેશી રાજ્યો સાથે સેળભેળ થએલો છે. તેની ઉત્તરમાં નાના ડુંગરોની હાર છે. પશ્ચિમમાં જમીન ખારી છે. એ સિવાયનો પ્રદેશ સપાટ અને સારો ખેડાએલો છે. દક્ષિણમાં નળ સરોવર છે તેની આસપાસનો ભાગ નળકંઠાને નામે ઓળખાય છે. તેમાં ઘણી સારી જાતની ડાંગર થાય છે.

અમદાવાદ:—વિભાગ અને જીલ્લાનું મુખ્ય શહેર છે. તે **સાબરમતી** નદી પર છે. **અહમદશાહે** તે ઇ. સ. ૧૪૧૨ માં વસાવ્યું હતું. ગુજરાતના **મુસલમાની** રાજ્યોની તે રાજધાની હતું. તેમાં કાપડની **ઘણી મીલો** છે.

વીરમગામ:—એ શહેર કાઠિયાવાડ ને ગુજરાતના વેપારનું મધ્ય સ્થળ છે. તેમાં કપાસ લોઢવાનાં જીન અને કાપડની મીલો છે. ત્યાં **મુનસર** તળાવ છે તે **મીનળદેવીએ** બંધાવ્યું હતું.

ખારાઘોડા:—એમાં સરકાર તરફથી વડાગરૂં **મીઠું** પકાવવામાં આવે છે.

(૨) **ખેડા જીલ્લો:**—તેનું મુખ્ય શહેર ખેડા છે. તેનો મધ્ય ભાગ **ચરોતર** કહેવાય છે તે ઘણો ફળદ્રુપ છે. **લસુંદ્રામાં** ઉના પાણીના કુંડ છે.

નડિયાદ:—એ જીલ્લામાં મોટામાં મોટું શહેર રેલ્વેનું સ્ટેશન છે. કપડવંજમાં કાચ અને સાબુ બને છે. ડાકોર અને વડતાલ જાત્રાનાં સ્થળ છે.

(૩) **પંચમહાલ જીલ્લો:**—આ જીલ્લાની જમીન પહાડી છે. તેમાં જંગલો ઘણાં છે. તેનું મુખ્ય શહેર ગોધરા છે. ત્યાંથી જંગલની પેદાશ બહારગામ જાય છે. દાહોદમાં **ઔરંગઝેબ** બાદશાહનો જન્મ થયો હતો. ચાંપાનેર જુના શહેરનાં ખંડેરો છે. તેની પાસે પહાડ ઉપર **પાવાગઢનો** જુનો અજીત કિલ્લો છે.

(૪) **ભરૂચ જીલ્લો:**—આ જીલ્લાની જમીન નદીના કાંપની બનેલી છે. ખેડા જીલ્લો જેમ **તમાકુને** માટે જાણીતો છે તેમ આ જીલ્લો **કપાસ** માટે જાણીતો છે. **હાંસોટ** તેનો એક પેટા મહાલ છે. તેમાં ઘઉં સારા પાકે છે તેને **હાંસોટી** ઘઉં કહે છે. જીલ્લાનું મુખ્ય શહેર **ભરૂચ નર્મદા** નદી પર આવેલું છે તેને અગાઉ **ભ્રગુપુર** કહેતા. **શુકલતીર્થ** જાત્રાનું સ્થળ છે.

(૫) **સુરત જીલ્લો:**—આ જીલ્લામાં ગાયકવાડનો મુલક સેળભેળ થઈ ગએલો છે એટલે તેના ત્રણ ભાગ પડી ગયા છે. આ જીલ્લાનો ઘણો ભાગ દરીઆ પાસે છે. ઉત્તરમાં જમીન સપાટ છે



અને દક્ષિણમાં જતા જઇએ તેમ તે ડુંગરાઉ થતી જાય છે. મુખ્ય શહેર સુરત તાપી નદીને કિનારે છે. અગાઉ તે મોટું બંદર હતું. અંગ્રેજોએ વેપાર માટે તેમાં કોઠી નાખી હતી. ત્યાંની ખરફી અને પાપડી વખણાય છે. દેવકી ઉનાઇમાં ઉના પાણીના કુંડ છે.

(૬) થાણા જીલ્લો:—આ જીલ્લો મહારાષ્ટ્રમાં આવેલો છે પણ સગવડ ખાતર તેને ઉત્તર વિભાગ સાથે જોડેલો છે. ત્યાંના લોકો મરાઠી ભાષા બોલે છે. થાણા એ જીલ્લાનું મુખ્ય શહેર સાષ્ટી બેટમાં છે. તેનાથી ૬ માઇલ દૂર બોરીવલી સ્ટેશન પાસે કેનેરી ગુફાઓ છે. કલ્યાણ એ રેલ્વેનું અગત્યનુ જંકશન છે. ત્યાંથી એક લાઇન નાશક અને બીજી લાઈન પુના તરફ જાય છે.

ઇલાકાના તાબાનાં દેશી રાજ્યો.

(૧) મહીકાંઠા એજન્સિ:—મહી નદી પાસે આવેલાં દેશી રાજ્યોના સમુહને મહીકાંઠા એજન્સિ કહે છે. સાદરા અને ઈડર મુખ્ય શહેરો છે. સરકાર તરફથી દેખરેખ રાખનાર અમલદાર પોલીટીકલ એજંટ સાદરામાં રહે છે.

(૨) રેવાકાંઠા એજન્સિ:—નર્મદા એટલે રેવા નદીની પાસે આવેલાં દેશી રાજ્યોનો સમુહ આ એજન્સિમાં ગણાય છે. તેમાં રાજપીપળા ને લુણાવાડા મુખ્ય છે. પંચમહાલ જીલ્લાના કલેકટર આ એજન્સિના પોલીટીકલ એજંટ છે.

(૩) સુરત એજન્સિમાં સુરત જીલ્લાની આસપાસ આવેલાં દેશી રાજ્યોનો સમાવેશ થાય છે. વાંસદા, ધરમપુર અને સચીન એ મોટાં દેશી રાજ્યો છે. સુરત જીલ્લાના કલેકટર આ ભાગના પોલીટીકલ એજંટ ગણાય છે.

(૪) ખંભાત સંસ્થાનનું મુખ્ય શહેર ખંભાત છે. ખેડા જીલ્લાના કલેકટર આ સંસ્થાનની દેખરેખ રાખે છે.

(૫) જવાર સંસ્થાનઃ—મુખ્ય શહેર જવાર છે. થાણાના કલેકટર અહીંના પોલીટીકલ એજંટ ગણાય છે.

ગવર્નર જનરલના તાબાનાં દેશી રાજ્યો.

પશ્ચિમ હિંદનાં રાજ્યો:—એમાં કચ્છ, કાઠિયાવાડ અને

પાલણપુર એજન્સિનાં દેશી રાજ્યોનો સમાવેશ થાય છે.

કચ્છઃ—સિંધની દક્ષિણે દેશી રાજ્ય છે. તેનું મુખ્ય શહેર ભુજ છે. માંડવી સારૂં બંદર છે.

કાઠિયાવાડઃ—તેમાં ભાવનગર, જુનાગઢ, જામનગર, ગોંડળ, પોરબંદર, રાજકોટ, વગેરે નાનાં મોટાં ઘણાં રાજ્યો છે.

પાલણપુર એજન્સિમાં પાલણપુર ને રાધનપુરનાં દેશી રાજ્યો છે. આ બધાં રાજ્યો પર દેખરેખ રાખવા માટે એજંટ ટુ ધી ગવર્નર જનરલ તરીકે એક અમલદાર રાજકોટમાં રહે છે.

(૨) વડોદરા રાજ્યઃ—તેના રાજકર્તા ગાયકવાડ કહેવાય છે. મુખ્ય શહેર વડોદરામાં સરકાર તરફથી રેસીડેંટ રહે છે. તે કડી, વડોદરા, નવસારી અને અમરેલી એવા ચાર પ્રાંતોમાં છુટું છુટું વહેંચાએલું છે. કડી વિભાગમાં આવેલું સિદ્ધપુર યાત્રાનું સ્થળ છે.

મુંબઈ પરાં વિભાગ.

આપણા ઇલાકાનું મુખ્ય શહેર મુંબઇ છે. તેની વસ્તી દિન પર દિન વધતી જાય છે. હિંદુસ્તાનમાં વસ્તીમાં તે બીજે નંબરે છે. તે ઘણું સારૂં બંદર હોવાથી વેપાર પણ ઘણો છે. તે બેટ પર વસેલું છે એટલે તેનો વિસ્તાર ઘણો થોડો છે. એ કારણથી વધતી જતી વસ્તીનો સમાવેશ કરવા તેની આસપાસ ઘણાં પરાં વસેલાં છે. આ પરાં અગાઉ થાણા જીલ્લામાં ગણાતાં પણ હવે તેનો જુદો વિભાગ કરી તેને મુંબઈ પરાં વિભાગ નામ આપવામાં આવ્યું છે. આ વિભાગમાં તે પરાંઓનો એકજ જીલ્લો છે. તેના વડા અમલદાર કલેકટર છે. આ જીલ્લો અને વિભાગ મુંબઈ ઇલાકાના કોઇપણ જીલ્લા કે વિભાગ કરતાં ઘણા નાના છે.

મુખ્ય પરાંઓ:—વાંદરા, સાંતાક્રુઝ અને કુર્લા છે. આ વિભાગમાં મોટામાં મોટું શહેર વાંદરા છે. સાંતાક્રુઝમાં વસ્તી ગીચ નથી એટલે ત્યાંની હવા સારી છે. વાંદરા ને સાંતાક્રુઝ બી. બી. એન્ડ સી. આઈ રેલ્વે પરનાં અને કુર્લા જી. આઈ. પી. રેલ્વે પરનું પરૂં છે. આ પરાંમાં વસતા લોકો આગગાડી રસ્તે મુંબઈમાં આવ જા કરે છે.

મુંબઈ શહેર.

પરાં વિભાગની દક્ષિણમાં આવેલું મુંબઈ શહેર કોઇ વિભાગમાં ગણાતું નથી તેનો વહીવટ ત્યાંના કલેકટર મારફત સ્વતંત્ર રીતેજ



મુંબઈ બેટ.

ચાલે છે. તેમાં મ્યુનીસીપાલીટી, હાઈ કોર્ટ, ગવર્નર સાહે-

બની ઓફીસ અને ઉંચા ભણતર સંબંધી વહીવટ કરનાર **વિદ્યાપીઠ (યુનીવર્સીટી)** છે.

મુંબઈ શહેર બેટ પર વસેલું છે. **હિંદુસ્તાનમાં** તે પહેલા નંબરનું અને **બ્રિટિશ સામ્રાજ્યમાં** બીજા નંબરનું બંદર છે. તેનું બારૂં દુનિયામાં સારામાં સારાં બારાંઓમાંનું એક છે. તેમાં આખી દુનિયાનાં બંદરોએથી નાની મોટી ઘણી આગબોટો આવે છે. દરેક કદની આગબોટો રહી શકે માટે ઠેકાણે ઠેકાણે ૫ માઇલ જેટલા વિસ્તારમાં ડક્કા બાંધેલા છે. દેશ પરદેશથી ઘણા લોકો વેપાર કરવા અહીં આવી વસેલા છે. **હિંદુસ્તાનના** તમામ ભાગના લોકો પણ અહીં જોવામાં આવે છે. તેઓમાં **ગુજરાતીઓ** અને **દક્ષિણીઓ** મુખ્ય છે.

મુંબઇ અગાઉ નાના નાના બેટોના સમુહવાળું માછીમારોનું નાનું ગામડું હતું. પછી તે **પોર્ટુગીઝ** લોકોના તાબામાં આવ્યું. **પોર્ટુગાલના** રાજાએ પોતાની દીકરી **ઈંગ્લાંડના રાજા પહેલા ચાર્લ્સને** પરણાવી **મુંબઇ** બેટ તેને પહેરામણીમાં આપ્યો. ત્યારથી એ બેટ **ઈંગ્લાંડના** કબજામાં આવ્યો. **ચાર્લ્સ** રાજાએ આ બેટ **ઇંગ્લાંડની** એક **હિંદુસ્તાન** જોડે વેપાર કરનારી **મંડળીને (ઇસ્ટ ઈન્ડીઆ કંપનીને)** વાર્ષિક ૧૦ પૌંડ લેખે ઇજારે (ભાડે) આપ્યો. કંપનીને મળ્યા પછી તેઓએ જુદા જુદા બેટોની વચ્ચેની જમીન પૂરાવી ને તેનો વિસ્તાર વધાર્યો. **ઉમરખાડી, મજગામ, માહીમ** અને **કોલાબા** જે હાલમાં **મુંબઇના** મોટા ભાગો છે તે અગાઉ જુદા જુદા બેટ હતા. **સાષ્ટિ** બેટ અને **મુંબઈ** વચ્ચે પૂલ બાંધ્યો છે તેથી ગાડીઓની આવ જા ઠેઠ સુધી થઇ છે. એટલે ખરી રીતે તે હવે બેટ લાગતો નથી. તેમાં **મુમ્બાદેવીનું** પ્રાચીન મંદિર આવેલું હોવાથી તેનું નામ **મુંબઇ** પડયું છે.

શહેરમાં જાત જાતનાં કારખાનાં, કાપડ વણવાની ઘણી મીલો, રેલ્વે અને બંદર હોવાથી ઘણા લોકોને અહીં રોજી મળે છે. તેથી વસ્તી ઘણી છે. તેમાં સરકારી ઓફીસો, રાજાબાઈ ટાવર, વિકટોરીઆ ટર્મીનસ સ્ટેશન, મ્યુનીસીપલ ઓફિસ સંગ્રહસ્થાન, વિકટોરીઆ બાગ, ટંકશાળ, એપોલો બંદર, તાજમહાલ હોટેલ વગેરે ઘણી જગાઓ જોવા લાયક છે. શહેરમાં વિજળીની ટ્રામ અને ગાડીઓ ચાલે છે. પરાંઓમાંથી આવ જા કરવા માટે લગભગ અર્ધે અર્ધે કલાકે રેલ્વે દોડે છે.

મુંબઇ બેટ અને મુંબઈ પરાં વિભાગના કમિશનર સાહેબ આખા ઇલાકાનાં જકાત, અફીણ અને આબકારી ખાતાંનો પણ વહીવટ કરે છે.

મધ્ય વિભાગ.

મુંબઇની પૂર્વમાં આવેલો મુલક જેને આપણે કુદરતી વિભાગમાં મહારાષ્ટ્ર નામ આપેલું છે તેને મધ્ય વિભાગ કહે છે. સિંધ જીતાયા અગાઉ આજથી લગભગ સો વરસ પહેલાં મુંબઇ ઇલાકાનો જે પ્રદેશ અંગ્રેજ સરકારને પેશ્વા રાજા પાસેથી મળ્યો તેનો વહીવટ કરવા ઉત્તર, મધ્ય અને દક્ષિણ એવા ત્રણ ભાગ પાડવામાં આવ્યા. આ મુલક મધ્યમાં હોવાથી તેનું નામ મધ્ય વિભાગ પડયું. અને બાકીનાનાં નામ ઉત્તર અને દક્ષિણ વિભાગ પડયાં.

આ વિભાગની ઉત્તરે ગુજરાત ને માળવા, પૂર્વે મધ્ય પ્રાંત વરાડ ને નિઝામનું રાજ્ય, દક્ષિણે દક્ષિણ વિભાગ અને પશ્ચિમે દક્ષિણ વિભાગ ને ગુજરાત આવેલા છે.

મધ્ય વિભાગમાં પશ્ચિમે પશ્ચિમ ઘાટ આવેલો છે. જેમ જેમ પૂર્વમાં જતા જઇએ તેમ તેમ જમીન નિચાણવાળી થતી જાય છે. આ રીતે તેના ત્રણ કુદરતી ભાગ પડે છે. (૧) પશ્ચિમનો ડુંગર-

વાળો ભાગ (૨) મધ્યમાં આવેલો ટેકરીવાળો પ્રદેશ અને (૩) પૂર્વનો સપાટ પ્રદેશ. પૂર્વ ખાનદેશ જીલ્લામાં સાતપુડા પર્વતના ફાંટા છે અને એ જીલ્લાની દક્ષિણે આવેલા અર્જિન્ટા પર્વતમાં બુદ્ધની જુના વખતની ગુફાઓ છે. ઉત્તરમાં આવેલી તાપી અને નર્મદા નદીઓ ઉપરાંત ગોદાવરી ને કૃષ્ણા આ વિભાગની મુખ્ય નદીઓ છે. તે પૂર્વ તરફ વહે છે. આ સિવાય ભીમા, નીરા ને સીના નદીઓ સોલાપુર તરફ છે.

આ વિભાગની ખેડવા લાયક જમીન કાળી છે. એટલે પાક સારો થાય છે. તેમાં મુખ્યત્વે જુવાર, બાજરી, ઘઉં ને કપાસનો પાક થાય છે.

વિસ્તારમાં આ વિભાગ સિંધથી સહેજ નાનો છે. છતાં વસ્તી લગભગ સિંધ વિભાગ જેટલી છે. એ જોતાં સિંધને મુકાબલે આ વિભાગ ઘાડી વસ્તીવાળો ગણાય. આ મુલકમાં વસતા લોકો દક્ષિણી કહેવાય છે. તેઓ મરાઠી ભાષા બોલે છે. એ સિવાય ઉદ્યોગ ધંધાને માટે આવી વસેલા ગુજરાતી અને મારવાડી લોકો પોતાની ભાષા બોલે છે.

અહીંના લોકોનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. તેમાંથી રૂ, અનાજ ને તેલી બીઆંની નિકાસ થાય છે. નાશક જીલ્લામાં હાથ વણાટનું કામ થાય છે. તાંબા પિત્તળનાં વાસણો બનાવવાનો ઉદ્યોગ પુના અને નાશક જીલ્લામાં મોટા પાયા પર ચાલે છે. દક્ષિણી સ્ત્રીઓને પહેરવાની સાડીઓ બનાવવાનું કામ અહમદ નગરમાં સારૂં થાય છે.

આ વિભાગમાં જી. આઈ. પી. રેલ્વેની શાખાઓ બોરઘાટ ને થળઘાટને રસ્તે થઇ નાશક અને પુના તરફ જાય છે. રસ્તામાં આગગાડીને જવા આવવા સારૂ પહાડો કોતરી ટનલો બનાવેલા છે.

પશ્ચિમના પર્વતવાળા ભાગમાં ઘણો વરસાદ પડે છે. પણ જેમ જેમ પૂર્વમાં જતા જઇએ તેમ તેમ વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે. ઉચ્ચ પ્રદેશની હવા સમશીતોષ્ણ છે પણ પૂર્વ ભાગમાં હવા સુકી છે અને તાપ વધારે પડે છે.

રાજવ્યવસ્થા માટે આ વિભાગના સાત જીલ્લાઓ કર્યા છે. વિભાગનું મુખ્ય શહેર પુના છે. તેમાં કમિશ્નર રહે છે.

આ વિભાગના જીલ્લા, મુખ્ય શહેરો ને દેશી રાજ્યો નીચે મુજબ છે.


(૧) **પશ્ચિમ ખાનદેશ જીલ્લો**:—તેનું મુખ્ય શહેર ધુળીઆ પાંઝરા નદી પર આવેલું છે. તેમાં રૂનો વેપાર ચાલે છે.

(૨) **પૂર્વ ખાનદેશ**:—આ જીલ્લાનું મુખ્ય શહેર જળગાંવ છે. તે રેલ્વેનું જંકશન અને રૂના વેપારનું અગત્યનું મથક છે, ભુસાવળ પણ જંકશન અને વેપારનું સ્થળ છે.

(૩) **નાશક જીલ્લો**:—મુખ્ય શહેર નાશક હિંદુઓનું જાત્રાનું સ્થળ છે. તે ગોદાવરીને બંને તીરે આવેલું છે. તેમાં તાંબા પિત્તળનાં વાસણ અને મૂર્તિઓ સારી બને છે. ત્ર્યંબક ગોદાવરીના મૂળ પાસે જાત્રાનું સ્થળ છે. તેમાં સિંહસ્થના વરસમાં મોટો મેળો ભરાય છે. દેવલાલી હવા ખાવાનું ઠેકાણું છે.

(૪) **અહમદનગર જીલ્લો**:—તેનું મુખ્ય શહેર અહમદનગર છે. તેનો કિલ્લો જોવા લાયક છે.

(૫) **પુના જીલ્લો**:—મુખ્ય શહેર પુના મધ્ય વિભાગની રાજધાની છે. તેમાં મુંબઇના ગવર્નર ચોમાસામાં રહે છે. ખડકી પુનાની પાસે આવેલું છે. તેમાં લશ્કરી છાવણી છે. લોણાવલા ને ખંડાલા હવા ખાવાનાં સ્થળ છે. લોણાવલાથી થોડે દૂર કાર્લીની ગુફાઓ જોવા લાયક છે.


મુંબઈ વિભાગ
નર્મદા નદી
ગોદાવરી નદી

(૬) **સતારા જીલ્લો:**—તેના મુખ્ય શહેર સતારામાં અગાઉ મરાઠી રાજાઓનું રાજ્ય હતું. મહાબળેશ્વર હવા ખાવાનું સ્થળ છે.

(૭) **સોલાપુર જીલ્લો:**—મુખ્ય શહેર સોલાપુર છે. તેમાં કાપડ વણવાની ઘણી મીલો છે. ભીમા નદી પર આવેલું પંઢરપુર જાત્રાનું સ્થળ છે.

દેશી રાજ્યો.


મહેવાસી પરગણાં:—આ રાજ્યો તાપી અને નર્મદાની વચ્ચે પશ્ચિમ ખાનદેશ જીલ્લાના વાયવ્ય ખુણામાં આવેલાં છે. આ બધો મુલક પહાડી છે અને જંગલોથી છવાએલો છે. પશ્ચિમ ખાનદેશ જીલ્લાના કલેકટરે આ રાજ્યોની દેખરેખ રાખે છે.

સુરગણાનો મુલક:—ડાંગની દક્ષિણે છે. તે નાશકના કલેકટરની દેખરેખ તળે છે.

સતારા જાગીર:—આ જાગીરમાં ભોર, ફલટણ, ઔંધ ને અકલકોટની જાગીરો મુખ્ય છે. દક્ષિણ વિભાગમાં આવેલી જત અને ડફલાપુરની જાગીરો પણ સતારા જાગીરમાં ગણાય છે. કારણ કે એ ૭ એ સંસ્થાનો અગાઉ સતારાના રાજકર્તાના તાબામાં હતાં.

દક્ષિણ વિભાગ.

આ વિભાગ મધ્ય વિભાગની દક્ષિણે આવેલો છે. તે મુંબઈ ઈલાકાનો સૌથી દક્ષિણનો મુલક છે. તેના સહ્યાદ્રિ પર્વતને લીધે કુદરતી રીતે બે ભાગ થએલા છે. (૧) સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમમાં આવેલો દરિયા કિનારાનો મુલક કોકણ કહેવાય છે તે અને (૨) કોકણની દક્ષિણનો દરિયા કિનારાનો મુલક અને પર્વતની પૂર્વનો પ્રદેશ તે કર્ણાટક કહેવાય છે. કોકણમાં મરાઠી અને કર્ણાટકમાં કાનડી ભાષા બોલાય છે,


દક્ષિણ વિભાગ.

એ વિભાગમાં **સહ્યાદ્રિ** પર્વત ઉત્તરથી દક્ષિણ ફેલાએલો છે. **ભીમા, કૃષ્ણા** ને **તુંગભદ્રા** પૂર્વ તરફ વહેનારી મુખ્ય નદીઓ છે. પશ્ચિમમાં વહેતી નદીઓ બહુ નાની છે. તેમાં **શીરાવતી** મુખ્ય છે. એ નદીનો **ગેરસપ્પાનો** ધોધ જોવા લાયક છે.

કર્ણાટકની જમીન તેની પશ્ચિમે આવેલા **પશ્ચિમઘાટને** લીધે પહાડી છે. તેમ ઘીચ જંગલો છે. પૂર્વના સપાટ પ્રદેશમાં કેટલોક મુલક ફળદ્રુપ છે. કોકણમાં વરસાદ ઘણો પડે છે એટલે ત્યાંની હવા ભેજવાળી ને રોગિષ્ટ છે. વળી તેમાં જંગલો પણ ઘણાં છે. કર્ણાટકની હવા સમધાત છે છતાં ઉનાળામાં કેટલાક ભાગમાં ઘણો તાપ પડે છે

કોકણમાં ડાંગર પુષ્કળ થાય છે. દરિયા કિનારાના મુલકમાં **નાળીએરી** ને **સોપારીનાં** ઝાડ પુષ્કળ છે. કર્ણાટકમાં કપાસ, ઘઉં, ચણા ને **તેલી બીઆંનો** મુખ્ય પાક છે. **કોલાબામાં મીઠું** પકવવામાં આવે છે.

આ વિભાગનો ઘણો ભાગ દરિયા કિનારે છે. એટલે તેમાં હોનાવર, કારવાર, રત્નાગિરિ, **અલીબાગ** વગેરે બંદરો આવેલાં છે. તેઓનો કિનારાનાં બીજાં બંદરો સાથે વેપાર ચાલે છે.

કર્ણાટકમાં **સધર્ન મરાઠા રેલ્વે** લાઇન છે. કોકણમાં બીલકુલ રેલ્વે નથી. કારણ કે ત્યાં રેલ્વે નાખવાનું કામ બહુ મુસ્કેલ છે.

રાજ્યવ્યવસ્થા માટે દક્ષિણ વિભાગના ૭ જીલ્લા કરવામાં આવ્યા છે. તે નીચે મુજબ છે.

(૧) **વિજાપુર જીલ્લો**:—મુખ્ય શહેર **વિજાપુર** અગાઉ **મુસલમાની રાજ્યની** રાજધાની હતું. તેમાં કેટલાંક મકાનો જોવા લાયક છે. એ જીલ્લામાં વરસાદ અનિયમિત અને ઓછો છે.

(૨) **બેલગામ જીલ્લો**:—આ જીલ્લાનું મુખ્ય શહેર **બેલગામ** દક્ષિણ **વિભાગની** રાજધાની છે. તેમાં કિલ્લો ને લશ્કરી

છાવણી છે. હાથ વણાટનું કામ અહીં સારૂં થાય છે. ગોકાકની પાસે જળધોધ છે. ધોધના પાણીથી ઉત્પન્ન થતી વિજળી વડે ત્યાં એક સુતરની મીલ ચાલે છે.

(૩) ધારવાડ જીલ્લો:—મુખ્ય શહેર ધારવાડ છે. હુબળી વેપારનું મથક છે.

(૪) કાનડા જીલ્લો:—તેનું મુખ્ય શહેર કારવાર એ બંદર છે. હોનાવર એ બીજું બંદર છે. ત્યાંથી શીરાવતી નદીનો ગેરસપ્પાનો જળધોધ જોવા જવાય છે. ગોકર્ણ હિંદુઓનું યાત્રાનું સ્થળ છે.

(૫) રત્નાગિરિ જીલ્લો:—મુખ્ય પેદાશ સોપારી ને નાળીએર છે. તેનું મુખ્ય શહેર રત્નાગિરિ સારૂં બંદર નથી. માલવણ બંદર પાસે સિંહગઢનો કિલ્લો છે. વેંગુર્લા બંદર છે. તેમાં કાજુ થાય છે.

(૬) કોલાબા જીલ્લો:—મુખ્ય શહેર અલીબાગ છે. માથેરાન હવા ખાવાનું સ્થળ છે.

આમાંના પહેલા ચાર કર્ણાટકના અને છેલ્લા બે કોંકણના જીલ્લા છે.


દેશી રાજ્યો.

કોલ્હાપુર:—એના મુખ્ય શહેર કોલ્હાપુરમાં પોલીટીકલ એજંટ રહે છે.

દક્ષિણ મરાઠા જાગીર:—તેમાં સાંગલી, મીરજ, (મોટી અને નાની શાખા) કુરૂંદવાડ (મોટી અને નાની શાખા), જમખંડી રામદુર્ગ અને મુધોળનાં રાજ્યો આવેલાં છે. કોલ્હાપુરના રેસીડેન્ટ પોલીટીકલ એજંટ તેની દેખરેખ રાખે છે.

જત અને ડફલાપુરનાં રાજ્યો સતારા જાગીરમાં ગણાય છે. વિજાપુરના કલેકટર ત્યાંના પોલીટીકલ એજંટ છે.

હિંદુસ્તાન-ભોગોલિક.



સાવંતવાડી સંસ્થાનઃ—રત્નાગિરિની દક્ષિણમાં આવેલો આ મુલક ઘણો સુંદર છે.

જંજીરા સંસ્થાનઃ—રાજધાની મુરૂદ છે. ત્યાંના રાજા **સીધી** છે. એ કોલાબાના કલેકટરની દેખરેખ નીચે છે.

હિંદુસ્તાન—સામાન્ય વર્ણન.

આપણો દેશ **હિંદુસ્તાન એશિયા** ખંડનો એક ભાગ છે. તે તમે શીખી ગયાં. સામેના પૃષ્ટ પર આપેલો **હિંદુસ્તાનનો** નકશો જોશો તો જણાશે કે તેની ઉત્તરે **હિમાલય** પર્વત આવેલો છે. **હિમાલયના** પશ્ચિમ છેડા પર **હિંદુકુશ** ને **કારાકોરમ** પર્વતો આવેલા છે. પશ્ચિમે **સુલેમાન** ને **હાલા** પર્વત તથા **અરબી સમુદ્ર** આવેલા છે. દક્ષિણે **હિંદી મહાસાગર** અને પૂર્વમાં **હિંદીચીન** તથા **બંગાળાનો ઉપસાગર** છે. આ રીતે આપણો દેશ ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં પર્વતોથી તથા સમુદ્રથી કુદરતી રીતે રક્ષાએલો છે. જેમ સિંધ પ્રાંત કુદરતી રીતે પાંચ ભાગમાં વહેંચાએલો છે તેમ **હિંદુસ્તાન** પણ નીચે મુજબ જુદા જુદા કુદરતી ભાગોમાં વહેંચાએલો છે.

(૧) **ઉત્તર તરફનો પહાડી ભાગ** જુઓ. આખી સરહદ પર પર્વતો પશ્ચિમથી પૂર્વમાં ઠેઠ છેડા સુધી ગએલા છે. આ પર્વતો પર હંમેશાં બરફ રહે છે. તેથી તે પર્વતનું નામ **હિમાલય** પડયું છે. (હિમ=બરફ + આલય=ઠેકાણું) **હિમાલય** પર્વત દુનિયામાંના બધા પર્વતો કરતાં ઉંચો છે. **હિમાલયના** પશ્ચિમ છેડા પર **કારાકોરમ** ને **હિંદુકુશ** પર્વતો આવેલા છે. આ પર્વતોની દક્ષિણમાં પણ બીજા પર્વતોની હારો આવેલી છે તે **સુલેમાન** અને **કિર્થાર** પર્વતો છે. **હિમાલયના** પૂર્વ છેડા

પર આસામ ને બ્રહ્મદેશના પર્વતો ઉત્તર દક્ષિણ ફેલાયલા છે તેઓમાં પટકોઈ અને આરોકાન યોમા મુખ્ય છે. એ પર્વતો-માંથી ઇરાવદી નદી દક્ષિણમાં વહી રંગુન પાસે બંગાળાના ઉપસાગરને મળે છે. આ ભાગને આપણે હિમાલયનો પ્રદેશ કહીશું. હિમાલયમાં એક મોટું સરોવર આવેલું છે. તે માન સરોવર છે. તેમાંથી આપણી સિંધુ નદી નીકળે છે. રસ્તામાં પંજાબમાં તેને બીઆસ, સતલજ, રાવી, ચિનાબ, જેલમ વગેરે નદીઓ મળે છે. માન સરોવરમાંથી બીજી પણ એક મોટી નદી બ્રહ્મપુત્રા પૂર્વ તરફ વહે છે પછી તે આસામમાં થઇ દક્ષિણમાં બંગાળામાં વહી બંગાળી ઉપસાગરને મળે છે. ગંગા અને જમના નદીઓ પણ હિમાલયમાંથી નીકળે છે. તેઓ બંને અલ્હાબાદ પાસે ભેગી થાય છે. ત્યાંથી બંગાળામાં થઇ તે કલકત્તાથી થોડે દૂર બંગાળાના ઉપસાગરને મળે છે.

(૨) સિંધુ ગંગાનું મેદાનઃ—હિમાલય પ્રદેશની દક્ષિણે મોટું મેદાન આવેલું છે. આ મેદાનનો પશ્ચિમ છેડો તે આપણો સિંધ પ્રાંત છે. પૂર્વમાં તે ઠેઠ બંગાળા સુધી ફેલાએલું છે. આ મેદાનમાં થઇ હિંદુસ્તાનની મોટી નદીઓ વહે છે. તેઓ ઘણી ધીમેથી વહે છે અને બંને કાંઠા પર કાંપ ઠાલવે છે તેથી આ મેદાનની જમીન ઘણી રસાળ છે અને તેમાં ઘાડી વસ્તી છે. હિંદુસ્તાનનાં બધાં પ્રાચીન અને સમૃદ્ધ શહેરો આ ભાગમાં આવેલાં છે. પંજાબ, સંયુક્ત પ્રાંતો, બિહાર ને ઓરીસા તથા બંગાળા ઇલાકો આ પ્રદેશમાં આવેલા છે. આ મેદાનના પશ્ચિમ ભાગમાં સિંધુ નદી વહે છે અને પૂર્વ ભાગમાં ગંગા, જમના, શોણ, ગંડકી, કુશી, ભાગીરથી વગેરે નદીઓ વહે છે.

(૩) **દક્ષિણનો ઉંચો પ્રદેશ.** ઉપરનાં નદીનાં મેદાનોની દક્ષિણે વિંધ્યાચળ ને સાતપુડા પર્વતો પૂર્વ પશ્ચિમ ફેલાએલા છે. તેઓમાંથી **નર્મદા** ને **તાપી** નદીઓ નીકળે છે. તેઓ પશ્ચિમમાં વહી **અરબી સમુદ્રને** મળે છે. **વિંધ્યાચળ** પર્વતની ઉત્તરમાં **અરવલ્લી** પર્વત આવેલો છે તેમાંથી **ચંબલ** નદી નીકળી ઉત્તરમાં વહી **જમનાને** મળે છે. **વિંધ્યાચળ** પર્વતથી હિંદુસ્તાનના બે કુદરતી ભાગો થતા હોય તેમ લાગે છે. પર્વતની ઉત્તરમાંનો ભાગ તે **ઉત્તર હિંદુસ્તાન** અને દક્ષિણ ભાગ તે **દક્ષિણ હિંદુસ્તાન** છે.

વિંધ્યાચળની દક્ષિણનો ભાગ એટલે ઠેઠ **કન્યા કુમારી ભૂશિર** સુધીનો બધો મુલક ડુંગરાઉ હોઇ ઉંચો પ્રદેશ છે. તેની પશ્ચિમે અને પૂર્વે મોટા પર્વતો છે. પશ્ચિમના પહાડ તે **પશ્ચિમઘાટ** ને પૂર્વના પહાડો **પૂર્વઘાટ** ને નામે ઓળખાય છે. આ બંને પહાડોને દક્ષિણમાં આવેલો **નીલગીરી** પર્વત જોડી દે છે. **પશ્ચિમ ઘાટમાંથી** કેટલીક મોટી નદીઓ **પૂર્વઘાટની** ખીણોમાં થઇ **બંગાળાના ઉપસાગરને** મળે છે. તેઓમાં **ગોદાવરી, કૃષ્ણા** ને **કાવેરી** મુખ્ય છે. **ગોદાવરીની** ઉત્તરમાં **મહાનદી** છે તે ઉચ્ચ પ્રદેશના ઉત્તર ભાગ પર વહી **કટક** પાસે **બંગાળાના ઉપસાગરને** મળે છે.

(૪) **કિનારાનું મેદાન:—હિંદુસ્તાનના** પૂર્વ અને પશ્ચિમના દરિયા કિનારા પર સાંકડું મેદાન આવેલું છે. તેની પહોળાઇ કોઇ ઠેકાણે ૫૦ માઇલથી વધારે નથી, પણ પૂર્વમાં તે ફેલાઇ જઇ **ગંગાના મેદાનમાં** ભળી જાય છે. આ મેદાન પાસેના દરિયાની ઉંડાઇ ઘણી થોડી છે. મેદાનમાં **ડાંગર, નાળીએરી** ને **સોપારીનાં** ઝાડ પુષ્કળ થાય છે.

પહાડોવાળા ભાગોમાં ઠેકાણે ઠેકાણે જંગલો આવેલાં છે. તેમાં **સાગ, સીસમ, દેવદાર** અને ખાસ કરીને **હિમાલય** પર **ઓક** નામનું **ઈમારતી લાકડું** થાય છે.

હિંદુસ્તાન વિશાળ દેશ હોવાથી તેની આબોહવા સઘળે સરખી નથી. તેનો દક્ષિણ ભાગ **વિષુવવૃત્તની** નજીક છે અને દરિયા કિનારા પર આવેલો છે ત્યાં ઉનાળામાં **સખત ગરમી** પડે છે, પણ ઠંડી એટલી બધી હોતી નથી. મધ્યભાગમાં લગભગ બધે ઠેકાણે હવા **સમશીતોષ્ણ** છે પણ ઉત્તરના **હિમાલય** પ્રદેશની હવા **વિષમ** છે ને ત્યાં **ઘણી** ટાઢ પડે છે.

દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં જવા આવવા માટે ઠેકાણે ઠેકાણે રેલ્વે લાઇનો નાખેલી છે. આથી બધાં મોટાં શહેરોમાં થોડા ખરચે જલ્દી પહોંચવાની સગવડ થઇ છે. અત્યારે **હિંદુસ્તાનમાં** લગભગ ૩૦૦૦૦ માઇલની રેલ્વે છે.

હિંદુસ્તાનમાં મોટાં સરોવરો ઘણાં નથી. **માન સરોવર** ઉપરાંત **કાશ્મીરમાં વુલર** સરોવર છે. તે ઘણું રમણીય છે. **રજપુતાનામાં** આવેલ **સાંભર** સરોવરના ખારા પાણીમાંથી લાખો રૂપીઆનું **મીઠું** પકવવામાં આવે છે. **કોલર** સરોવર **મદ્રાસ** ઈલાકામાં છે.

હિંદુસ્તાનનો દરિયા કિનારો બહુ ખાંચાખુંચીવાળો નથી. પશ્ચિમ કિનારાનો દક્ષિણ ભાગ **મલબાર** કિનારો કહેવાય છે. એ કિનારાની પશ્ચિમમાં **લક્ષદ્વીપ** અને **માલદ્વીપ** નામના પરવાળાંના બનેલા **ટાપુઓ** છે. કિનારાની દક્ષિણમાં **કન્યા કુમારી ભૂશિર** આવેલી છે. ત્યાં આવેલા **મનારના** અખાતમાંથી **મોતી** નીકળે છે. તેની પાસેજ **લંકા** બેટ આવેલો છે. **હિંદુસ્તાન** અને **લંકા (સિંહલદ્વીપ)** વચ્ચે **પાકની સામુદ્રધુની** છે. પૂર્વ કિનારાના

દક્ષિણ ભાગને કોરોમાંડલ કિનારો કહે છે. આ કિનારો તદ્દન ખુલ્લો છે. તેમાં મોટાં વહાણો આવી શકતાં નથી એટલે ત્યાં સારાં બંદરો નથી.

હિંદી મહાસાગરના ફાંટા હિંદુસ્તાનના પશ્ચિમ અને પૂર્વ કિનારા પર આવેલા છે તે અનુક્રમે અરબી સમુદ્ર અને બંગાળાનો ઉપસાગર કહેવાય છે. બંગાળાના ઉપસાગરમાં આંદામાન અને નિકોબાર નામના ટાપુઓ છે. ઈરાવદી નદીના મુખ આગળ માર્તાબાનનો અખાત આવેલો છે.

કરાંચી, મુંબઇ, મદ્રાસ, કલકત્તા અને રંગુન એ મોટાં બંદરો છે. તેઓનો વેપાર દુનિયાના બધા દેશો સાથે ચાલે છે.

હિમાલય પ્રદેશના પૂર્વ ભાગમાં હિંદુસ્તાનમાં સૌથી વધારે વરસાદ પડે છે. ચેરાપુંજીમાં લગભગ ૫૦૦ ઇંચ વરસાદ વરસે છે. હિમાલયની તળેટીના દેશોમાં અને પશ્ચિમઘાટ પાસેના કિનારાના મેદાનમાં પણ પુષ્કળ વરસાદ થાય છે. પશ્ચિમઘાટની પૂર્વના ઉંચા પ્રદેશમાં તેટલો વરસાદ નથી. થર અને મારવાડનાં રેતીનાં રણોમાં ભાગ્યેજ વરસાદ આવે છે. બાકીની બધી જગાએ ઓછાવત્તો વરસાદ પડે છે.

હિંદુસ્તાનની મુખ્ય પેદાશ ઘઉં, બાજરી, જુવાર, કપાસ, ચોખા, કઠોળ અને બીજાં ધાન્ય છે. પંજાબ ને સંયુક્ત પ્રાંતોમાં ઘઉં પુષ્કળ થાય છે. પંજાબ, મધ્ય પ્રાંત, ગુજરાત, હૈદ્રાબાદ (ડેકન) અને સિંધમાં ઘઉં ને કપાસ થાય છે. ચોખાનો પાક બંગાળા, બ્રહ્મદેશ અને પશ્ચિમ કિનારાના મેદાનમાં વિશેષ છે. ડુંગરાળ જમીનમાંથી પત્થર મળે છે. પંજાબમાં સિંધવની ખાણો છે. બંગાળામાં કોલસા ને લોઢું જડે છે. અને ગોવળકોંડા (મ્હૈસુર) માં હીરાની ખાણો છે.

હિંદુસ્તાનના રહેવાસીઓનો મોટો ભાગ હિંદુ છે. હિંદુથી બીજે નંબરે **મુસલમાનની** વસ્તી છે. એ સિવાય **પારસી, યાહુદી, ખ્રીસ્તી** વગેરે લોકોની પણ વસ્તી છે. તેમાં ઘણી જુદી જુદી ભાષાઓ બોલાય છે.

લોકોનો મુખ્ય ઉદ્યોગ **ખેતી** છે. **કપાસની** નિપજવાળા દેશોમાં કપાસ લોઢવાનાં જીન અને **કાપડની મીલો** છે. હાથ વણાટનું કામ પણ કેટલેક ઠેકાણે થાય છે. **બંગાળામાં શણની** ઘણી મીલો છે. આ સિવાય નાના પાયા પર ચાલતા ઉદ્યોગો પણ ઘણા છે.

રાજ્ય વહીવટ:—આપણા દેશ પર **અંગ્રેજ સરકારનું** રાજ્ય છે. આપણા **શહેનશાહ** અને **ઈંગ્લાંડના રાજા જયોર્જ પાંચમા** લંડન શહેરમાં રહે છે. તેમના મોકલેલા અમલદારો અહીં આવી રાજ્ય કરે છે. **હિંદુસ્તાનના** સૌથી વડા અમલદાર **વાઇસરોય** કે **ગવર્નર જનરલ** છે. તેઓને મદદ કરવા એક **કારોબારી મંડળ** છે. તેના સભાસદોને સરકાર નીમે છે. કાયદા બાંધવા માટે એક વડી **ધારાસભા** અને **રાજ્ય સભા** છે. ધારાસભાના મોટા ભાગના સભાસદોને લોકો પોતામાંથી ચૂંટી કાઢે છે. આ બંને સભાઓમાં પસાર થએલા ખરડાને **વાઇસરોયની** બહાલી મળતાં તે કાયદો બને છે. **વાઇસરોય સાહેબની** દેખરેખ નીચે દરેક પ્રાંત દીઠ એકેક **ગવર્નર** અથવા **ચીફ કમીશનર** છે. તેઓના હાથ નીચે આપણા **મુંબઈ ઇલાકાની** જેમ વિભાગવાર **કમીશનરો** અને જીલ્લાવાર કલેકટરો છે.

રાજકીય ભાગ:—ખાલસા મુલકના ૧૫ વિભાગ પાડવામાં આવ્યા છે તે **બ્રિટીશ હિંદુસ્તાન** કહેવાય છે. ભાગોનાં નામ નીચે મુજબ છે.


હિંદુસ્તાન-રાજકીય.
બંગાળાનો ઉપસાગર

ગવર્નરોના તાબાના પ્રાંતો.

મુંબઇ ઈલાકો, મદ્રાસ ઈલાકો, બંગાળા ઇલાકો, બ્રહ્મદેશ, આસામ, બિહાર ને ઓરીસા, સંયુકત પ્રાંતો, પંજાબ અને મધ્યપ્રાંત.

ચીફ કમીશ્નરોના તાબાના પ્રાંતો.

વાયવ્ય સરહદનો પ્રાંત, કુર્ગ, દિલ્હી, અજમેર મ્હેરવાડા, બ્રિટિશ બલુચિસ્તાન અને આંદામાન ને નિકોબાર.

આ સિવાય હિંદુસ્તાનમાં દેશી રાજ્યો પણ ઘણાં છે. તેઓની સંખ્યા આશરે ૬૫૦ છે. દેશી રાજ્યોમાં કાશ્મિર, ભાવલપુર, પતીઆલા, મધ્ય હિંદ એજન્સિ, હૈદ્રાબાદ, મ્હેસુર, ત્રાવણકોર, કોચીન, ને વડોદરા એ મુખ્ય છે.

અંગ્રેજો સિવાય બીજી યુરોપી પ્રજાનાં પણ હિંદુસ્તાનમાં કેટલાંક સંસ્થાનો છે. તે નીચે મુજબ છે.

ફ્રેંચનાં સંસ્થાનોઃ—માહી, કારીકલ, યાનાન, ચંદ્રનગર પોંડુચરી.

પોર્ટુગીઝનાં સંસ્થાનોઃ—દીવ, દમણ, ગોવા.

મુખ્ય શહેરો.

(૧) મુંબઈ ઈલાકો.

મુંબઇઃ—મુંબઇ ઇલાકાનું મુખ્ય શહેર મોટું બંદર છે. હિંદુસ્તાનમાં આ શહેર કલકત્તાથી બીજે નંબરે છે. તેનો પરદેશ સાથે વેપાર ઘણો છે.

પુનાઃ—મુંબઈની દક્ષિણે પહાડ પર આવેલું છે. મુંબઈના ગવર્નર સાહેબ ઘણો વખત ત્યાં રહે છે

કરાંચીઃ—હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર મોટું બંદર છે.

પંજાબમાં થતો ઘઉંનો મોટો પાક આ બંદરેથી પરદેશ ચડે છે.

(૨) મદ્રાસ ઈલાકો.

મદ્રાસઃ—ઈલાકાનું મુખ્ય શહેર છે. ત્યાં બંદર નથી પણ દરિયામાં મોટી દિવાલ બાંધી પુસ્તો બનાવ્યો છે. એ પુસ્તા પર આગબોટો માલ ઉતારે છે.

મદુરા ને ત્રિચિનાપલ્લી પ્રાચીન શહેરો છે. કાલીકટ પશ્ચિમ કિનારે આવેલું શહેર છે પણ તે સારૂં બંદર નથી.

(૩) બંગાળા ઇલાકો.

કલકત્તાઃ—બંગાળા ઇલાકાનું મુખ્ય શહેર હુગલી નદી પર આવેલું છે તે હિંદુસ્તાનમાં પહેલા નંબરનું શહેર છે.

(૪) આસામ.

શિલોંગ:–આસામ પ્રાંતનું મુખ્ય શહેર છે તેમાં ચીફ કમીશનર રહે છે.

(૫) બિહાર ને ઓરીસા.

પટણા:—બિહારની રાજધાની છે. તેને અગાઉ પાટલીપુત્ર કહેતા.

કટક:—મહા નદીના મુખ આગળ આવેલું આ શહેર ઓરીસાની રાજધાની છે. તેનાથી થોડે છેટે જગન્નાથપુરી યાત્રાનું સ્થળ છે.

(૬) સંયુકત પ્રાંતો=આગ્રા ને અયોધ્યાના જોડીઆ પ્રાંતો.

અલ્હાબાદ:—ગંગા જમનાના સંગમ પર આવેલું આ રાજધાનીનું શહેર યાત્રાનું સ્થળ છે. તેને અગાઉ પ્રયાગ કહેતા.

આગ્રાઃ—તાજમહાલ અને બીજાં સુંદર મકાનો માટે જાણીતું છે

લખનોર:—વેપારને માટે નામીચું છે. તેમાં કારખાનાં ઘણાં છે.

(૭) પંજાબ.

લાહોર મુખ્ય શહેર છે. ગવર્નર સાહેબ ત્યાં રહે છે. અમૃતસર શીખ લોકોનું પવિત્ર સ્થળ છે.

(૮) દિલ્હી પ્રાંત.

દિલ્હી હિંદુસ્તાનની રાજધાની છે. તેમાં શિયાળામાં વાઇસરોય

રહે છે. ઉનાળામાં તેઓ સીમલા રહે છે. દિલ્હીમાં જુમા મસ્જીદ જોવા લાયક છે.

(૯) વાયવ્ય સરહદ પ્રાંતઃ—તેની રાજધાનીનું શહેર પેશાવર છે.

(૧૦) બ્રિટિશ બલુચિસ્તાન.

મુખ્ય શહેર કવેટા છે. તે એક મજબુત કિલ્લો છે. તેમાં લશ્કર રહે છે.

(૧૧) મધ્ય પ્રાંત.

નાગપુર એ રાજધાની છે. જબલપુર વેપારનું મથક છે.

(૧૨) કુર્ગનું મુખ્ય શહેર મર્કારા છે.

(૧૩) અજમેર ને મ્હેરવાડાઃ—રજપુસ્તાનનાં દેશી રાજ્યોની મધ્યમાં આવેલાં છે.

(૧૪) બ્રહ્મદેશ.

રાજધાનીનું શહેર રંગુન ઇરાવદીના મુખ પાસે આવેલું છે. તે સારૂં બંદર છે. ત્યાંથી પુષ્કળ ચોખા દેશાવર જાય છે.

(૧૫) આંદામાન ને નિકોબાર બેટો બંગાળાના ઉપસાગરમાં બ્રહ્મદેશની દક્ષિણે આવેલા છે. દેશનિકાલની સજા પામેલા કેદીઓને આંદામાન મોકલવામાં આવે છે.

હૈદ્રાબાદ (ડેકન) નિઝામના રાજ્યની રાજધાની છે. હિંદુસ્તાનમાં તે શહેર ચોથે નંબરે છે.

મ્હેસુરઃ—મ્હેસુર રાજ્યનું મુખ્ય શહેર છે. બેંગલોર બ્રિટિશ સરકારને તાબે છે. તેમાં ઘોડેસ્વારનું મોટું લશ્કર રહે છે.

ત્રાવણકોર રાજ્યનું મુખ્ય શહેર ત્રિવેંદ્રમ છે.

કાશ્મીરનું દેશી રાજ્ય બહુ રમણીય છે. તેની રાજધાની શ્રીનગરમાં મહારાજા રહે છે.

એ સિવાય વડોદરા, ગ્વાલીઅર, ઇંદોર, જેપુર, ઉદેપુર, જોધપુર, બિકાનેર, ભોપાળ વગેરે મોટાં દેશી રાજ્યોનાં મુખ્ય શહેરો છે.

સમાપ્ત.

OPINIONS.

I heartily congratulate Mr. V. S. Shukla for supplying the long-felt need of children studying Std. 4th in Gujarati Schools in Sind by providing this Geography. He has spared no pains in carrying out my suggestions to make the book suitable for the present requirements.

The No. of Gujarati children using this book is very limited and it is a burden on men to spend money on such publications. It is therefore my earnest desire that the Department would give every encouragement to this attempt.

Pachhegam,
(Kathiawar)
5th Feb. 1931.

Sd/ Mohanlal P. Bhatt,
Retired Gujarati Asstt.
Deputy Educational Inspector,
Karachi.

I have gone through certain portions of Mr. V. S. Shukla's 'EASY GEOGRAPHY OF SIND.' I find that the book has been written with great care and interest. Maps supply a useful want but colouring would have made the book more attractive. It is creditable that he has gathered many illustrations which will be of use and interest to teachers and helpful to boys in understanding many points which remain vague otherwise.

D/- 10-2-31.

Sd. Rewashanker S. Joshi,
N. J. High School,
Karachi.